કુમાર



પ્રેરક-સ્થાપક : રવિશંકર રાવળ

તંત્રી
બચુભાઈ રાવત


સળંગ
૩૯૪
મો અંક

વર્ષ ૩૩મું-અંક ૧૦મો

ઑક્ટોબર · ૧૯૫૬



અપ્સરા · ચિત્રકાર: કનુ દેસાઈ



કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : બાર આના

વાચકો લખે છે

અંક ૩૯૨માં ૨૯૩મે પાને 'લોકમાન્ય બાળ ગંગાધર ટિળક'ના લેખની પ્રથમ કંડિકામાં છેલ્લા ફકરામાં મહારાષ્ટ્રના કોંકણ પ્રદેશથી જે ઉલ્લેખ છે, તે વિશે મારી નમ્ર માહિતી અહીં ઉતારું છું. રખે માનતા કે હું છેલ્લી ભાષાકીય ભૂતાવળે સર્જેલી કરુણતાના ઓળામાં આવી ગયો છું. મેં મહારાષ્ટ્ર પ્રાન્તિક કૉંગ્રેસ સમિતિમાં કામ કર્યું છે, કારાવાસ પણ તેના નેજા હેઠળ જ વેઠયો છે; અને મહારાષ્ટ્ર પત્રિકા(કૉંગ્રેસ પત્રિકા)નું મેં મરાઠીમાં સુધ્ધાં સંપાદન કર્યું છે. છતાં એક ભારે ગેરસમજ દેશવ્યાપી ફેલાએલી છે, તે એ કે કોંકણને મરાઠીભાષી પ્રદેશ ને મહારાષ્ટ્રનું અંગ ઠરાવી દેવાની.



તેજસ્વી રેખાઓના આધુનિક બંગાળી કલાકાર ચિત્તપ્રસાદનાં સર્જેલાં વુડકટ ચિત્રોનો જે સમૃદ્ધ સંગ્રહ બહાર પડ્યો છે (કિંમત રૂ. ૧૫) તેમાંની આ કૃતિ બંગાળના તળપદા માટીકામની પ્રતિકૃતિ છે, જેમાં શ્યામ અને ગોપી રાધાની રોમાન્ટિક ભાવનાની અલંકારતા નહીં તે નિરાકાર રેખામાં વિશદતાથી ઉઠાવી છે.

નવેમ્બર ૧૯૫૧

ર.	.	૪	૧૧	૧૮	૨૫
સો.	.	૫	૧૨	૧૯	૨૬
મં.	.	૬	૧૩	૨૦	૨૭
બુ.	.	૭	૧૪	૨૧	૨૮
ગુ.	૧	૮	૧૫	૨૨	૨૯
શુ.	૨	૯	૧૬	૨૩	૩૦
શ.	૩	૧૦	૧૭	૨૪	.

જેમ કચ્છ ગુજરાતીભાષી કે ગુજરાત યા સૌરાષ્ટ્રનો ભાગ નથી છતાં તેનું કિસ્મત ઓછેવત્તે અંશે કોઈ ભૌગોલિક એકમ સાથે જોડાઇ શકે તો તે કેવળ ગુજરાત કે સૌરાષ્ટ્ર સાથે જ, તેવી રીતે કોંકણ પણ 'દેશ'(મહારાષ્ટ્રનું સાચું નામ)થી જોડાએલો છે; બાકી ભાષા, વેશ, ખોરાક, જીવનસંબંધી ફિલસૂફી અને સામાજિક રીતરિવાજોથી તે 'દેશ' કરતાં સાવ જુદો છે. ત્યાં મરાઠી બોધભાષા છે પણ તે જેમ કચ્છમાં ગુજરાતી બોધભાષા છે તેવી જ રીતે. બાકી જો ગોવાના ખ્રિસ્તી પાદરીઓ ધર્માંધ ન હોત, અને તેમણે ગેરખ્રિસ્તીઓ સારુ પણ જ્ઞાનમાર્ગ ખુલ્લા મૂકયા હોત, તથા લિપિ રોમનને બદલે નાગરી કે કન્નડ સ્વીકારી હોત, તો આજે કોંકણમાં મરાઠી એ જેટલી ગુજરાતીઓને જાણીતી છે, તેટલી જ બલકે તેનાથી યે ઓછી પરિચિત હોત. છત્રપતિ શિવાજી મહારાજે નિઃશસ્ત્ર કોંકણીઓ પર કોઈ જાતની લડાઈ વિના જ કબજો જમાવ્યો એ ખરું; અને 'દેશ'માં ઔરંગઝેબની પ્રચંડ સત્તાની ધાકે જીતેલા કિલ્લા કદી સાચવી શકતા નહોતા એ પણ એટલું જ સત્ય. એટલે રાયગઢ (મહાડ પાસે)માં તેમણે રાજધાની સ્થાપી; પણ તે કાયમ રહેલ નહિ. પેશ્વાઓએ પૂના અને શિવાજી મહારાજના વંશજોએ કોલ્હાપુરને જ પસંદ કર્યું. આજે પણ ઑલ ઇંડિયા રેડિયો કોંકણીનો જુદો કાર્યક્રમ આપે છે તે સ્પષ્ટ બતાવી આપે છે કે કોંકણમાં સુશિક્ષિતો સિવાય મરાઠી ભાષાનું જ્ઞાન બહુ થોડાને છે. હવે કવિ બોરકર ઇત્યાદિ પ્રભૂતિઓ નાગરીમાં કોંકણી સાહિત્ય સર્જે છે. બાકી રોમન લિપિમાં તો વિપુલ કોંકણી સાહિત્ય સર્જાએલું છે, અને તેની લાક્ષણિકતામાં છેક કરાચીથી માંડી મંગળૂર (મૅંગલોર) સુધીનું વૈવિધ્ય છે. તેનાં સર્વનામો ને કચ્છી સર્વનામો એક જ જેવાં છે. ક્રિયાપદને અંતે પણ મરાઠી સ્વરભાર નહિ પણ ગુજરાતી અને કચ્છી ભાષાના લહેકા છે. છતાં કોંકણ પ્રદેશ મહારાષ્ટ્રનો જ ભાગ બને તે સામે મારો વાંધો નથી, પણ કોંકણ પ્રદેશની વિશિષ્ટ પરિસ્થિતિ સાથે 'મુંબાઇનો પ્રશ્ન' જોડી દેવાની ચળવળિયાઓએ જે કમાલ કરી છે, તે સામે લાલબત્તી ધરવાની જરૂર જોઉં છું. જય ભારત.

(મુંબાઇ) —લક્ષ્મીદાસ દ્વા. નયેગાંધી

સપ્ટેમ્બર અંકમાં છપાએલ મારા લેખ 'કાપડ ઉપર તમારો ફોટોગ્રાફ છાપો'માં એક સરતચૂક થઈ છે. રંગ બનાવવાની બીજી રીતમાં ગરમ પાણી ૭૦ ભાગ છે તે ૯૦ ભાગ જોઇએ, અને ટ્રૅગાકાન્થ ગુંદર (૯૦=૧૦૦૦) ૧૦ ભાગ ઉમેરવાનું આવશ્યક છે.

(બોરીવલી) —અ. ના. રાવળ

આજથી ૩૫ ૪૦ વર્ષો પહેલાં સ્વ. હાજી મહમ્મદનું પ્રખ્યાત માસિક 'વીસમી સદી' ચાલતું તે ગુજરાતમાં યાદગાર અને અન્ય માસિકોનો ધ્રુવતારક બની ગયું છે. તેના અંકોમાંથી ઉત્તમોત્તમ લેખો, કાવ્યો, નાટકો વગેરે ચૂંટી કાઢી એક અભિનવ સંગ્રહ 'વીસમી સદીની રસકુંજ' બહાર પડેલો. તે પછી મને લાગે છે કે ગુજરાતનાં માસિકોમાં 'કુમાર' મોખરે છે. આંતરરાષ્ટ્રીય બાબતો, વિજ્ઞાન, ભૂગોળ, જીવનચરિત્રો, સાહસકથાઓ, માધુકરી, દરિયાઈ સાહસકથા વગેરેમાં તે અગ્રસ્થાને છે. માનવ જીવન ને સંસ્કૃતિને સ્પર્શતા લગભગ તમામ વિષયો 'કુમાર'માં હોય છે. માટે 'કુમાર'ના અત્યાર સુધીના બહાર પડેલા અંકોમાંથી જીવનચરિત્રો, નિબંધો, કાવ્યો, નાટિકાઓ, પ્રવાસ, સ્થળવર્ણનો, સંસારનાં શહેરો, સાહસ, દરિયાઈ સાહસકથાઓ, વ્યાયામ, રમતો, શિલ્પ અને સ્થાપત્યને લગતા લેખો, ફોટો, ચિત્રો, સ્કેચો, હાસ્યલેખો, ટુચકા, ચિંતનકણિકાઓ, તથા છેલ્લા પાને આવતી પહેલા કૉલમની નાનીશી ઉદ્‌બોધક વાતો વગેરેમાંથી ચૂંટી કાઢીને એક ૧૦૦૦ થી ૧૫૦૦ પૃષ્ઠનું દળદાર પુસ્તક 'રેફરન્સ' માટે 'કુમારની રસકુંજ' કે એવા કોઇ નામે તમારે બહાર પાડવું જોઈએ અને હું ધારું છું કે આ બાબત ગુજરાતની વિદ્યાર્થી આલમ, લેખકો, કવિઓ, સાહિત્યકારો, ચિત્રકારો, શિલ્પીઓ તથા હાઇસ્કૂલો, કૉલેજો, યુનિવર્સિટીઓ વગેરે જરૂર અપનાવશે, એટલું જ નહિ પણ સરકાર પણ ઉત્તેજન આપશે જ. તદુપરાંત વાચકો પણ યોગ્ય સાથ આપશે જ. ગુજરાતી જ્ઞાનકોષ તો બહાર પડે ત્યારે ખરો! 'ભગવદ્‌ગોમંડળ'ના ભાગો જોયા ત્યારે મને આ યાદ આવ્યું.

જોકે, 'કુમાર'માં આવતી જુદીજુદી લેખમાળાનાં સ્વતંત્ર પુસ્તકો પ્રસિદ્ધ કરવાનું 'કુમાર'ની વિચારણામાં છે, પણ આ ભંડાર સર્વ-સમન્વય જેવો બની રહેશે એવી મારી અંગત માન્યતા છે. ગુજરાતી સાહિત્યમાં 'રેફરન્સ' માટેનાં પુસ્તકો અલ્પ છે ત્યારે આવા સંદર્ભગ્રંથ બહાર પડે એ ઇચ્છવાયોગ્ય છે.


'બુક ઑવ નૉલેજ', 'એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા' વગેરેની દૃષ્ટિએ આપણું સાહિત્ય અલ્પ જ ગણાય. ગુજરાતી 'જ્ઞાનકોષ' બહાર પાડવાનું આપ કાંઇ ન કરી શકો?—બલકે સાહિત્યપરિષદના સભ્ય તરીકે?

(લાખાપાદર) —કૃષ્ણલાલ ર. ત્રિવેદી





↑ 'અનંત સખ્ય' (ફોટો–નરેન્દ્ર મીઠાણી) બંનેનું છે. ધરતી અને સાગરનું તો સનાતન અને નિરંતર છે જ, તેની સાથોસાથ નર અને નારીનું પણ એટલું જ સનાતન. જમણી બાજુ: ધાતુકીર્ણ ચિત્રો-(એચિંગ)ની કલાના સ્વામી રેમ્બ્રાંની એક સમર્થ કૃતિ 'ટોબિયાસના કુટુંબમાંથી દેવદૂતની વિદાય'. રેમ્બ્રાંની ૩૫૦મી જયંતી આ વર્ષે ઊજવાઈ રહી છે. તેનો પરિચય તથા અન્ય કૃતિઓ અન્યત્ર આપી છે.



'નંદ ઘર આનંદ ભયો': કૃષ્ણજન્મનો જેવો લોકભોગ્ય વિષય છે, તેવી જ લોકશૈલીની પરંપરા પર યોજેલું આ ચિત્ર સૌરાષ્ટ્રની એક ઊગતી પ્રતિભાની પ્રતીતિ કરાવે છે. આ જ વિષય(કૃષ્ણજન્મ)ની, આવી જ પેઠે લોકશૈલીએ આલેખેલી એક કૃતિ આપીને, થોડા માસ પર જેનો પરિચય કરાવ્યો હતો તે ભાઈ જ્યોતિ ભટ્ટની માફક, આના આલેખક ભાઈ ખોડીદાસ પણ ભાવનગરના જ, અને એક સામાન્ય કુટુંબમાં જન્મેલા હોઈ, જાણીતા કલાકાર શ્રી સોમાલાલ શાહના હાથ નીચે તાલીમ પામેલા છે. ચાકળા, ચંદરવા, ભીંતચિત્રો અને અન્ય કલાઓની કાઠિયાવાડની તળપદી શૈલીના અંશો અપનાવીને તેમણે એક આગવી શૈલી ઉપજાવી છે. ચોકઠાં પાડીને યોજેલાં નંદના ઘરનાં આંગણાં, ઓરડા ને અટારી-ઓ, ફૂલપાનથી પ્રફુલ્લિત વૃક્ષો, ગૃહસાધન અને ઉપસ્કરો, ઉત્સવિયાં ગોપ-ગોપીઓ અને ગાયો, તેમજ ઘર પર બેઠેલા મોર, પંખી ને વાંદરા સુદ્ધાંમાં એક વિશિષ્ટ શોભનશૈલી યોજીને આખા ચિત્રને એક ભાતીગળ ચંદરવા જેવું બનાવ્યું છે, એ દૃષ્ટિએ જોવાથી આ ચિત્રનો અંતર્ગત રસ માણવા મળશે. ('કેસૂડાં'ના સૌજન્યથી) **ચિત્રકાર: ખોડીદાસ પરમાર**

થાય છે રે મન

· ગાન ·

આજ મને તવ કંઠના ગાનનું પાન મળે એવું થાય છે રે મન;
દૂર હું તું : પ્રિય! આપણી બિચ આ ડુંગરિયાળ તે કેટલા જોજન!

મેહની શ્યામલ છાંય ઝળુંબતી રેલતી જાય રે પાવસહેલી,
કુંજ મયૂરના કલગી કેરો હિલ્લોળ કશો ટહુકાર ને કેલિ!

કોઈ દિગંત લહાય ન અંતરિયાળ લહેરાય આ મેહનાં વારિ,
નેણ ભમી ભમી ચોગમ એકલ પાંપણમાંહિ લપાય રે હારી.

માંહ્યલા મનને સોણલે તો સુણું નેપુરની તવ ઘૂઘરી ઝીણી,
આંહિ વેરાયલાં બકુલ ફૂલને કોણને ચૂલ ધરું વીણીવીણી!

જલને ઝરણ બોલતું, ફૂલથી ઝેરતું ને તો ય વિજન છે વન!
આજ મને તવ કંઠના ગાનનું પાન મળે એવું થાય છે રે મન.

રાજેન્દ્ર શાહ

વાર્ધક્ય

· વસંતતિલકા ·

વાર્ધક્ય હો શરદના ઘન શું કૃતાર્થ,
ને હો શરત્કૃષિ સમું પરિણામ રમ્ય,
એ બોખલા વદન પે પણ હો સ્મિતાભા
સંતોષની, જયમ નિદાઘદિનાંત સંધ્યા.

વાધેલ હો વડતણી વડવાઇઓ શી
ધીંગી કબીરવડ જેવી કુટુંબકુંજ,
ત્યાં મધ્યમાં જ પરિવારથી વીંટળાઈ
સોહંત મુખ્ય થડ શા મહિમાથી યુક્ત.

ઠેસે ધીમા હીંચત આરૂઢ હીંચકાએ,
કે આંગણે તરુતલે ઢળી ખાટપાટે,
વાગોળતાં રસથી ભૂતની દ્રાક્ષલૂમ,
સાંજે કથાશ્રવણ, મંદિર દેવદર્શ.

વાળુ કરી તૃતીય પેઢી શું ગોઠ માંડી
વિવાવતા શરદ સો : ચહું વૃદ્ધ, દેશે.

ઉશનસ્

શરદ

· અનુષ્ટુપ ·

શિશિરે ઠરતું, પાછું વસંતે જાગતું મન,
વર્ષાએ ચડતું હેલે, થતું એ શરદે લીન!

મુગ્ધાના મન શી મીઠી સવારો ઊગતી હવે,
સાંજની સરતી શોભા સ્વપ્નના સ્મિત શી દીસે!

આકાશે સાચવી રાખી હતી ક્યાં આટલી બધી
સૌમ્યતા, રમ્યતા શીળી અદ્ય અવધિ ગોપવી?

દિનની ભૂખરી છાયા રાત્રિ ઉડાડી મૂકતી,
કા'નના મુખથી જાણે યશોદા માટી લૂછતી!

ચન્દ્રની ચારુતાની આ ઋતુમાં હદ ના રહે,
કિરણે કિરણે જાણે પ્રીતિની કવિતા વહે!

આદાર્ય આભનું આવું જોયું છે ના અનર્ગળ!
ચાંદની વરસાવે કે વર્ષે વૈભવનું જળ!

ઓઢાડી છેડલો ચન્દ્રી પોઢાડે, કિન્તુ તારલા
હઠીલાં શિશુના જેવા કેમે ના ઊંઘતા જરા!

શારદી પૂર્ણિમાની આ જામતી રાત જ્યાં વહે,
શશાંને ભેટવા હૈયું અબ્ધિ શું ઊછળી રહે!

હેમન્ત દેસાઈ

નૈયા

· મિશ્ર ·

જાણી શકું હું બસ એ પહેલાં
સરી ગયું શૈશવ (સ્વપ્ન જેમ);
ને પ્રીત તારી નવયૌવને હું
માણું ન માણું બસ એ પહેલાં
સરી ગયો તું; શકી પાંગરી ના
મિલાપ કેરી મધુરી ક્ષણો એ.

જ્યાં જિંદગીનું ન રહ્યું પ્રયોજન
ત્યાં શા તરંગો, નવયૌવને શું!
જુદાઈ કેરે તટ નાંગરી છે
નૈયા અરે આ મમ જિંદગીની;
એને હવે સાગર ખૂંદવો ના;
કે ભીંજવી ના જલછાલકો યે
એને શકે; એ ફસડાઈ જાશે
વિષાદ કેરી બસ રેતમાં જ!

સુરેશ દલાલ

ત્યાગ

· મિશ્ર ·

આ જિંદગીના લઘુ કોડિયામાં
છે તેલ ને વાટ શરીર-બુદ્ધિનાં
રે તો ય જો 'સર્વ જલાવી તેજનાં
બે રશ્મિ યે વિશ્વ મહીં વહાવવાં—'
એ ત્યાગભાવી ચિનગારી ન્હોય
તો વ્યર્થ સૌ...જીવન અંધકાર!

ગીતા પરીખ

મારા મહીં આત્મા તણા સૌંદર્યના વિશ્વાસને ખોતો નથી,
તેથી જ તો હાથે કરી હું કાચમાં જોતો નથી!

તનસુખ ઓઝા

રેમ્બ્રાં

ઘનઘેરી છાયામાં આછેરા પ્રકાશની કરામતથી નિગૂઢ ચેતનાને રમતી કરી બતાવનાર, છાયાપ્રકાશનો કીમિયાગર કલાકાર અને ધાતુકીર્ણ-ચિત્રોની કલાનો સ્વામી

જે ની સા ડા ત્ર ણ સો મી જ યં તી જ ગ ત ભ ર માં આ વ ર્ષે ઊ જ વા ઈ

માત્ર યુરોપના જ નહિ પણ જગતભરના કલાકારોમાં એક આગવી શૈલીના મહાન તસ્વીરકાર તરીકે અને દૃશ્ય સૃષ્ટિને સૂક્ષ્મ તથા સમર્થપણે રજૂ કરનાર કલાકાર તરીકે સૈકાઓથી ખ્યાતનામ થએલા ડચ કલાકાર રેમ્બ્રાં(Rembrandt)ની કીર્તિ, આજે(ગયા જુલાઈમાં)એની સાડાત્રણસોમી જયંતી જગતમાં ઊજવાયછે ત્યારે પણ,એટલી જ ઉજ્જ્વલ ને અક્ષુણ્ણ રહી છે. રેખા, શૈલી અને વિષયનિરૂપણ એ ત્રણે રૂપે તો કલાને ક્ષેત્રે એનું પ્રદાન મહાન છે જ; પણ ઉપરાંત 'છાયા-પ્રકાશની અજબ રમત બતાવનાર' તરીકેની તેની વિશિષ્ટતા તો જગતખ્યાત થઇ ગઇ છે. છાયામય પાર્શ્વભૂમિકામા પ્રકાશનો એકાદ કણ પ્રવેશીને સમગ્ર દૃશ્યને ભાવાન્વિત ચેતનવંતો બનાવી મૂકે એવી એક અભિનવ નિરૂપણ-શૈલીની તેણે શરૂઆત કરી; અને તેનું અનુસરણ માત્ર ચિત્રકલાના ક્ષેત્રમાં જ નહિ, પણ સૈકાઉતાર છેક આજની ફોટોગ્રાફીની કલામાં પણ 'રેમ્બ્રાં શૈલી' તરીકે થાય છે. 'એકાદ અલ્પ-ખૂલી બારીમાંથી ઓરડાની વસ્તુઓને સ્પષ્ટ-અર્ધસ્પષ્ટ કરતો પ્રકાશ પડે, છાપરાની વા-બારીમાંથી આવતું પ્રકાશનું કિરણ કોઇ પદાર્થ ઉપર પડીને તેને અંધકારમાં ઉઠાવ આપે, ગાઢા અંધારામાં દીવાની નાની જ્યોતે એકાદ ચહેરો ખીલી ઊઠે, કે અંધારી પરસાળમાંની એકલદોકલ રોશની હેઠળ કોઇ માનવ-આકૃતિ ઊભેલી દેખાય, ત્યારે ઘન અંધકારમાં નાનાસરખા પ્રકાશનો પ્રવેશ પણ એ દૃશ્ય, પદાર્થ કે વ્યક્તિને જે નિગૂઢ ચેતનાથી ઉઠાવ આપે એ ચેતનાને—એ સજીવતાને આલેખવાની શૈલી રેમ્બ્રાંએ સૌપ્રથમ અવતારી. એની પહેલાં કોઇએ પ્રકાશના આવા પ્રકારનો અસરકારક ઉપયોગ કરી બતાવ્યો ન હતો. પ્રકાશની આ શક્તિથી માનવ ઊર્મિઓને ચિત્રમાં તરવરતી કરવામાં અને ચારિત્ર્યને ઉઠાવ આપવામાં રેમ્બ્રાં આજ સુધી અનન્ય રહ્યો છે.'



પોતે જાહોજલાલીની ટોચે હતો ત્યારે રેમ્બ્રાંએ કરેલી પોતાની આ 'આપ-તસ્વીર' એણે પોતાની જાતનાં કરેલાં ધાતુકીર્ણ ચિત્રો(એચિંગ)માં સર્વશ્રેષ્ઠ કૃતિ મનાય છે.

રેમ્બ્રાંની કલાના વિષયો મોટે ભાગે માનવો છે,—જોકે એણે કુદરતની વિરાટતા ને વિલોલતાને હૃદ્‌ગત કરાવનારાં દૃશ્યોની ચિત્રણામાં પણ નામ કાઢ્યું છે. પરંતુ માનવપાત્રો અને તસ્વીર-આલેખનમાં તેની અભિનવતા બેનમૂન છે. જાતે આલેખેલી પોતાની તસ્વીરો—'ખુદ છબિઓ' પણ તેના જેટલી જગતના કોઈ કલાકારે આલેખી નથી; અને એટલી જ વિપુલતા અન્ય વ્યક્તિઓની છબિઓની રહી છે. એના જમાનાના શ્રીમંતો, ઠાકોરો ને કલાપ્રશંસકો એની પાસે તસ્વીર ચિતરાવવાનો આગ્રહ રાખતા. (અને એમાંથી એને ધન પણ સારું મળ્યું.) એ ઉપરાંત સામાન્ય માનવીનાં એનાં આલેખનો પણ ભાવાન્વિતપણાથી ભરપૂર છે. બાઈબલના પ્રસંગોની એની ચિત્રમાળાઓમાંનાં પાત્રો એના જ સમયનાં સામાન્ય અને દુ:ખી દલિત જનોથી અનુકંપિત થએલી કલમનાં સર્જનો છે. તેમાં યે એનાં યહૂદી પાત્રોની આબેહૂબતા તો બેનમૂન છે. માનવ-ઊર્મિઓની અભિવ્યક્તિમાં તે આટલું બળ ઉતારી શક્યો તેનું એક કારણ એ હતું કે એ પોતે તીવ્ર લાગણીવાળો ઊર્મિપ્રચુર આદમી હતો. તેની સાથે એની તીવ્ર નિરીક્ષણશક્તિ અને તીવ્ર આલેખનશક્તિ ભળી; અને એ ત્રિવિધ તીવ્રતાએ સર્જેલી એની કૃતિઓ આજે જગતભરના કલાકારોમાં માગ મુકાવી રહી છે.

ગાઢ ઘેરી રંગાવટવાળાં ૬૦૦ જેટલાં તૈલરંગી



ચિત્રો ઉપરાંત તેણે કરેલાં અસંખ્ય રેખા-ચિત્રો અને ખાસ કરીને તો ૧૫૦૦ જેટલાં ધાતુશીર્ણ ચિત્રો(એચિંગ) આજે દુનિયાના ખાનગી તેમજ જાહેર કલાસંગ્રહોમાં સચવાએલાં પડ્યાં છે. પ્રચુર કલ્પના ને સૌન્દર્ય-દર્શનનાં પ્રતીક સમાં એ ચિત્રો દુનિયાનો મોંઘો કલાવારસો છે.

← ડાબી બાજુઃ રેમ્બ્રાંની તરૂણવયની પહેલ-વહેલી મળી શકતી આપ-તસ્વીર; જમણી બાજુઃ એની વૃદ્ધાવસ્થાની છેલ્લી આપ-તસ્વીર



જગતના એક અનન્ય એવા એ કલાકાર રેમ્બ્રાં હરમિન્ઝ વાન રિનનો જન્મ હૉલંડના લાઈડન નામે ધંધાથી ધીકતા નગરમાં ઈ. ૧૬૦૬ની ૧૫મી જુલાઇએ માનમોભો ધરાવતા મધ્યમ વર્ગના સુખી કુટુંબમાં થયો હતો. એ નગર પાસે સુંદર વળાંક લઇને વહેતી હ્રાઈન નદીને કાંઠે તેના પિતા હરમિન્ઝ ગેરિટ્ઝની અનાજ દળવાની મોટી પવનચક્કી ચાલતી. રેમ્બ્રાંના નામમાં છેલ્લે આવતા શબ્દો 'વાન રિન' એ 'હ્રાઈન-મિલ' પરથી જ આવેલા છે. તેની માતા પણ એક સાધન-સંપન્ન ભઠિયારાની પુત્રી હતી. સાત ભાંડુઓમાં સૌથી નાના રેમ્બ્રાંનો એક ભાઈ વિલ્હેમ પાલિત પુત્ર હતો. એક બીજો ભાઈ આન્દ્રીઆ મોચીનો ધંધો કરતો અને પાછળથી તે પિતાની મિલનો માલિક બનેલો. આમ ચિત્રકાર રેમ્બ્રાંનો ઉછેર સાદા પણ અનુકૂળ સંયોગોમાં થયો હતો. તેણે કરેલી તેના પિતાની તસ્વીરો પરથી લાગે છે કે તે દેખાવમાં કંઈક કરડો હતો; પણ તેની મા ઘણી માયાળુ અને ભાવુક સ્ત્રી હતી. રેમ્બ્રાંએ તેને પુત્રભક્તિથી વારંવાર ચિત્રસ્થ કરી છે. તેની બહેન એલિઝાબેથ પણ ઘણી વાર તેની પાસે ચિત્ર દોરાવવા બેસતી.

આર્થિક સ્થિતિ સુખી હોવાથી આ નાનો પુત્ર તો ખૂબ ભણી-ગણીને વકીલ થાય એવી માબાપની તીવ્ર ઇચ્છા હોવાથી તેમણે તેને લાટિન સ્કૂલમાં દાખલ કર્યો. પરંતુ તેણે વધુ અભ્યાસ કર્યો હોય એવું જણાતું નથી. બાર વર્ષની વયથી જ તેની નોટો તરેહતરેહનાં આલેખનોથી ઊભરાવા લાગી. આથી સૌને થયું કે ભણતરમાં એને બહુ રસ નહિ પડે. અંતે તે પોતે પણ ચિત્રો દોરવા પ્રત્યે જ સતત રહેતાં પોતાનાં આકર્ષણ ને રસ પિતાને સમજાવી શક્યો. આથી તેણે તેને કલાધામ ઇટાલીમાં થોડો સમય ગાળી આવેલા જૅકબ વાન સ્વાનેનબર્ગ નામના ચિત્રકારના હાથ નીચે મૂક્યો. રેમ્બ્રાં તેની સાથે ૧૬૨૩ સુધી (ત્રણ



રેમ્બ્રાંના પિતા: ૧૬૩૦ની કૃતિ



રેમ્બ્રાંની માતા: ૧૬૩૯ની કૃતિ



રેમ્બ્રાંની બહેન: ૧૬૩૩ની કૃતિ



રેમ્બ્રાંની પત્ની સાસ્કિયા (૧૬૩૯)



બિછાનામાંથી ડોકિયું (રેમ્બ્રાની બીજી જીવનસંગિની સ્ટૉફેલ્સનું ચિત્ર)



સ્ટૉફેલ્સની તસ્વીર

વર્ષ) રહ્યો. તે પછી રોમમાં વર્ષો સુધી ચિત્રકામ કરી આવનાર, પીટર લાસ્ટમન પાસે શીખવા માટે તેને આમ્સ્ટરડામ મોકલ્યો. લાસ્ટમન પાસે તે માત્ર છ માસ રહ્યો, પરંતુ તેની કલાના ઘડતર માટે આ સંપર્ક અતિ મહત્ત્વનો નીવડ્યો. લાસ્ટમન એ વેળા હૉલન્ડનો સૌથી વધુ પ્રખ્યાત કળાકાર હતો, અને રેમ્બ્રાંની શરૂની ચિત્રકૃતિઓમાં તેની પ્રબળ અસર દેખાય છે.

સત્તરમા સૈકાનું હૉલૅંડ ત્યારે દુનિયાભરના વહાણવટામાં અગ્રણી ગણાતું અને વેપાર તથા સમૃદ્ધિથી ઊભરાતું. આથી સારા ચિત્રકારોની ત્યાં કદર થતી અને ઘણા શક્તિશાળી ચિત્રકારો ત્યાં વસતા. એમની વચ્ચે પણ, માત્ર સોળ વર્ષની વયના આ તરુણે પોતાના કામથી ઠીક નામના મેળવી. એ સમયે દરેક કળાકાર માટે લગભગ ફૅશન જેવી થઈ ગએલી ઇટાલીની સફરે પણ તે ગયો નહિ, પરંતુ લાઈડનમાં જ રહીને સ્વતંત્રરીતે પોતાની કળાને તેણે એટલા તો આત્મવિશ્વાસ ને ઉદ્યમથી વિકસાવવા માંડી કે અંતે જગતના અગ્રણી ચિત્રકારોની તોલે આવે એવાં ચિત્રો તેણે સર્જ્યાં. લાઇડન-વાસ દરમ્યાનનાં તેનાં ચિત્રો વિષે વધુ માહિતી મળતી નથી. જે મળે છે તેમાં ૧૬૨૬માં આલેખાએલાં


↓રેમ્બ્રાંનાં કોરેલાં બે વિખ્યાત એચિંગ–ડાબી બાજુ: 'અબ્રાહમનો બલિ' એ 'જૂના કરાર'માંના કથા-પ્રસંગનું 'એચિંગ' (આ જ પ્રસંગનું બીજું ચિત્ર આ અંકમાં અન્યત્ર આર્ટ પ્લેટ પર આપેલું છે.) જમણી બાજુ: પશ્ચાત્તાપ કરી પાછા ફરેલા પુત્ર 'પ્રૉડિગલ સન'ની બાઇબલની કથાનું ચિત્ર






'બૅલામ ને તેનો ગધેડો' અને 'મંદિરમાંથી નાણાંવટીઓને હાંકી કાઢતો ઈસુ' વગેરે ચિત્રોનો સમાવેશ થાય છે. ત્યાર પછીનાં વર્ષોમાં તો ધાર્મિક વિષય પરનાં ઘણાં એચિંગો ને તસ્વીરો તેણે કર્યાં, જેમાં પ્રકાશછાયાનો તીવ્ર વિભેદ ઉઠાવ્યો છે.

લાઈડનમાં રહ્યેરહ્યે જ જોતજોતાંમાં તે કળાકાર તરીકે પ્રસિદ્ધ થઇ ગયો. કલાર્થી વિદ્યાર્થીઓ તો તેની આસપાસ ટોળે ઊભરાતા અને કલા-પ્રવૃત્તિના કેન્દ્ર ગણાતા પાટનગર આમ્સ્ટરડામથી પણ અનેક તસ્વીરચિત્રો કરવાનાં આમંત્રણો હવે તેને મળવા લાગ્યાં. અંતે ઈ. ૧૬૩૧ના ઉત્તરાર્ધમાં તે જાતે જ આમ્સ્ટરડામ જઈ વસ્યો. તે પહેલાં તે જ્યારે જ્યારે કામ પ્રસંગે ત્યાં જતો ત્યારે કલાકૃતિઓના જાણીતા વ્યાપારી હેન્ડ્રિક વાન ઉઇલેનબર્ગને ત્યાં ઊતરતો. તેની ભવિષ્યની પત્ની (અને તેના યજમાનની સંબંધી) સાસ્કિયાનો તેને એ દરમ્યાન પરિચય થયો. ૧૬૩૩નાં તેનાં ચિત્રોમાં એ સાસ્કિયાએ પ્રથમ વાર દેખા દીધી, અને પછી ૧૬૩૪માં તેઓ બંને પરણ્યાં. લ્યુવારડેન ગામના ધનવાન અને મોભાદાર નગરન્યાયાધીશની એ પુત્રી હતી, ને રેમ્બ્રાંએ દોરેલાં તેનાં ચિત્રો પરથી જણાય છે કે તે આકર્ષક અને માયાળુ હતી.



તસ્વીરો જેટલી જ ઉત્કૃષ્ટ નિસર્ગચિત્રો ઉપર પણ રેમ્બ્રાંની કાબેલિયતની પ્રતીતિ કરાવતું ચાતુર્યપૂર્ણ ચિત્ર (એચિંગ): 'ઓમવેલને તીરે'. ઓમવેલ એ 'આમ્સ્ટેલ' નદીનો એક સુંદર વળાંક છે. એ 'આમ્સ્ટેલ' નદીના તીરપ્રદેશ ઉપર જ હૉલંડનું પાટનગર આમ્સ્ટરડામ બાંધવામાં આવ્યું છે.



હાગર અને ઈશ્માએલને હાંકી કાઢતો અબ્રાહમ (૧૬૩૭) · રેમ્બ્રાંનાં એચિંગમાં રેખાનું સામર્થ્ય અને વિષયનું સંયોજન જે ઉત્કૃષ્ટ કોટિ દાખવે છે તેનો એક સુંદર નમૂનો

તે મોટો દાયજો અને રહેવા માટે સરસ ઘર લઇને આવી, અને તેણે રેમ્બ્રાંના જીવનને સુખ અને પ્રેરણાથી ભરી દીધું. પોતાના પતિની કલાની અધિષ્ઠાત્રી બનીને તે રહી અને રેમ્બ્રાંએ પણ પોતાની એ પ્રિયતમાના અનેક ચિત્રો દોર્યાં. તેની પ્રેરણાથી રેમ્બ્રાંના ચિત્રોમાં અનેરી ઝલક આવી.

રેમ્બ્રાં આમ્સ્ટરડામમાં હજી પૂરો સ્થિર પણ નહોતો થયો ત્યા તો તસ્વીરો કરવાના આમંત્રણોના તેને ત્યાં ધસારો થવા લાગ્યા. પ્રતિષ્ઠા અને પૈસા બંને એને મળવા લાગ્યાં અને જોતજોતાંમાં એની જાહોજલાલી પણ વધી ગઈ. તસ્વીરચિત્રો ઉપરાંત સમૂહચિત્રો અને કલાકૃતિઓ માટેનાં આમંત્રણ પણ એને મળવા લાગ્યાં. ૧૬૩૨માં આમ્સ્ટરડામના સર્જનોએ પોતાના સભાગૃહ માટે 'શરીરરચનાના પાઠ' પરનું એક ચિત્ર ચીતરી આપવાનું તેને કહ્યું. એમાં એક અરધા ચીરેલા શબની આજુબાજુ વીંટળાએલા દાક્તરોના સમૂહને ચીતરવાના કઠિન કોયડાને જે તેજસ્વી રચના દ્વારા તેણે ઉકેલ્યો તે તેના સિદ્ધ કલાકૌશલની પ્રતીતિ કરાવે છે. પ્રકાશ દશ્યની સીધી રેખામાં વહ્યો જાય છે અને ચિત્રના સૌથી કાળા ભાગોને પણ ઉજાળી જાય છે. અત્યાર સુધી શરીરરચનાશાસ્ત્રમાં કળા માત્ર તસ્વીરોની નિર્જીવ હારમાળા પૂરતી જ મર્યાદિત હતી. રેમ્બ્રાંએ તેમાં પ્રાણ પૂરી રોગનિદાનશાસ્ત્રને કળાનું એક સનાતન સ્મારક બક્ષ્યું. આ ઉપરાંત આમ્સ્ટરડામના અનેક સંભાવિત લોકોની તસ્વીરો તેણે ચીતરી છે. આવી એક એક તસ્વીર માટે તેને ૫૦૦ ગિલ્ડર મળતા, જે રકમ એ સમયના નાણાધોરણ પ્રમાણે તો નાદર ગણાતી.

કલાક્ષેત્રે જે જાતનો વિજય તે ઇચ્છતો હતો તે હવે તેને મળી ચૂક્યો. તેણે ભગવાન ઈસુ ખ્રિસ્તના જીવનપ્રસંગનાં ચિત્રોની એક હારમાળા તૈયાર કરી, જે સર્વ હાલ મ્યુનિચના કલાસંગ્રહમાં છે. આ સૌમાં 'એન્ટોમ્બમેન્ટ' (ભૂમિદાહ) અને 'રીસરેક્શન'(મોક્ષગતિ)ને રેમ્બ્રાં પોતે સૌથી સફલ લેખતો.

હવે રેમ્બ્રાંએ દશ્યચિત્રો પર હાથ અજમાવવા માંડ્યો. આ કાળનાં તેનાં દશ્યચિત્રો તદ્દન અવાસ્તવિક–તરંગાદ્ભૂત મકાનો, ધોધ ને જંગલવર વૃક્ષોથી ભરચક છે. પાછળથી તેનાં દશ્યચિત્રોનું સંયોજન વધારે સાદું ને તૃપ્તિકર તથા પ્રકાશ વધુ સ્નિગ્ધ ને વિસ્તૃત જણાય છે.

લગભગ ઈ. ૧૬૪૧માં આમ્સ્ટરડામના સિવિક ગાર્ડે પોતાને માટે કૅપ્ટન ફ્રાન્ઝ કૉકના આદેશથી 'પરેડ પર જતી ટુકડી'નું એક જંગી ચિત્ર બનાવી આપવાનું રેમ્બ્રાંને કહ્યું. આ ચિત્ર પાછળથી 'નાઇટ વૉચ'ને નામે પ્રખ્યાત થયું. એની ચિત્રરચના વિષે કલાકારને પૂરી છૂટ આપવામાં આવી હતી. પરંતુ તે જે રીતે સર્જાયું તે સિવિક ગાર્ડોને પૂરતો સંતોષ આપી શક્યું નહિ; કેમકે ચિત્રમાં કૅપ્ટન કૉક અને બીજાં એકબે પાત્રો સિવાય બાકીનાં પાત્રોનાં હૂબહૂ આલેખન ન હતાં. પરંતુ વસ્તુતઃ રેમ્બ્રાંને મન તો ચિત્રનું મહત્ત્વ દરેક પાત્રની તસ્વીરમાં નહિ પણ વિષયસમસ્તનાં ક્રિયા અને પ્રકાશની લીલાના સંયોજનમાં વસ્યું હતું.

આ ગાળાનાં બીજાં ચિત્રો સંયોજનમાં વધારે ચડિયાતાં છે. તેમાં ખ્રિસ્તી ધર્મકથાઓના વિષયો ભાવમાં સૌમ્ય ને રંગરચનામાં હૂંફાળા

↓ નીચે: રેમ્બ્રાંના પુત્ર ટીટસ





આ વર્ષે ઊજવાએલી રેમ્બ્રાંની જયંતીના સ્મરણમાં હાલંડે કાઢેલી પાંચ ટિકિટો ઉપર રેમ્બ્રાંની કરેલી પાંચ નામાંકિત એચિંગ-તસ્વીરો

પ્રકાશવાળા છે. જોકે હવેની તેની તસ્વીરો આંખ પર કામણ કરતી નથી. તેનાં પાત્રો આરામથી ઊભેલાં કે બેઠેલાં જોવામાં આવે છે અને પ્રકાશ-રચના શીળી હોવા છતાં સંયોજન ધીંગું જણાય છે.

રેમ્બ્રાંએ 'નાઇટ વૉચ'નું ચિત્ર પૂરું કર્યું તે જ સમયમાં, ઈ.૧૬૪૨માં આઠ વર્ષના મધુર લગ્નજીવન બાદ સાસ્કિયા ક્ષયથી મૃત્યુ પામી. એની સાથે જીવનમાં જોકે ઘણી વાર મતભેદો ઊભા થતા, છતાં એકંદરે તેણે રેમ્બ્રાંના જીવનને સુખ અને પ્રેરણાથી ભરી દીધું હતું. તેના જવાથી રેમ્બ્રાંના જીવનમાં કરુણ ઉદાસીનતા પ્રવેશી. તેની અસર એનાં ચિત્રો-માં પણ પડી છે. એનાં છાયાપ્રકાશ હવે સદ્-અસદ્ તત્ત્વોનાં પ્રતીક સમાં બની રહે છે. ઝાંખા પ્રકાશવાળી ઓરડીમાં બેઠેલા ફિલસૂફ જેવાં ઘણાં ચિત્રો હવે તેણે દોર્યાં. સાસ્કિયા માત્ર એક જ પુત્ર-સંતાન ટીટસ મૂકી ગઈ હતી. બીજાં ત્રણ સંતાન જન્મીને તરત ગુજરી ગએલાં. ટીટસ-ની શુશ્રૂષા ને ઉછેર કરતી નર્સ, હેન્ડ્રિક્જે સ્ટૉફેલ્સ નામની એક નવી તરુણ કામવાળી બાઇ આવી ત્યાં સુધી યથાશક્ય રેમ્બ્રાંનું ઘરકામ પણ સંભાળ્યું. થોડા જ વખત બાદ એ સ્ટૉફેલ્સ રેમ્બ્રાંની જીવનસંગિની બની-ને તેની આખી જિંદગીની લીલીસૂકીમાં તેને પડખે જ રહી. રેમ્બ્રાં તેની સાથે જાહેર લગ્ન તો ન કરી શક્યો, કેમકે તેમ કરવા જતા સાસ્કિયાના વસીહતનામા પ્રમાણે તેના દાયજાની બધી મિલ્કત (લગભગ ૪૦,૦૦૦ ફ્લૉરિન) તેણે ટીટસને આપી દેવી પડે તેમ હતું.

સાસ્કિયાના અવસાન બાદ લગભગ એક દાયકા સુધી રેમ્બ્રાંએ જે સર્જનો કર્યાં તે ગુણવત્તા તેમજ સંખ્યામાં એટલાં તો ચડી ગયાં કે દુનિયાભરમાં તેની નામના થઈ, અને દેશપરદેશથી તેનાં ચિત્રોની નકલો માટે મોટી કિંમતે માંગ આવવા લાગી. તેમા પણ ધાતુનાં પતરાં પર બારીક ને મુલાયમ હાથે કોરેલાં એચિંગ (ધાતુકીર્ણ ચિત્રો)ની છાપોની ઉત્કૃષ્ટતાએ તો અવધિ કરી. આમ ધંધામાં સારો તડાકો પડતાં રેમ્બ્રાંએ પુરાણી કલાત્મક વસ્તુઓનો સંગ્રહ કરવા માંડ્યો, જેમાં પુરાણાં બખ્તરો, શિરટોપો, હથિયારો, ગ્રીક શિલ્પો, પૂર્વ તરફના પોશાકો, તલવારો, કટારો અને ઇટાલિયન હિંદી તથા જાપાની ચિત્રો વગેરે હતાં. આવી ચીજોની તે છુટ્ટે હાથે એવી મોંમાગી કિંમત આપી દેતો કે જોનારા મોંમાં આંગળાં નાખી જતા; અને કોઈ તે વિષે ટીકા કરતું તો કહેતો કે કલાની વસ્તુની તો સૌએ કદર કરવી જોઇએ.

પણ પચાસ વરસની ઊતરતી ઉંમરે એનું દિનમાન ફર્યું. છતાં એ પલટાતી આર્થિક સ્થિતિની તેણે દરકાર કરી નહિ અને છુટ્ટે હાથે ખર્ચ કરતો જ ગયો. ઈ. ૧૬૩૯થી તે સેન્ટ ઍન્થની શેરીમાં એક વિશાળ મકાન ખરીદી ત્યાં રહેતો હતો, પણ તેનાં નાણાં તે કદી ભરપાઈ કરી શક્યો નહિ. સાંપડેલી વિપુલ આમદાનીને નિરંકુશપણે વેડફી નાખ્યા પછી, જ્યારે તેની આવક ઘટવા માંડી ત્યારે જેનાજેના ઉપકાર તળે પોતે આવ્યો હતો તેમની પાસે મદદ માટે જતાં સ્વાભાવિકરીતે જ તેનો પગ ઊપડ્યો નહિ. અંતે લેણદારો અધીરા થઈ ઊઠ્યા. ૧૬૫૬માં દેવાની રકમ ભરપાઈ કરવાની મુદતમાં મહેતલ મેળવવા માટે તેણે અરજી કરી. છેવટે તે નાદાર જાહેર કરાયો અને ૧૬૫૭માં તેનું સુંદર વિશાળ મકાન અને બહુમૂલો કલાસંગ્રહ હરાજીમાં વેચાયાં. કરુણતા તો એ હતી કે એક તસ્વીરના ૫૦૦ ગિલ્ડર લેનાર કળાકારને એના એ બહુ-મૂલ કલાસંગ્રહની ઊપજ માત્ર ૫,૦૦૦ ગિલ્ડરની જ થઈ!


દુર્દૈવના આ ક્રૂર સપાટા પછી પણ રેમ્બ્રાંની સર્જનાત્મક શક્તિ અક્ષુણ્ણ રહી, એટલું જ નહિ પણ તેનાં આ ગાળાનાં ચિત્રોમાં સુંદરતમ અને અત્યંત પરિપક્વ કળાનું પાસું જોવા મળે છે. તેની વફાદાર જીવન-સાથી સ્ટૉફેલ્સ અને તેના પુત્ર ટીટસ (જે પણ ચિત્રકાર હોવો જોઇએ) બંને આ કઠીલી નાણાંકીય મુશ્કેલીમાં તેને પડખે ઊભાં રહ્યાં. તેમણે કલાકૃતિઓની લે-વેચનો ધંધો શરૂ કર્યો.

રેમ્બ્રા તેનાં પાછલાં વર્ષોમાં વીસરાઇ ગયો હતો એ માન્યતા ભૂલ-ભરેલી છે. ત્યારે પણ સિદ્ધહસ્ત કલાકાર તરીકેની (અનુ૦ પૃ. ૩૯૦મે)

નીચે : પૂર્વીય દેશની એક નામાંકિત વ્યક્તિની તસ્વીર : રેમ્બ્રાં પોતાની તસ્વીરોમાં પોતાના કલાસંગ્રહમાંના પોશાકો, હથિયારો વગેરેનો અભ્યાસપૂર્વક ઉપયોગ કરતો, તેની પ્રતીતિ આ નામી કૃતિ કરાવે છે.



ઊંટનાં અચરજ



'યુનેસ્કો કુરીઅર' માસિકમાંના **પ્રો. શ્મિટ નેઈલસન**ના લેખ પરથી ઉતારનાર

અરવિંદ કો. દેસાઈ

ઉત્તર ગુજરાતનાં રેતાળ વેરાન અને કચ્છના રણપ્રદેશને કારણે ઊંટ આપણને અજાણ્યું નથી, પણ આપણા એક વિભાગના જીવન સાથે જોડાએલા એ પ્રાણી વિષે જે અજબ વાતો ચાલે છે તે પરત્વે આપણે ઝાઝી જિજ્ઞાસા દાખવી નથી. આ લેખ, એ માન્યતાઓ અંગે થએલાં શાસ્ત્રીય સંશોધનને પરિણામે કેટલોક જાણવા જેવો સ્ફોટ કરે છે.

ઊંટની અસાધારણ શક્તિ અને તેના બેહૂદા દેખાવે આજે સૈકાઓ થયાં મુસાફરો, પ્રાણીશાસ્ત્રીઓ અને પ્રકૃતિવિદોનું ધ્યાન ખેંચ્યું છે. તેના વિષે સાચીખોટી અનેક કિવદંતીઓ સત્ય હકીકતોની સાથે એવી રીતે વણાઈ ગઈ છે કે પરિણામે ઘણી જ આશ્ચર્યજનક વાતો તેના વિષે કહેવામાં આવે છે, અને એમાંથી સાચું શું ને ખોટું શું એ કહેવું મુશ્કેલ થઈ પડે છે.

લગભગ બધા જ રણપ્રદેશોમાં ઊંટ એ એક અતિ ઉપયોગી અને જરૂરી પાલતુ પ્રાણી ગણાયું છે. તે કેવળ ભારવાહક પ્રાણી જ નથી, પરંતુ દૂધ જેવી જીવનની જરૂરિયાતની વસ્તુઓ પણ તે આપે છે અને તેનું ઊન, પહેરવાનાં તથા તંબૂનાં કાપડ બનાવવા માટે વપરાય છે. દુનિયાએ આટલી બધી વૈજ્ઞાનિક પ્રગતિ કર્યા છતાં પણ રણપ્રદેશના અર્થકારણમાં તો તે હજી લાંબા સમય સુધી અગત્યનો ભાગ ભજવશે તે સંભવિત છે; અને તેથી આવા વિશિષ્ટ પ્રાણી વિષે સાચી હકીકતો જાણવી જરૂરી છે. દાખલા તરીકે એક દંતકથા એવી છે કે ઊંટ ગમે તેવા બળબળતા રણને પણ ખોરાકપાણી વગર પાર કરી જઈ શકે છે. અલબત્ત, આ બાબતમાં ઊંટ અસાધારણ શક્તિ ધરાવે છે એ નિઃશંક છે અને તેથી લોકમુખે સંભળાતી રણનાં સાહસો વિષેની વાતોએ આ પ્રાણી વિષે ખાસ કુતૂહલ પ્રેર્યું છે.

એટલું તો ખરું કે દુનિયાના મોટા ભાગના લોકો જેના ઉપર જીવન નિભાવે છે તે આ પ્રાણી વિષે બહુ જ ઓછી વૈજ્ઞાનિક માહિતી મળે છે. હજુ આજ સુધી પણ વિજ્ઞાન આ પ્રાણી વિષેના સાધારણ જવાબ સુદ્ધાં આપી શકતું ન હતું. દાખલા તરીકે ઉપર્યુક્ત કપરા સંજોગોમાં ઊંટ પાણી વિના કેવી રીતે ટકી શકે? અને ટકી શકતું હોય તો કેટલોક વખત? એ શું એના શરીરમાં પાણી ભરી રાખે છે? ઊંટની ખૂંધનું એના શરીરમાં શું પ્રયોજન છે? આના ખુલાસા મળે તો એ જ વૈજ્ઞાનિક વિશિષ્ટતાઓ ઘેટાંબકરાં તથા બીજાં ઢોરમાં પણ કેળવીને રણપ્રદેશમાં વસતાં કરી શકાય અને આજ સુધી અણવપરાએલા પડેલા દુનિયાના એક મોટા ભાગનો વિકાસ કરી શકાય.

આ હેતુથી સંયુક્ત રાષ્ટ્રસંઘની સંસ્કારશાખા યુનેસ્કોએ સંશોધન કરવા માટે વૈજ્ઞાનિકોની એક ટુકડી નીમી, અને તેમાં અમે ૧૯૫૩-૫૪માં અલ્જીરિયન સહરાના રણમાં અમારું કામ શરૂ કર્યું.

ઊંટ પાણી વિના કેટલું જીવી શકે?

જો કોઈ એમ પૂછે કે માણસ પાણી વિના કેટલું જીવી શકે, તો તેનો જવાબ તેના સંજોગો ઉપર આધાર રાખે છે. દાખલા તરીકે ઉનાળાના દિવસોમાં રણ જેવા સૂકા પ્રદેશોમાં માંડ એક કે બે દિવસ, પણ ઠંડા પ્રદેશમાં તે વધુ પણ જીવે,—કદાચ અઠવાડિયું. વળી જો તે દિવસોમાં તેની પાસે તરબુચ, નારંગી, મોસંબી, ટમેટાં વગેરે જેવાં કંઈ પાણીવાળાં ફળ હોય તો તેથી પણ વધુ ટકી શકે.

ઊંટ વિષે પણ એવું જ છે પાણી વિના તે કેટલું જીવી શકે તે બહારના સંજોગો પર અવલંબે છે. તેના ખોરાકના પ્રકાર ને તેમાં રહેલા પાણીના જથ્થા પર પણ તેનો આધાર છે. વળી તેને કેટલું વજન ઉપાડી કેટલે દૂર જવાનું છે, તે વખતની ગરમી કેટલી, તેની જાત કઈ છે વગેરે બાબતો પર પણ તેનો આધાર રહે છે. એટલે કોઈ પણ ઊંટ પાણી વિના અમુક દિવસ તો ચલાવી જ શકશે એમ ન કહી શકાય.

ઊંટ બે જાતના હોય છે: એક ખૂંધવાળાં અને બે ખૂંધવાળાં. અમે જેના ઉપર પ્રયોગો કર્યા તે અરબી જાતનાં એક ખૂંધવાળાં હતાં. બે ખૂંધવાળાં ઊંટ મધ્ય એશિયાના ઉચ્ચ પ્રદેશમાં જ થાય છે, જ્યારે એક ખૂંધવાળાં ઊંટ અરબસ્તાન અને ઉત્તર આફ્રિકાના પ્રદેશોમાં થાય છે.

સહરાના રણનાં ઊંટ વિષે તપાસ કરતાં જણાયું કે શિયાળામાં તો ચરતાં ઊંટને બિલકુલ પાણી આપવામાં આવતું જ નહોતું! જો કે આમાં અચરજ જેવું તો કંઇ નથી જ, કારણ કે વરસાદ થયો હોય તો રણની વનસ્પતિમાં પુષ્કળ પાણી હોય છે. બેની ઍબ(અલ્જીરિયા)માં કતલ કરવા લાવેલાં આવાં ઘણાં ઊંટો અમે તપાસ્યાં. તેમણે બબ્બે મહીના સુધી પાણી નહોતું પીધું, અને કોઈને એમ જ લાગે કે તે બહુ તરસ્યાં હશે. પરંતુ ખરેખર તેમ નહોતું. તેમને પાણી આપવામાં આવતું તો પણ તેઓ એ તરફ કશું ધ્યાન નહોતાં આપતાં. પણ એટલું ખરું કે શિયાળુ વરસાદ ત્યાં બહુ અનિયમિત હોય છે, અને શિયાળાની સૂકી ઋતુમાં જ્યારે નવી વનસ્પતિ નથી થતી ત્યારે તો તેને ચોક્કસ પાણી આપવું જ પડે છે.

ઊંટને વસ્તુતઃ કેટલું પાણી જરૂરી છે તે જાણવા તેના રોજિંદા ખોરાકમાં ચાલુ ચરાણને બદલે સૂકો ખોરાક આપવો જોઇએ. આથી અમે તેને સૂકું ઘાસ અને સૂકું ખજૂર આપવા માંડ્યું. ઊંટ માટેનું આ ખજૂર આપણા ચાલુ ખોરાકના ખજૂર કરતાં જુદી જ જાતનું હોય છે: સૂકું, કઠણ ને ગળપણમાં પણ નહિ જેવું જ. આવા ખોરાક પર અમે એક ઊંટને જાન્યુઆરીના શિયાળામાં સોળ દિવસ સુધી રાખ્યું. એ મુદ્દતને અંતે તેને તરસ તો લાગી હતી, પણ પાણીના અભાવે તેની સ્થિતિ કંઈ ગંભીર થઈ નહોતી. આ ઉપરથી અમે એવા નિર્ણય ઉપર આવ્યા કે ઊંટ શિયાળાની ઋતુમાં તો તેનો ખોરાક સૂકો હોવા છતાં પણ સહેલાઇથી પખવાડિયાથી વધુ ટકી શકે છે.

પાણીની આવી અછતમાં પણ ઊંટનું શરીર પાણીનો વપરાશ તો ચાલુ રાખે જ છે. દરેક આંચળવાળાં પ્રાણીઓની માફક મૂત્રાશય માટે તો તેને પાણી જોઈએ જ. વળી તેના શ્વાસોચ્છવાસમાં પણ



પાણી વિના દિવસો સુધી ચલાવી શકવાની ઊંટની અસાધારણ શક્તિ, તેને કુદરતે બક્ષેલી ચાર-છ અનન્ય લાક્ષણિકતાઓને કારણે છે, જે બીજા કોઈ પ્રાણીને વરી નથી. જોકે, માનવામાં આવે છે તેમ, પાણીનો સંઘરો કરવાનું તેના પેટમાં કોઈ સાધન નથી. પરંતુ પોતાના અંગની પેશીએ પેશીમાં પાણીનું છેલ્લામાં છેલ્લું બુંદ પણ તે સાચવી રાખી શકે છે. ઊંટ કદી હાંફતું નથી, સહરા જેવા બળબળતા રણમાં પણ તે કદી ઉઘાડા મોંએ શ્વાસ લેતું નથી, અને પરસેવો પણ તેને ઘણો જૂજ થાય છે, કેમકે પોતાના શરીરનું ઉષ્ણતામાન સાચવી રાખવાની તેનામાં કુદરતી શક્તિ છે. ઉપરના ચિત્રમાં આ લેખના લેખક પ્રો. શ્મિટ નેઇલસન, તેના શરીરમાં થતો ઑક્સિજનનો વપરાશ માપવાના યંત્ર વડે ઉપર્યુક્ત શક્તિઓનું સંશોધન કરી રહ્યા છે. (ફોટો : 'યુનેસ્કો કુરીઅર'ના સૌજન્યથી)

ફેફસાં કેટલુંક પાણી બાષ્પીભવનથી બહાર કાઢે છે. તેના શરીરમાંથી આમ ઘટતા જતા પાણીનું પ્રમાણ તેના શરીરના ઘટતા જતા વજનથી જણાઈ આવતું હતું. તેનો ખોરાક તો ચાલુ હતો જ, છતાં વજન ઘટ્યું હતું. એટલે જો આ દરમિયાન સાથે પાણી પણ મળ્યું હોત તો તેણે પોતાનું વજન ગુમાવ્યું ન હોત. અને સોળ દિવસને અંતે જ્યારે તેને પાણી પાયું ત્યારે તેણે શરીરના ગુમાવેલા વજન જેટલું જ પાણી પીધું અને પોતાના મૂળ વજન ઉપર આવી ગયું! પણ આ પ્રયોગથી ઊંટ ક્યાં સુધી શરીરના આંતરિક પાણી પર ખેંચી શકે તેની ખરી ખબર અમને ન પડી. ઉનાળામાં શરીરનો પાણીનો વપરાશ ઝડપી હોય એટલે ત્યારે તો ઘણા થોડા વખતમાં ઊંટ તદ્દન પાણીહીન બની જાય.

આથી અમે ઉનાળામાં જૂનના છેલ્લા દિવસોમાં એક ઊંટને આઠ દિવસ સુધી પાણી વિના રાખ્યું; અને એટલા વખતમાં તો એ પોતાના ૪૫૦ કીલોગ્રામના મૂળ વજનમાંથી ૧૫૦ કીલોગ્રામ ગુમાવી બેઠું! વળી પાણીની આ અછતથી તેની સ્થિતિ પણ ગંભીર થઈ ગઈ, ને અંતે જ્યારે એને પાણી પીવા આપ્યુ ત્યારે માત્ર દસ મિનીટમાં ૧૦૩ લીટર પાણી તે ચસચસાવી ગયું. આ અખતરાએ સિદ્ધ કર્યું કે ઊંટ તેના શરીરના વજનના ચોથા ભાગ જેટલું પાણી શરીરમાંથી ગુમાવવું સહન કરી શકે છે અને થોડીક જ મિનીટોમાં તે પાછું મેળવી લઈ શકે છે.

વધુ અખતરા માટે બીજા એક ઊંટને પાણી વિના ૧૭ દિવસ રાખ્યું હતું. છેલ્લા દિવસોમાં આ બંને પ્રાણીઓની ભૂખ મરી ગઈ હતી અને સ્થિતિ ગંભીર થઈ હતી. તે સાવ દૂબળાં પડી ગયાં હતાં. એમનાં પેટ અંદર ખેંચાઈ ગયાં હતાં અને સ્નાયુઓ સંકોચાઇ ગયા હતા. પણ દૂબળા થઈ જવાને લીધે તે હતા તેના કરતાં પણ લાંબા દેખાતાં હતાં. આ સ્થિતિમાં લાંબી મુસાફરીમાં તે સખત કામગીરી માટે લાયક ન ગણાય.

આ બંને ઊંટને ખુલ્લા રણમાં બળતા સૂર્ય અને સખત ફૂંકાતા વંટોળ સામે જ રાખવામાં આવ્યાં હતાં, માત્ર તેમની પાસેથી કાંઈ કામ લેવામાં નહોતું આવતું. આ અખતરા ઉપરથી એમ કહી શકાય કે સારામાં સારા જાતવાન ઊંટ પણ, ઉનાળામાં તો અઠવાડિયાથી વધુ પાણી વિના રણની મુસાફરીમાં ન ટકી શકે. છતાં આ બાબત બીજાં પણ ઘણાં કારણો ઉપર આધાર રાખતી હોઇ ચોક્કસ વિધાન કરવા માટે તો મારે હજી બીજી ઊંડી તપાસ કરવી જોઇએ. પરંતુ એટલું તો અવશ્ય કહી શકાય કે બીજા કોઇ પણ આંચળવાળા પ્રાણી કે માણસ કરતાં ઊંટ પાણી વિના વધુ લાંબો વખત ટકી શકે છે; માણસ તો આવી પરિસ્થિતિમાં એક દિવસની રણની મુસાફરીમાં તદ્દન અશક્ત થઇ જાય અને બીજા જ દિવસે કદાચ મરી જાય.

ઊંટ ખરેખર પાણીનો સંગ્રહ કરે છે?

ઘણા મુસાફરોને કહેતા સાંભળીએ છીએ કે ઊંટ પોતાની હોજરી કે શરીરના કોઇ ભાગમાં પાણીનો સંગ્રહ કરી રાખતું હોવાથી પાણી વિના આટલું ટકી શકે છે, અને આના ટેકામાં તેઓ પેલી પુરાણી ને પ્રચલિત આરબો વિષેની વાત કહે છે કે રણમાં પાણીની તંગીમાં ન જ જીવી શકાય એમ લાગતાં અંતિમ ઉપાય તરીકે તેઓ ઊંટને મારી નાખીને તેની હોજરીમાં રહેલું પાણી પીને પોતાનો જીવ બચાવે છે!

ઊંટના પાણીના સંગ્રહ વિષેની આવી વાતો કેમ ઉદ્ભવી તે સમજવું સહેલું છે. રણની લાંબી મુસાફરીએ જતાં પહેલા સાધારણ રીતે ઊંટને પાણી તો પાય જ. તેમા જો તેણે થોડા દિવસોથી પાણી ન પીધું હોય તો સ્વાભાવિકરીતે જ તે વધુ પાણી પીએ, એટલે જોનારને તો એમ જ લાગે કે મુસાફરીની અછતને માટે તે પાણીનો સંગ્રહ કરી રહ્યું છે. આગળ આપણે જોયું કે પાણીની અછત દરમિયાન પોતાના શરીરમાંના વપરાએલા પાણી જેટલું જ પાણી ઊંટ પીશે-તેથી બીલકુલ વધુ નહિ પીએ. માત્ર પાણીનો સંઘરો કરી લેવા માટે જ વધુ પાણી પીતું હોય તેવું તો એકે ઊંટ અમે જોયું નહિ.

છતાં ઊંટ પાણીનો સંગ્રહ કરતું હોવાની આ વાત પ્રસરેલી ખૂબ છે, અને આ માન્યતાને તેની અસાધારણ કદની હોજરી ટેકો આપે છે. ઊંટ એ વાગોળતું પ્રાણી છે અને તેની હોજરી ગાય અથવા ઘેટાની હોજરીની જેમ ઘણા ભાગમાં વહેંચાએલી છે. તેના પહેલા અને સૌથી મોટા ભાગને 'રૂમેન' (rumen) કહે છે, જેમાં અરધો ચાવેલો ખોરાક પડેલો હોય છે. વળી હોજરીના આ ભાગની બાજુમાં જ નાનાંનાનાં ખાનાં જેવા બીજા ઘણા વિભાગો હોય છે, જે સાધારણરીતે તેની જાતનાં બીજાં વાગોળતાં પ્રાણીઓમાં નથી હોતા. આ વિભાગોને પાણીના સંગ્રહની વાતો સાથે સાંકળી લેવામાં આવ્યાં છે. પણ વસ્તુતઃ આ વિભાગો એટલા નાના પ્રમાણમાં (૫ થી ૭ લીટર પાણી સમાવી શકે તેટલા) હોય છે કે તેમાં ઊંટ કદાચ પોતાની સામાન્ય જરૂર જેટલું પણ પાણી ન સંઘરી શકે! ઊંટના 'રૂમેન'માં, અલબત્ત, મોટા પ્રમાણમાં પ્રવાહીનો સંગ્રહ હોય છે. પણ એવું તો બધાં જ વાગોળતાં પ્રાણીઓમાં હોય છે. 'રૂમેન'ના નાનાનાના વિભાગોમાં ભરાતું આ પ્રવાહી 'પાણી' છે કે કેમ એ નક્કી કરવા માટે અમે તે પ્રવાહીનું પૃથક્કરણ કર્યું, તો જણાયું કે એ દુર્ગંધવાળું, ભૂખ ન લગાડે તેવું અને લીલા રંગનું પ્રવાહી છે, જે પીવાના પાણીને બહુ જ ઓછું મળતું આવે છે. વળી તેના રાસાયનિક પૃથક્કરણથી જણાયું કે તે પાચક રસને વિશેષ મળતું છે, અને તેમાંના મીઠાનું પ્રમાણ પાણી કરતાં લોહીમાં હોય એટલું લગભગ હોય છે. આ વિભાગોમાં મોટે ભાગે તો અર્ધ ચાવેલો ખોરાક જ હોય છે, એટલે

ત્યાં પાણી ભરવાની વાતને કોઇ ટેકો અમને મળ્યો નહિ.

તોપણ એ પ્રવાહી ભૂખ ન લગાડનારું હોવા છતાં અણીને પ્રસંગે પીવા માટે વાપરી શકાય ખરું; અને તેથી કટોકટીની પળે આરબો ઊંટને મારીને તેનું આ પ્રવાહી પીને પોતાનો જીવ બચાવે છે તે વાત સાચી હશે, પણ પ્રવાહીને ઊંટે સંઘરેલું 'પાણી' માનવામાં આવે છે તે ભૂલ છે.

વળી કેટલાક તો એમ પણ માનતા હોય છે કે ઊંટની ખૂંધમાં પણ પાણી ભર્યું હોય છે! પણ ખરીરીતે તો તે બધી ચરબી જ છે. અને બીજાં પ્રાણીઓની જેમ તે ચરબી પણ તેની શક્તિનો ખજાનો છે.

એ પણ એક નવાઈ પમાડે તેવી વાત છે કે ગરમ પ્રદેશમાં રહેતાં પ્રાણીઓની ચરબી શરીર આખામાં વહેંચાઈ જવાને બદલે એક જ જગ્યાએ એકઠી થાય છે. ભારતનાં ઢોરને ચરબીનો સંગ્રહ તેની ખૂંધમાં હોય છે, તે જ રીતે દુમ્બા ઘેટાંઓમાં તેની અસાધારણ પૂંછડીમાં એ સંગ્રહ ભરેલો હોય છે. આરબને મન તો ઊંટની ખૂંધની કિંમત બહુ જ હોય છે, અને જ્યારે ઊંટને હલાલ કરવામાં આવે છે ત્યારે તેની ખૂંધની કિંમત ઘણી વાર તેના માંસની કિંમત કરતાં પણ વધી જાય છે!

જોકે ઊંટની ખૂંધમાં પાણી નથી હોતું એ નિર્વિવાદ હકીકત છે, છતાં પણ ઊંટ તેની ખૂંધમાંથી પાણી મેળવે છે એ માન્યતામાં થોડુંક સત્ય છે. જ્યારે જ્યારે કોઈ ઑર્ગેનિક (સેન્દ્રિય) વસ્તુ બળે છે ત્યારે તે ક્રિયામાં પાણી ઉત્પન્ન થાય છે. ઘણાએ જોયું હશે કે ઠંડા પાણીનું વાસણ ગરમ કરીએ ત્યારે તેની ફરતું પાણી જામી જાય છે. આ પાણી, બળતણમાં રહેલા હાઇડ્રોજનની સાથે પ્રાણવાયુ મળવાથી થાય છે. એ જ પ્રમાણે પ્રાણીના શરીરમાંની ચરબીનું પણ ઑક્સીડાઇઝેશન થાય ત્યારે તેમાંથી પાણી બને છે. શ્વાસમાં લેવાતો ઑક્સિજન જ્યારે ઉચ્છ્વાસથી બહાર નીકળે ત્યારે તેમાં પાણીનો ભેજ હોય છે.

ઊંટના શરીરની ગરમી

લગભગ દરેક ગરમ લોહીવાળા પ્રાણીના શરીરની ગરમી, લગભગ ૩૭ થી ૪૦ ડિગ્રી સેન્ટીગ્રેટ જેટલી હોય છે. માણસ જ્યારે કોઇ વાર ગરમ રણના પ્રદેશમાં જાય, ત્યારે તેના શરીરની ગરમી, (બહારની ગરમી ગમે તેટલી વધુ હોય છતાં પણ) વધતી નથી. પરંતુ બીજું કોઇ પ્રાણી એ જ સંજોગોમાં મુકાતાં, રણના ખડકો પેઠે ગરમ થઇ જાય છે,



સુક્કાભંઠ સહરામાં વિરલ એવા એક નાના વહેળામાં પાણી પીતાં ઊંટ
(ફોટો : ઝાહરર-'યુનેસ્કો કુરીઅર'ના સૌજન્યથી)

જે ૬૦ ડિગ્રી કે તેથી પણ વધુ હોય! આવા સંજોગોમાં મુકાએલો માણસ પસીના વાટે પાણી બહાર કાઢી એ ગરમીને રોકે છે.

ઊંટ પણ પોતાના શરીરની ગરમીનું નિયંત્રણ કરે છે. તે પોતાના પરસેવાની મદદથી, શરીરની ગરમીને હદ બહાર જતી અટકાવે છે. બહારની ગરમીમાં તેના શરીરની ગરમી સ્થિર રહેવાને બદલે વધુમાં વધુ ૪૧ ડિગ્રી સુધી વધે છે. આ વધતી ગરમી દરમિયાન તે બહુ પાણી બહાર કાઢતું નથી. જ્યારે 'સ્થિર ગરમી' સાચવતા માણસના શરીરમાંથી પાણી પસીના રૂપે નીકળતું ચાલુ જ રહે છે.

એટલે વહેલી સવારે જ્યારે ઊંટના શરીરની ગરમી સાધારણ ગરમી કરતાં પણ ઓછી હોય છે ત્યારે જો તેને ચલાવવામાં આવે તો તેને ઘણો જ ફાયદો થાય. તેને આમ સવારે ચલાવવાથી પસીનો કાઢવાનો વખત થોડો આવે છે. રાત્રે તો તે પોતાના શરીરની બધી જ ગરમી કાઢી નાખે છે અને વહેલી સવારે તે ૩૪ ડિગ્રી જેટલી હોય છે. ઊંટની શરીરની ગરમીનો તફાવત આમ ૬ ડિગ્રી હોય છે, જ્યારે એ જ સંજોગોમાં મુકાવેલા માણસની ગરમીમાં ૧ ડિગ્રીનો તફાવત હોય છે.

રેમ્બ્રાં (અનુસંધાન પૃષ્ઠ ૩૮૭થી ચાલુ) તેની પ્રતિષ્ઠા લોકોમાં ઘટવા નહોતી પામી. તેની લોકપ્રિયતામાં, અલબત્ત, ઓટ આવેલી, પરંતુ તે તો તેના જીવનના નાણાંકીય વિપરીત સંયોગોને કારણે. જીવનના એ કાળે લોકોને સુંવાળી અને રેખાકતાર સંપૂર્ણ ચિત્રપદ્ધતિ ગમતી, જ્યારે રેમ્બ્રાં હવે વધુ ને વધુ મુક્ત હાથે અને પ્રેરણાની સૂઝથી ચિત્રો દોર્યે જતો હતો. ૧૬૫૪ ને '૬૦ના વચગાળામાં મેસિનાના એક કલાપ્રેમી સર્જન ઍન્ટોનિયો રફ્ફોએ તેને ત્રણ ચિત્રો ચીતરી આપવાનું કહ્યું: 'હોમર', 'એરિસ્ટોટલ' અને 'મહાન સિકંદર' (જે ઘણુંકરીને ખોવાઈ ગયું છે), આ પછી તેણે ઘણી જાણીતી કલાકૃતિઓ ચીતરી. કશું જ કામ ન હોય ત્યારે પોતાની ખુદની તસ્વીરો કરવાનો તેને નાદ હતો અને તેના જેટલી આપ-તસ્વીરો કોઇ કળાકારે ચીતરી નથી. એ બધી પલટાતી સ્થિતિની નિદર્શક-જાણે આત્મચરિત્રનાં પ્રકરણો હોય એવી બની રહી છે. તેના જીવનને છેલ્લે વર્ષે ચીતરાએલું તેનું સેલ્ફ-પૉર્ટ્રેટ (આપ-તસ્વીર) તેને અત્યંત વૃદ્ધ, ઊપસેલા ગાલવાળો, માંદો તથા સ્મિતભરી સૂચક વિચિત્ર દૃષ્ટિવાળો દર્શાવે છે,

લગભગ ૧૬૬૩માં સ્ટૉફેલ્સનું અને ત્યાર બાદ રેમ્બ્રાંની પહેલાં ટીટસનું પણ અવસાન થએલું. સ્ટૉફેલ્સથી થએલી કોર્નેલિયા નામની એક પુત્રી માત્ર તેની પછી જીવતી રહેલી. જીવનના અંતકાળે તે પોતે તો માંદો અને અટૂલો બની ગયો હતો. છેવટે ૧૬૬૯ની ૪થી ઑક્ટોબરે તેનું અવસાન થયું, ને સાદી છતાં શાનદાર વિધિથી ૮મી ઑક્ટોબરે તેના છેલ્લા રહેણાકની નજીક વેસ્ટરકર્કમાં તેને દફનાવવામાં આવ્યો. તેના જીવનપ્રવાહમાં યૌવનનો વેગ અને સમૃદ્ધિની છોળ, દામ્પત્યના સુખી દિવસો અને સ્વજનોનાં કારમાં મૃત્યુ તથા ભાવિનો કઠારાઘાત, બધા પલટા આવી ગયા. અને એના જીવનનો અંતકાળ ભલે ઓજસ્વી ન રહ્યો, છતાં તેની કલાની યશગાથા તો ઉજ્જ્વળ જ રહી છે.

રેમ્બ્રાંની કળામાં સંવેદન ને શક્તિનો આશ્ચર્યકારક સંયોગ સધાયો છે. તેણે પોતાના ચિત્રવિષયો ઘણાખરા બાઈબલમાંથી લીધા છે. ખ્રિસ્તી ધર્મનાં તેનાં પાત્રો એ સમયના કીમતી જભ્ભા નથી પહેરતા. તેનો ઈસુ એ તેની ચોપાસનાં ગરીબોનું પ્રતીક છે, જૉસેફ (ઈસુનો પિતા) સામાન્ય સુથાર માલૂમ પડે છે, અને વર્જિન (ઈસુની માતા) સાધારણ જનસમાજની કોઈ પણ પ્રેમાળ માતા જેવી બાળક ઈસુને છાતીસરસો ચાંપતી દેખાય છે. આ સર્વ ચિત્રોમાં જાદુઈ પ્રકાશયોજના અને રંગની અદ્‌ભુત સંવાદિતા જોવામાં આવે છે. તેણે પ્રકાશની અસરોનું સૂક્ષ્મ નિરીક્ષણ કરી, તથા છાયાના પ્રદેશમાં તેને કેન્દ્રિત કરીને તેનો અજબ વિસ્તાર કરી છાયાપ્રકાશની કલામાં એક નવો જ પ્રયોગ સિદ્ધ કરી બતાવ્યો, જેણે કલાજગતને એક નવી જ શૈલી આપી.

હૅન્ડ્ઝ અપ!

લેખક
ચન્દ્રકાન્ત બક્ષી

ડૉક્ટર ચંદ્રશેખર રાવે આઠ નંબરના ખાટલા પાસે આવીને પૂછ્યું, 'કેમ છો, લેફ્ટેનન્ટ મહેતા?'

લેફ્૦ સતીશ મહેતાએ ડૉક્ટર સામે જોયું. ડૉક્ટરના કાળા ચહેરામાં સફેદ દાંત ટૂથપેસ્ટની જાહેરખબર પેઠે ચમકતા હતા. સફેદ કોટ પર નવું સ્ટેથેસ્કોપ લટકતું હતું ને કમરે ટેકવેલા પહોળા હાથનાં આંગળાં ભીંત પર સ્થિર થઇ ગએલા મોટા કરોળિયા જેવાં લાગતાં હતાં.

'ડૉક્ટર, હું ખરેખર પરેશાન થઇ ગયો છું. ત્રણ અઠવાડિયાંથી આ જમણા હાથનું પ્લાસ્ટર જોયા કરું છું.' સતીશે કહ્યું. ડૉ. રાવે સફેદ પ્લાસ્ટરવાળા હાથની વળેલી આંગળીઓ સીધી કરીને જોવા માંડી. તૂટેલા હાથની જડ આંગળીઓમાં સળ પડી ગયા હતા અને રોજ છંટાતો પાઉડર ચોંટી જવાથી હથેળી કાળી પડી ગઈ હતી. ડૉ. રાવે હાથ પાછો ખેંચતા કહ્યું. 'જુઓ, હાથના જ વિચાર કર્યા કરશો તો ટાઇમ પસાર નહિ થાય. ધીરેધીરે લૉબીમાં આંટા મારતા રહો. કંઈક પ્રવૃત્તિ કરો, મૅગેઝીનો વાંચો, સિગારેટો જરા ઓછી ફૂંકો અને...' ડૉક્ટરે તેને ખભે હાથ મૂકી હસીને કહ્યું, 'રાતે મિસ દારૂવાલાને બદલી તમારે માટે હું એક કાળી બંગાળી નર્સ ગોઠવું છું, કે જેથી તમે નિરાંતે ઊંઘી રહો!'

ડૉ. રાવ હસીને નવ નંબરના ખાટલા તરફ વળ્યો. સતીશે સ્ટૂલ પર પડેલી નાની ઘડિયાળ ઊપાડીને જોયું. રાતના સાડા નવ વાગ્યા હતા. બાજુની પથારીમાં નરેન્દ્રનાથ સૂઈ રહ્યો હતો. સતીશે સિગારેટનું પૅકેટ ખોલ્યું, પણ તે ખાલી હતું. ધીરેથી અણે હાથ લંબાવીને નરેન્દ્રનાથના સ્ટૂલ પર પડેલા કૅપ્સ્ટનના ડબ્બામાંથી એક સિગારેટ ખેંચી લીધી અને સળગાવીને ફૂંકવા માંડી. વૉર્ડ નાનો હતો ને માત્ર દસેક ખાટલા પડ્યા હતા. બાજુના વૉર્ડ 'બી'માં ત્રીસ ખાટલા રહેતા ને રાત્રિની નર્સો ત્યાં જ ફરતી. સતીશનો વૉર્ડ સ્પેશ્યલ હતો, એટલે નર્સો અહીં ચૂપચાપ આવીને ચાલી જતી ને કારણ વિના અંદર રહેતી નહિ.

સતીશ મહેતા કોરિયામાં અઢી વર્ષ હિંદી લશ્કર સાથે રહ્યો હતો અને એણે બે કોરિયન શિયાળા જોયા હતા. એની બંધ આંખો સામે કોરિયાના દિવસો ઝબકવા માંડ્યા. મુનાન નદીની ખીણમાં બરફ જામીને એટલો સખત થઈ ગયો હતો કે પચાસ પચાસ જીપોના કાફલા નદી પરથી એકસાથે દોડી જતા. સુવોનના કાળા બજારમાં મિલીટરીનાં રદ થએલાં ગમ-બૂટ સેંકડોના હિસાબે વેચાઇ રહ્યાં હતાં અને સડી ગએલા ભીના રબરની બદબૂ દિવસભર હવામાં ફેલાએલી રહેતી. પુસાનના બારામાં પીળી પડી ગએલી દાઢીઓવાળા બુઢ્ઢા કોરિયનો નાની નાની માછલીઓના કરંડિયા વાંસ પર લટકાવીને હાંફતા હાંફતા દોડી રહ્યા હતા. ઉઇજૅંગબુની સડકો પર શીખ ફોજીઓના ચહેરા જોઇને ભૂખ્યા ભિખારી છોકરા પણ ખડખડાટ હસી પડતા. સીઓલમાં પુરાણાં મંદિરોની જર્જરિત દીવાલો પાછળથી સફેદ મલમલમાં લપેટાએલી ધ્રૂજતી ગરીબ છોકરીઓ ઠંડા ઈશારા કરતી હતી... કોરીઆ—

સતીશે પડખું ફેરવ્યું. બાજુમાં સૂતેલા નરેન્દ્રનાથે કાંડાઘડિયાળમાં જોયું અને ફરી ચાદર ઓઢીને સૂઈ ગયો. આ નરેન્દ્રનાથ પણ કેવો વિચિત્ર માણસ હતો! શરૂમાં રાત્રે એક બે વખત એ ઊઠીને બહાર ગએલો અને અરધો કલાક સુધી આવેલો નહિ. સવારના છાપું વાંચતાં વાંચતાં સતીશે સ્વાભાવિક પૂછેલું, 'કેમ મિસ્ટર! કાલે રાત્રે તો તમે બહુ વખત બહાર રહેલા?' નરેન્દ્રનાથે ચમકીને જોએલું. એનાથી કહેવાઈ ગએલું, 'તમે તમારું કામ સંભાળો. હું તમારી વાતમાં માથું મારતો નથી, તમે મારી વાતમાં માથું મારો નહિ.'



રિવૉલ્વર ખેંચી
તેણે પડકાર કર્યો :
'ડૉક્ટર! હૅન્ડ્ઝ અપ!

પણ એ તો પંદર દિવસ ઉપર બનેલું,–સતીશ ઑસ્પિટલમાં આવ્યા બાદ તરત જ. પછી એકાંતે અને નિકટતાએ બંનેને પરસ્પરના પરિચિત બનાવી દીધા હતા. એકબીજાનાં ફિલ્મી માસિકો અને સિગારેટો વગર રજાએ ફેંદાવી શકાય એ કક્ષાએ દોસ્તી પહોંચી ચૂકી હતી. એક દિવસ સતીશે પૂછેલું, 'તમે શું કામ કરો છો?' તેણે કહ્યું, 'હું ઇસ્ટર્ન રેલવેમાં છું. મુગલસરાઇ–હાવડા વચ્ચે મહિનામાં બે ચાર વાર ફરવું પડે છે.'

'અહીં કેમ?—'

'બસ અહીં ચેક-અપ માટે વર્ષે એકાદ વાર તો આવું જ છું. મારું કામ સખત મજૂરીનું છે એટલે અહીં મને બહુ આરામ મળે છે.'

પણ વસ્તુતઃ નરેન્દ્રનાથને ઑસ્પિટલમાં આવવાનું ખાસ કોઇ કારણ દેખાતું ન હતું. એ ત્રીસપાંત્રીસની આસપાસનો, ખરે મજબૂત હતો. પણ એના આખા શરીરમાં સૌથી કાતિલ એની આંખો લાગતી, જે મરેલા મગરની આંખો જેમ સદા ખેંચાએલી રહેતી. બે દિવસ પર સતીશને એની આંખોનો ખરેખર ડર લાગેલો. રાતની નર્સ સુધા ચૌધરી સતીશની નાડીના ધબકારા લઇ રહી હતી ત્યારે સતીશે મજાક કરેલી, 'મિસ ચૌધરી, તમને પણ કંઈક છૂપી બીમારી લાગે છે!' ત્યારે નરેન્દ્રનાથની બેચેન આંખોમાં ઝેરી ચમક આવી ગઈ હતી...

સતીશે મોડી રાત સુધી પડખાં ફેરવ્યા કર્યાં. ઊંઘ જરાક આવવા થતી કે બાંધેલા હાથમાંથી એકાએક ઝીણી કળતર થતી હોય એવું એને લાગતું. દિમાગમાં વિચારો નવા ખેતરમાં ઊતરતા તીડના ટોળાની જેમ ઊભરાઈ રહ્યા હતા. એણે છેવટે કંટાળીને આંખો ખોલી અને ઘડિયાળમાં જોયું: સાડા બાર વાગ્યા હતા.

આમ ને આમ બીજો કલાકેક વીતી ગયો. ત્યાં જોડેના ખાટલામાં નરેન્દ્રનાથ સળવળતો લાગ્યો. આજુબાજુમાં સૂનકાર હતો અને બધા

જ દર્દીઓ સૂતા હતા. સતીશે પણ આંખો ઝીણી કરીને ઊંઘવાનો ઢોંગ કર્યો. નરેન્દ્રનાથે પથારીમાં અર્ધા બેઠા થઇને આજુબાજુ નજર ફેરવી અને ખાટલા પરથી ઊતરીને ઉઘાડા પગે જ સ્વાભાવિક બેદરકારીથી દીવાલ સરસા ચાલવા માંડ્યું. સતીશને આશ્ચર્ય થયું: દિવસે સંડાસમાં પણ બૂટમોજાં પહેરીને જનાર નરેન્દ્રનાથ સ્લિપર્સ પડેલાં હોવા છતાં રાત્રે દોઢ વાગ્યે ઉઘાડા પગે જઈ રહ્યો હતો એ અસામાન્ય હતું. ધીરેધીરે અવાજ કર્યા વિના નરેન્દ્રનાથ વરંડામાં નીકળી ગયો. સતીશને પાછળ જવાની તીવ્ર ઇચ્છા થઈ આવી. ઊંઘ આવતી ન હતી અને કંઈક નવું કરવાની ઇચ્છા તો હતી જ. કોરિયામાં ચીની યુદ્ધકેદીઓની છાવણીની બહાર ચેક-પોસ્ટ પર એક ફૂટ લાંબી ટોર્ચ લઇને ચારચાર કલાક સુધી ઊભા રહેલા લેફ્ટેનન્ટ સતીશ મહેતા માટે આ વૃત્તિ હવે જૂની થઈ ચૂકી હતી. તે ચૂપકીદીથી ઊઠ્યાં અને રજાઈનો ડૂચો ઓશીકા સુધી લંબાવીને વરંડા તરફ વધ્યો.

દરવાજામાંથી તેણે જોયું કે નરેન્દ્રનાથ ખૂબ ચૂપકીદીથી વરંડો ઓળંગીને અંધારામાં ખૂણા તરફથી બાલ્કનીમાં જઈ રહ્યો હતો. બાલ્કની નાની હતી અને કાચની બારીઓ બંધ હોવાથી અંદર શું હતું એ બરાબર દેખાતું ન હતું. નરેન્દ્રનાથ ત્યાં અંધારામાં જઇને ઊભો રહ્યો. સતીશના આશ્ચર્યનો પાર ન રહ્યો. અહીં અંધારામાં નરેન્દ્રનાથ શું કરતો હતો? તે શ્વાસ રોકીને જોઈ રહ્યો. ત્યાં એક ઝાંખો સફેદ પડછાયો અંધારામાં હાલતો દેખાયો. સતીશને લાગ્યું કે નરેન્દ્રનાથ કોઇ સાથે વાત કરી રહ્યો હતો. સફેદ આકૃતિને ઓળખવી મુશ્કેલ હતી. અંધારામાં વાતો ચાલતી રહી. સતીશને ધ્યાન ન રહ્યું કે કેટલો સમય ચાલ્યો ગયો. એણે આંખો ખેંચીખેંચીને જોવા માંડ્યું. અને એવો વિચાર પણ થઇ આવ્યો કે નરેન્દ્રનાથ કોની સાથે વાત કરી રહ્યો છે, તે પોતે આગળ જઇને જોઇ લે. પણ ત્યાં તો એણે જોયું કે વાત પૂરી થઈ ગઇ હતી. એ ધીરેથી સરક્યાં અને બારણાની આડમાં ઊભો રહ્યો. સફેદ આકૃતિ બાલ્કનીમાંથી વરંડામા આવી, પણ નરેન્દ્રનાથ અદૃશ્ય થઈ ગયો હતો! સતીશે વિચાર્યું કદાચ એ બાલ્કનીના પાછળના રસ્તે ચાલ્યો હશે. દરમ્યાન સફેદ આકૃતિ અજવાળામા આવી. સતીશની આંખો ચકરાવામાં પડી ગઈ: સામેથી નર્સ સુધા ચૌધરી આવી રહી હતી!

ચૂપકીથી ફલાંગો ભરતો સતીશ આઠ નંબરના ખાટલા પાસે આવીને રજાઈમાં ઘૂસી ગયો. થોડી વારમાં સુધા ચૌધરી દરવાજામા આવી અને નરેન્દ્રનાથના ખાટલા તરફ નજર ફેરવ્યા વિના સીધી 'બી' વૉર્ડમાં ચાલી ગઇ. સતીશ વિચારવા માંડ્યો: નરેન્દ્રનાથ ચોક્કસ આ નર્સ સાથે પ્યાર કરી રહ્યો હતો. એને 'ચેક-અપ' માટે આવવું પડે એ સ્વાભાવિક હતું! સતીશના ચહેરા પર અંધારામાં સ્મિત ફરકી ગયું.

ત્યાં નરેન્દ્રનાથ દરવાજામા ઊભેલો જણાયો. પહેલાંની જેમ જ એ બેદરકારીથી આવ્યો અને ચૂપકીદીથી ખાટલામાં ઘૂસી ગયો.

સવારે સતીશ ઊઠ્યાં ત્યારે નરેન્દ્રનાથ છાપું વાંચી રહ્યો હતો. બાજુમાં ટ્રીપૉય પર ચાની ટ્રે પડી હતી. નીચે બગીચામાં માળી રંગીન ફૂલોના ક્યારામાં પાણી છાંટતો દેખાતો હતો. 'ગુડ મૉર્નિંગ!'

'ગુડ મૉર્નિંગ!...બહુ ઊંઘ કરી?' નરેન્દ્રનાથ હસ્યો.

'હા;' સતીશે આંખો ચોળતાં કહ્યું, 'કાલ રાત્રે મોડો ઊંઘ્યો હતો.'

'કોઈની યાદ સતાવતી હશે —'

સતીશે ઊંચું જોયું: 'ના, એમ તો નહિ; અને યાદ સતાવતી હોય તો રાતે વાતો કરવા છોકરીઓ ક્યાં મળતી નથી?' પણ નરેન્દ્રનાથના ચહેરા પર કોઈ ફેરફાર ન હતો. 'આ હો!' એ વ્યંગમા બોલ્યો.

'જુઓને,' હોલવાતી માણબત્તીની જેમ એક આંખ ઝીણી કરીને સતીશે કહ્યું, 'કાલ રાતની જ વાત. સુધા ચૌધરી રાત્રે દોઢ વાગે બાલ્કનીમાં કોઈની સાથે વાતો કરતી હતી!' નરેન્દ્રનાથની આંખોમાંથી એક હલકી ધ્રુજારી પસાર થઈ ગઈ ને ચહેરા પર સૂચક પડછાયો પડી ગયો. એણે સ્વસ્થતાનો ડોળ રાખતાં કહ્યું, 'તમને શી ખબર?'

'મને?—હું તમારી પાછળ હોઉં અને મને ખબર ન પડે!' સતીશે રજાઇને પગથી ખસેડતાં લાપરવાહ જવાબ દીધો. નરેન્દ્રનાથ વિચિત્રરીતે અસ્વસ્થ થઈ ગયો. આંખો ફેરવતાં એ હતાશ ગુસ્સામાં બોલ્યો, 'લેફ. મહેતા!...' આગળ શું કહેવું એ એને સમજાયું નહિ.

સતીશને લાગ્યું કે પોતે જરા ઉતાવળ કરી નાખી હતી. એણે નરમાશથી કહેવા માંડ્યું, 'જુઓ મિસ્ટર, હું પ્રેમીઓની વાતોમાં માથું મારતો નથી. મેં તો માત્ર તમને દૂરથી વાતો કરતા જોયા જ હતા.'

'તમે ક્યાં ઊભા હતા?' નરેન્દ્રનાથના મોં પર જરા પ્રકાશ આવ્યો.

'વૉર્ડના દરવાજામાં.'

નરેન્દ્રનાથે છાપું સંકેલીને બાજુના નાના કબાટ પર મૂક્યું. ચાનો કપ ગટગટાવીને એણે ટ્રેમાં મૂક્યો અને નૅપકીનની ગડી ખોલીને મોઢું લૂછતાં કહ્યું, 'જો, હું તને મારો દોસ્ત સમજું છું, સતીશ'. સતીશ નરેન્દ્રનાથની સામે આશ્ચર્યથી જોઈ રહ્યો. નરેન્દ્રનાથે પોતાના સૂકા વિખરાએલા વાળમાંથી આંગળીઓ પસાર કરતાં કહ્યું, 'હું ખુલ્લા દિલથી એક વાત કહેવા માગું છું...હું સુધા ચૌધરીનો દૂરનો સગો થાઉં છું...હું એના પ્રેમમાં છું.' સતીશથી પૂછાઈ ગયું, 'તું?'

'હા, પણ એ બધું પછી. પહેલાં તો હું તને જે કહી રહ્યો છું એ તારે કોઇને કહેવાનું નથી. બીજું, મને ખાતરી છે કે તું મને પૂરી મદદ કરીશ. આટલામાં તું જ મને મદદ કરી શકે એવો છે.'

'મારી મદદની વળી તારે શી જરૂર?'

'સતીશ, મને ખાતરી છે કે તું મને મદદ કરીશ; કેમકે તારા દોસ્તની પ્રિયાની જિંદગીનો સવાલ છે.' સતીશનાં ભવાં ખેંચાયાં: 'એટલે?'

'એટલે કે સુધાની જિંદગીનો સવાલ છે; એની જિંદગી ભયમાં છે.'

સતીશની આંખો મૂંગો પ્રશ્ન કરતી સ્થિર રહી ગઈ.

'જલદી સમજાય એવું સહેલું એ નથી. વખત આવ્યે હું તને બધું જ કહીશ; પણ હમણાં તારે કોઇને કંઈ જ કહેવાનું નથી...'

'સુધાને?'

'સુધાને પણ નહિ, જો એની જિંદગી બચાવવાની ઇચ્છા હોય તો–'

ત્યાં સવારની નર્સે આવીને ટ્રીપૉય પર ચાની ટ્રે મૂકી. સતીશ ટૂથપેસ્ટ અને બ્રશ લઇને બાથરૂમ તરફ ચાલ્યો.

આખા દિવસમાં પછી ખાસ કંઈ જ વાત થઈ નહિ. નરેન્દ્રનાથ વ્યગ્ર લાગતો ને છાપાનાં પાનાં પર પેન્સિલથી સરવાળા-બાદબાકી કરતો. સતીશને ફરી વાત જાણવાની ઇચ્છા થઈ આવી હતી. એણે પૂછ્યું પણ હતું, 'સુધાની જિંદગી શી રીતે જોખમમાં છે?'

'હમણાં કહેવું ઠીક નથી. તું મારા પર વિશ્વાસ રાખ...આપણી પાછળ જાસૂસી થઈ રહી છે, એટલે હમણાં આ વાત દબાવી રાખજે.' નરેન્દ્રનાથે જવાબ આપ્યો હતો. એના ભાવ પરથી સતીશને લાગ્યું કે ઑસ્પિટલની વ્હાઈટ વૉશ કરેલી દીવાલો પાછળ જાણે કોઈ ખૂનીનો લાલ પડછાયો ફરી રહ્યો હતો. સેંકડો માણસો દિવસ-રાત વૉર્ડોમાં આવજા કરતાં, એટલે નરેન્દ્રનાથ કોના વિષે વાત કરી રહ્યો હતો તેનું અનુમાન કરવું મુશ્કેલ હતું. નરેન્દ્રનાથ પણ વખતોવખત ખાટલો છોડીને ચાલ્યો જતો હતો અને પાછો આવતો; અને કોઈ સાથે વાતચીત કર્યા વિના ખાટલામાં સિગારેટ પીતોપીતો વિચારો કર્યા કરતો. સાંજે સતીશ બગીચામાં ફરી રહ્યો હતો ત્યારે પાછળથી કોઇએ જોરથી તેના ખભા પર હાથ મૂક્યો. સતીશે પાછળ વળી જોયું,–નરેન્દ્રનાથ ઊભો હતો. એણે ધીરેથી કહ્યું, 'ક્યાં ફરતો હતો? ક્યારનો તને શોધું છું.'

'કેમ?'

'બસ, કંઈ પણ પૂછ્યા વિના મારી પાછળપાછળ આવ.' બન્ને ચૂપચાપ ચાલવા માંડ્યા. મુખ્ય દરવાજામાંથી મૅકેન્ઝી વૉર્ડમાં પેસતાં લૉબીમાં સફેદ ગાઉન પહેરેલા ત્રણ ડૉક્ટરો પાસેથી પસાર થઈ ગયા. નરેન્દ્રનાથે સતીશનો હાથ દબાવતાં ધીમેથી કહ્યું, 'વચલાને જોયો?'

'હા, એને તો જોએલો જ છે.—ડૉ. રાવ.'

'બસ, આજ રાત્રે આપણે એને સુધાનું ખૂન કરતાં અટકાવવાનો છે અને બરાબર ફસાવવાનો છે.' અવાક બનીને સતીશ ડૉક્ટરો અદૃશ્ય થઈ ગયા ત્યાં સુધી પાછળ જોતો રહ્યો!

સતીશ ને નરેન્દ્રનાથ લૉબીના ખૂણામાં પડેલી બે ખુરશી પર જઈ બેઠા. સતીશના કાન ગરમગરમ થઈ ગયા હતા. ત્રણ અઠવાડિયામાં એણે જે જોયું ન હતું એ ચોવીસ કલાકમાં જોઈ રહ્યો હતો. ડૉ. રાવને એ બહુ સારો ડૉક્ટર સમજતો હતો. એણે એક વાર ડૉ. રાવ ને સુધાની વાત પણ સાંભળેલી. પણ આવો ભદ્ર લાગતો માણસ રાતના છોકરીઓનો શિકાર કરતો હશે એથી સતીશને સખત આઘાત થયો. એને ડૉ. રાવ માટે સખત નફરત થઈ આવી અને વિચાર કર્યો કે ગમે તે ભોગે નરેન્દ્રનાથની સાથે રહીને આજ રાત્રે ડૉ. રાવને નિષ્ફળ કરવો.

'જો દોસ્ત!' સતીશે નરેન્દ્રનાથનો હાથ પોતાના હાથમાં પકડીને દબાવતાં કહ્યું, 'તું મારા પર પૂરો વિશ્વાસ રાખી શકે છે અને મને ગમે તે કામ બતાવી શકે છે. આપણે ડૉ. રાવના દાંત ખટ્ટા કરવા જ જોઈએ. પણ પહેલાં તું મને બધી વાત સમજાવ.'

વાત જરા લાંબી છે પણ સાંભળ. સુધાની એક મોટી બહેન હતી —શોભના. નામ પ્રમાણે એ ખરેખર નમણી હતી. એ પણ અહીં નર્સ હતી. ત્રણ વર્ષ પર એક રાત્રે આ જ હૉસ્પિટલના ત્રીજે માળથી એ નીચે પડી ગઈ અને મરી ગઈ. છાપાંઓમાં આપઘાતનો રિપોર્ટ આવ્યો ને લોકોએ માન્યું કે નર્સ શોભના ચૌધરીએ પડીને આપઘાત કર્યો.

પણ વસ્તુસ્થિતિ જુદી છે. મને પૂરો શક છે કે ડૉ. રાવ શયતાન છે. હું એને વર્ષોથી અહીં જોઉં છું. એ હજી અપરિણીત છે, ખૂબસૂરત છોકરીઓ ઉઠાવે છે અને એમની મુગ્ધતાનો પૂરો ઉપયોગ કરે છે. જ્યારે એનું કામ પતી જાય છે ત્યારે એ બહુ બુદ્ધિથી એમનો નિકાલ લાવી દે છે. સુધાને હું ચાહું છું. પણ સુધા મૂર્ખ છે, બિનઅનુભવી છે. હું માનું છું, અને મને ખાતરી છે, કે ડૉ. રાવ સુધાનો પણ તરતમાં એવી જ રીતે બુદ્ધિથી નિકાલ લાવશે—જેવી રીતે શોભનાનો આવ્યો હતો એમ જ; કારણકે હવે એને ખબર પડી ગઈ છે કે સુધા જાણે છે કે શોભનાના ખૂનમાં ડૉ. રાવનો હાથ હતો...અને સતીશ, આજ રાત્રે ડૉ. રાવે સુધાનો નિકાલ કરવાનો નિશ્ચય કર્યો છે,—કઈ રીતે એ મને ખબર નથી; પણ આજની રાત સુધા માટે ભારે છે એ વિષે શક નથી. હવે આપણી જવાબદારી બે છે: સુધાની જિંદગી બચાવવી અને ડૉ. રાવને પકડવો.'

'પણ સુધા ડૉ. રાવ વિષે શું માને છે?' સતીશે પ્રશ્ન કર્યો.

'સુધા મૂર્ખ છે. એ માને છે કે ડૉ. રાવ પોતાની સાથે લગ્ન કરશે. મેં એને ખૂબ સમજાવી. અંતે હવે એના ખયાલમાં આવ્યું છે કે હું જે કરી રહ્યો છું એ બરાબર છે. મને લાગે છે કે ડૉ. રાવ પણ જાણી ગયો છે કે મને બધી ખબર પડી ગઈ છે. પણ એ બહુ બુદ્ધિશાળી માણસ છે. કંઈક એવી રીતે જ ગોઠવશે કે સુધાએ પણ આપઘાત કર્યો છે એમ સાબિત થાય. અને એવું થઈ શકે તો જ પોતે શોભનાના ખૂનની જવાબદારીમાંથી છટકી શકે. અને સુધાને હટાવ્યા વિના એનો છૂટકો નથી. કારણ કે નહિ હટાવે તો સુધા એને ફાંસીના માંચડા સુધી પહોંચાડી દે. અને ડૉ. રાવ એક કાંકરે બધાં જ પક્ષી મારવામાં માને છે!'

નરેન્દ્રનાથે ગળું ખંખાર્યું. 'હવે સુધા સમજી ગઈ છે. મેં એને ભણાવ્યું છે એમ આજ રાત્રે મુલાકાત ગોઠવાશે. આપણે બન્ને હોઈશું અને હું સમજાવું એમ ગોઠવાઈ જઈશું. ડૉ. રાવ આવશે એવો જ આપણે એને સપડાવી શકીશું—' નરેન્દ્રનાથ અટકી ગયો. એણે સતીશની આંખોમાં જોતાં કહ્યું, 'જો તું તારું કામ બરાબર પાર ઉતારી શકે તો.'

'મારા પર તું પૂરો વિશ્વાસ રાખી શકે છે. પણ એક વાત. આપણે પોલીસને ખબર આપીએ તો?' સતીશે પૂછ્યું.

'નહિ, આમાં પોલીસની બિલકુલ જરૂર નથી. બહુ ઠંડક અને ચૂપકીદીથી કામ કરવાનું છે. પોલીસ આવે તો ડૉ. રાવ ચોક્કસ છટકી જાય. અને પછી તું ધારે છે કે ડૉ. રાવ જેવાને આપણે ફસાવી શકીશું?' સતીશે હિપ્નૉટાઈઝ થઈ ગએલા માણસની જેમ માથું હલાવ્યું.

'તો, જો યોજના હવે સમજ. આજ રાત્રે ડૉ. રાવ સુધાને અંધારી બાલ્કનીમાં મળવાનો છે ને સુધા ત્યારે પૂરો સ્ફોટ કરશે: એમના પ્રેમ વિષે, કદાચ એમની શાદી વિષે. ડૉ. રાવ શાદી માટે તૈયાર નથી જ. સુધા છૂપા સબંધ કરતાં શાદી માટે દબાણ કરશે. મારી ધારણા પ્રમાણે ડૉક્ટર અંદર આવશે અને કંઈક એવી સફાઈથી સુધાનું ખૂન કરવા કોશિશ કરશે કે જેથી એમ લાગે કે સુધાએ આપઘાત કર્યો છે.

'હવે આપણી વાત. હું બાલ્કનીમાં છુપાઈ જઈશ. તારે બાલ્કનીના પાછળના દરવાજે ઊભા રહેવાનું છે. હું તને એક સિક્સ ચેમ્બર કૉલ્ટ રીવૉલ્વર આપીશ જે તારે તારી પાસે રાખવાની છે. રાત્રે બાર વાગતાં ડૉ. રાવ આવશે. તે પહેલાં હું મારી જાળ બિછાવી દઈશ અને સુધાએ શું કહેવું એ સમજાવીને સંતાઇ જઈશ. તે વખતે હું બાલ્કનીના કાચના બારણા પર ટકોરો મારીશ. માત્ર જ્યાં સુધી હું ટકોરો ન મારું ત્યાં સુધી તારે ડૉક્ટરને ગમે તે ભોગે રોકવાનો છે—રીવૉલ્વરથી પણ. આમાં જો જરા પણ ગરબડ થઈ તો ડૉક્ટર પકડાશે નહિ, અને સુધાનું તેમજ કદાચ મારું પણ મોત થઈ જશે. ડૉક્ટર ભયકર માણસ છે. થોડી મિનિટોમાં સુધાની જિંદગી હોલવી શકે એવો કાબેલ છે. માટે તારી જવાબદારીનો પૂરો ખયાલ રાખજે... જો એના આવ્યા પહેલાં મારો ટકોરો સંભળાય તો તારે વચ્ચે પડવાની જરૂર નથી, એને સીધો જ બાલ્કનીમાં જવા દેજે. એ પછી મને જરૂર પડશે ત્યારે હું બરાબર સમયે બીજો ટકોરો મારીશ. ત્યાર પછી તું લોડ કરેલી રીવૉલ્વર સાથે તરત અદર આવી જજે.'

સતીશ મ્યૂઝિયમની મૂર્તિની જેમ સ્તબ્ધ બનીને બધું સાંભળી રહ્યો. તાજી ફૂટેલી દેશી બંદૂકનો ધુમાડો દૂર થતાં જેમ નાળચું સાફ દેખાવા માંડે એમ નરેન્દ્રનાથની તરકીબ એની નજર સામે સ્પષ્ટ દેખાવા માંડી. હવે એને લાગ્યું કે નરેન્દ્રનાથ એક ભયંકર જોખમમાં ઊતરી રહ્યો હતો. એણે નરેન્દ્રનાથના ચહેરા સામે જોયું. નરેન્દ્રનાથે તેની આંખોમાં આંખો પરોવી પૂછ્યું: 'કેમ? શો વિચાર કરે છે?'

'બસ, વિચાર શો?' સતીશે ડાબો હાથ લંબાવ્યો. 'આજ રાત્રે એ કાળિયા ડૉક્ટરની મુલાકાત કરીશું... મારા વિષે તું બેફિકર રહેજે.'

બન્ને ઊભા થયા. સતીશનો ડાબો હાથ બન્ને હાથમાં દબાવતાં નરેન્દ્રનાથે ગળગળા અવાજે કહ્યું, 'સતીશ, તારા જેવો દોસ્ત મને નહિ મળે!' સતીશ માનથી નરેન્દ્રનાથ સામે જોઈ રહ્યો.

રાત વીતતી હતી. હૉસ્પિટલના ટાવરના રોમન આંકડા ધુમ્મસમાં અસ્પષ્ટ દેખાતા હતા. સતીશે બાલ્કનીના પાછળના દરવાજા પરથી ત્રણ માળ નીચે જોયું. મુખ્ય દરવાજામાંથી બે નર્સો નીકળીને સામેની વિંગમાં જઇ રહી હતી. બત્તી નીચે ઊભેલી કોઈ ડૉક્ટરની ગાડીના પાછળના કાચ પરનો લાલ ક્રૉસ દેખાઈ રહ્યો હતો. અવરજવર ખાસ હતી નહિ. સતીશે પૅન્ટના ખિસ્સામાં હાથ નાખ્યો અને વજનદાર રીવૉલ્વરના સુંવાળા દાંતના હાથા પર આંગળીઓ ફેરવી. એક

સણસણાટી પસાર થઈ ગઈ. લશ્કરમાં પાંચ વર્ષ પસાર થઇ ગયાં હતાં, પણ હજી સુધી આવો થડકાર સતીશે કોઈ દિવસ અનુભવ્યો ન હતો. એણે ભરેલી રિવૉલ્વરની સેફટી કૅચ પર અંગૂઠો ફેરવી જોયો. સામેની ઘડિયાળમાં બારના ટકોરા વાગવા શરૂ થયા.

સતીશે બાલ્કની તરફ જોયું. ધૂંધળા કાચ પાછળ અંધારામાં કંઇ જ દેખાતું ન હતું. સામે સૂનકાર હતો. આ જ માર્ગે ડૅા. રાવ આવવાનો હતો. સતીશને થયું કે આજે પોતે શિકાર માટે ઊભો હતો.

એણે જોયું. સામેથી કોઈ આવી રહ્યું હતું. ખિસ્સામાં હાથ નાખીને એ ચૂપચાપ ઊભો રહ્યો. ચહેરો પાસે આવતાં એણે ઓળખી લીધો– શિકાર આવી રહ્યો હતો! પણ હજી નરેન્દ્રનાથના ટકોરાનો અવાજ આવ્યો ન હતો. ડૅા. રાવ પાસે આવી રહ્યો હતો અને એની ચાલવાની અદા પરથી ગંભીર લાગતો હતો. અંધકારમાં પણ એના કાળા ચહેરા પર ચશ્મા ચમકી રહ્યા હતા. ક્ષણભર સતીશ ડૅા. રાવને રોકવો કે નહિ એની દ્વિધામાં પડી ગયો.

ત્યાં તો ડૅા. રાવ પાસે આવી ગયો. સતીશે ગુસ્સામાં દાંત પીસ્યા. કમબખ્ત નરેન્દ્રનાથ શું કરી રહ્યો હતો! એને એટલી વાર કેમ લાગી? ટકોરો મારવો કદાચ ભૂલી ન ગયો હોય! જોકે નરેન્દ્રનાથ ભૂલે એ તો બનવું અસંભવ હતું. પણ સતીશને નરેન્દ્રનાથ પર ગુસ્સો આવ્યો. ડૅા. રાવ પાસેથી પસાર થયો અને બાલ્કનીના બંધ દરવાજા તરફ જવા માંડયો. તરત સતીશ અંધકારમાંથી બહાર આવ્યો ને ઝપાટામા એક કદમ ભરીને ડૅાકટરની નિકટ આવીને બોલ્યો, 'ડૅાક્ટર!'

ડૅા. રાવે પાછળ જોયું. સતીશને જોઇને એ આશ્ચર્ય પામ્યો, 'અરે, લેફ્ટનન્ટ મહેતા, તમે અહીં કયાંથી?'

'હું કયારનો તમને શોધી રહ્યો છુ...' સતીશે ધીરેથી કહ્યું, 'મારા હાથમાં સખત દર્દ થઈ રહ્યું છે. મને કંઈક ઈલાજ બતાવો.'

'ચાલો, સીધા જઇને તમારા ખાટલામાં સૂઈ જાઓ. મારે હમણાં થોડું કામ છે. કામ પતાવીને હું આવું છું—પછી તમને જોઈશ.' ડૅા. રાવે સતીશ તરફ પીઠ ફેરવીને ચાલવા માંડયું.

સતીશ જરા ગભરાયો. એણે દોડીને ડૅાક્ટરના કોટનો કૉલર ડાબા હાથથી ખેંચતાં પૂછયું 'ડૅા. રાવ, અત્યારે તમે કઈ ડયૂટી પર જઇ રહ્યા છો?'

ડૅા. રાવે તેને એક સખત ધક્કો માર્યો. સતીશ સમતુલા ચૂકીને જમીન પર ગબડયો. ડૅા. રાવનો અવાજ સંભળાયો, 'બેવકૂફ, તને જવાબ આપવા હું બંધાએલો નથી.'

સતીશે જોયું કે ડૅાક્ટર લગભગ અરધે સુધી પહોંચી ગયો હતો... નરેન્દ્રનાથના શબ્દો એના કાનમા હથોડાની જેમ વાગી રહ્યા, 'તારે ડૅાક્ટરને ગમે તે ભોગે રોકવાનો છે, રિવૅાલ્વરથી પણ. જો જરા પણ ગરબડ થઈ તો...સુધાનું ને કદાચ મારુ પણ મોત થઈ જશે.' રિવૅાલ્વર ખેંચી તેણે પડકાર કર્યો, 'ડૅાક્ટર! હેન્ડ્ઝ અપ!'

ડૅા. રાવે પાછળ જોયું. અંધકારમાં ધૂળ ચાટી ગએલા વાઘની જેમ લેફ્‌૰ સતીશ મહેતાની બે આંખો તગતગી રહી હતી અને એના ડાબા હાથમાં રિવોલ્વરનો સફેદ હાથો ચમકતો હતો. સતીશે ઊભા થતાંથતાં સેફ્ટી કૅચ ખસેડીને કહ્યું, 'ડૅાક્ટર સાહેબ, ત્યાં જ ઊભા રહેજો. મને ખબર છે અત્યારે બાર વાગે તમે કઈ ડયુટી પર જઈ રહ્યા છો!'

ડૅા. રાવે હાથ ઊંચા કર્યા. એના અવાજમાં ઠંડી ગમગીની આવી ગઇ હતી. એણે ઝડપથી કહ્યું, 'સતીશ! સતીશ! તને ખબર નથી તું શું કરી રહ્યો છે? એકએક મિનિટ જાય છે ને એક છોકરીનું મોત આવતું જાય છે...તને ખબર છે, સુધા ચૌધરી અદર છે?'

'મને ખબર છે;'સતીશ પાસે આવ્યો.એનો અવાજ ફિણાથી ફાટવા માંડયો, 'અને મને એ પણ ખબર છે-કે હું સુધા ચૌધરીના ખૂનીને—'

'તું મૂર્ખ છે, પાગલ! મને રોકી રહ્યો છે ને અંદર નરેન્દ્રનાથ સુધાનું ખૂન કરી રહ્યો છે!' ડૅા. રાવનો અવાજ દર્દભરી રીતે ધ્રૂજી ઊઠયો.

'શું?' સતીશને લાગ્યુ કે એના કાનની ચામડી ફાડીને ગરમ ગરમ લોહીની ટશરો હમણાં જ ફૂટવા માંડશે.

'નરેન્દ્રનાથ ખૂન કરી રહ્યો છે, સતીશ, તારી બેવકૂફીમાં તું એક છોકરીનો જાન લઇ રહ્યો છે!' વેદના થતી હોય એમ ડૅા. રાવ બોલ્યો.'

'નહિ...' સતીશના મગજમાં શૂન્યતા છવાઈ ગઇ હતી.

'નથી માનતો સતીશ?' ડૅા. રાવ કહે જતો હતો.'તો ચાલ, હું હેન્ડ્ઝ અપ કરીને ચાલું છું. તું મારી પીઠ પર ભરેલી રિવૅાલ્વર દબાવીને ચાલ્યો આવ. તું તારી આંખોથી બાલ્કનીમાં જોજે.'

સતીશ કંઈ વિચારે એ પહેલાં ડૅા.રાવ હાથ ઊંચા કરી આગળ ચાલ્યો. સતીશ પાછળ ઘસડાયો. અંદર પ્રવેશતાં બંને ચીસ પાડી ઊઠયા!

અંદર ટેબલ પર એક નાનો ટેબલ લૅમ્પ ઝાંખો જલી રહ્યો હતો. જમીન પર સુધા ચૌધરી બેહોશ સૂઇ રહી હતી અને એનું આખું શરીર કોઈ પ્રવાહીમાં તરબોળ હતું. પાસે એક ઘૂંટણ જમીન પર ટેકવીને નરેન્દ્રનાથ સિગાર લાઇટર સળગાવી રહ્યો હતો. એના એક હાથમાં સુધાના ભીના સ્કર્ટનો છેડો હતો.

નરેન્દ્રનાથે ચમકીને પાછળ જોયું અને સ્કર્ટનો છેડો તરત મૂકી દીધો.

'હૅન્ડ્ઝ અપ, દોસ્ત!'સતીશે સખ્તાઈથી કહ્યું,'ફરી જા, નરેન્દ્રનાથ!'

'સતીશ, તું પાગલ થઈ ગયો છે, તને ડૅાકટર કલ્લુ બનાવી રહ્યો છે–' નરેન્દ્રનાથના હાથ ધીરેથી હવામાં ઊંચા થયા.

'ચૂપ કર!' બોલી સતીશે ડૅા. રાવ તરફ જોતાં કહ્યુ, 'ડૅાકટર, એના જમણા ખિસ્સામાં પિસ્તોલ છે એ કાઢીને મારા પગમાં નાખી દો. જો જરા પણ ગરબડ થઈ છે તો હું તમને બન્નેને શૂટ કરી દઇશ.'

ડૅા. રાવે આગળ વધીને નરેન્દ્રનાથના ખિસ્સામાંથી પિસ્તોલ કાઢી અને અવળે હાથે સતીશના પગમાં નાખી દીધી.

'એનાં ખિસ્સાં બરાબર તપાસી લો!'સતીશે એ જ સખ્તાઇથી કહ્યું. ડૅા. રાવે નરેન્દ્રનાથનાં ખિસ્સાં પર હાથ ફેરવી જોયા. કોઇ હથિયાર મળ્યું નહિ. એટલે ફરી બન્ને હાથ ઊંચા કરી પીઠ ફેરવી ઊભા રહી ગયા.

'હવે ડૅાકટર સાહેબ,' સતીશે સહેજ હસીને કહ્યુ, 'તમારા કોટના ડાબા ખિસ્સામાં જે હથિયાર છે એ પણ અહીં ફેંકી દો.'

ડૅાકટરે પોતાની પિસ્તોલ પણ નાખી. સતીશે બન્ને પિસ્તોલોને લાત મારી ખૂણાના અંધારામાં હડસેલી દીધી અને કહ્યુ 'ચાલો, આગળ વધો,—પહેલાં ડૅાકટર અને પાછળ તું નરેન્દ્રનાથ'.

: ૩ :

ડૅા. રાવે પોતાના રૂમમાં જઇને બારીઓના પડદા ખોલ્યા અને ટયૂબલાઈટ જલાવી. બહારથી ઠંડો પવન આવી રહ્યો હતો. ટેબલ પર દવાની કંપનીઓનાં નવાં આવેલાં સામયિકોનો એક થોકડો પડયો હતો. બાજુમાં એક ઊંચા કાચના કબાટમાં દવાની નાનીમોટી શીશીઓ ભરેલી પડી હતી. ડૅા. રાવે દિવાસળીથી સિગારેટ સળગાવીને સતીશને બેસવાનો ઇશારો કર્યો. સતીશે બેસીને સિગારેટ જલાવીને કહ્યુ, 'ડૅાકટર, તકદીર સારાં હતાં, નહિ તો આજે જરૂર ઉલ્કાપાત થઇ જાત...'

'ખેર સતીશ, એક હાથથી તેં સારી સેવા બજાવી છે.' સિગારેટનો ધુમાડો હવામાં ફેંકતાં ડૅા. રાવ હસ્યો, 'આવતા વર્ષના મહાવીર ચક્રના લિસ્ટમાં તારું નામ મૂકવું પડશે!'

નોકર ટ્રેમાં કૅાફીની સામગ્રી લાવ્યો. સતીશે બ્રેડના ટુકડા પર ડાબે હાથે માખણ લગાવતાં કહ્યુ, 'અચ્છા હવે તમારી વાત કહો'.

ડૅા. રાવ ખુરશીમાં બેઠો અને કટોરામાં પડેલા સાકરનાં ચોસલાં ચમચીથી રમાડતો બોલ્યો, 'જો અત્યારે તો હું (અનુ. પૃ. ૪૧૪મે)

શૌર્ય અને સાહસ તથા પ્રેમ અને માનવતાની સાગરકથા



સાગરસાવજ દેવો ધાધલ



લેખક 'સુકાની'

ભાગ ત્રીજો

ખંડ ૧૭: મેઘસુવર્ણોની ભીષ્મપ્રતિજ્ઞા

ગજમદો સાથે દ્વીપની સાગરપ્રદક્ષિણા કરીને પછી, મેઘસુવર્ણો પોતાને ગઢ પહોંચ્યો. એની ગઢી દક્ષિણ બકીમાં હતી, ને નજદીકમાં જ સાનૂર બંદરમાં એનાં વહાણો નાંગરતાં હતાં. એકએ દિવસમાં આખા દ્વીપમાં વાત ફેલાઈ ગઈ કે રાજન્ મેઘસુવર્ણોએ ભીષ્મપ્રતિજ્ઞા કરી છે અને નાવિક નંદાના બહારવટાને જેર કરવા એ પોતે, નંદાનો સગો કાકો, બહાર પડવાનો છે! એ ધમદાન કરવા મંડચો હતો. પોતા માટે અને પોતાની સાથે બહાર પડનાર નાવિકો માટે એ જીવંત શ્રાદ્ધ કરાવતો હતો. બલીઓ કહેતા હતા કે નાવિક નદાનો સામનો કરવા જનારને અવશ્ય જીવંત શ્રાદ્ધની જરૂર હતી.

છેવટે સફરનો દિવસ આવી પહોંચ્યો. ત્રણ પિરાહુમાં એ અને એના નાવિકો હતા. બીજાં છ પિરાહુ કેવળ સરંજામથી ભર્યાં હતાં. તોપો-ની સલામી સાથે કાફલાએ લંગર ઉપાડ્યા. ઠેઠ દેન પસર(દક્ષિણ ગ્રામ)-થી લોકો આ પ્રસગ જોવા ઊમટ્યા હતા. ખુદ ભદ્રશીલો સિંહરાજ-પુરથી એને વિદાય આપવા આવ્યો હતો. ભદ્રશીલોએ એને બલી મહારાજની જરિયાન પતાકા આપી. નાવિક-નંદાનું થાણું સર થાય ત્યારે એ પતાકા ત્યાં ચડાવવા ગજમદોએ મોકલી હતી.

કાફલો કેન્નર તરફ મોરાં માંડી ઊપડ્યો અને લોકોએ જયઘોષ કર્યો.

ખંડ ૧૮: ઓરાંગ સાભા

ભદ્રશીલોએ કાફલાને સાનુર બંદરથી વિદાય આપી અને પોતાનો ઘોડો તારવ્યો. એ છડી સવારીએ હતો. પાછળ રસાલામાં માત્ર બે સવાર હતા. થોડો વખત આથમણુ તરફ રહી રસ્તો ફંટાયો. ભદ્રશીલોએ લગામ સંકોરી અને ઘોડો ઓતરાદો ફેરવ્યો. સવારોને આશ્ચર્ય થયું, પણ ગુપચુપ પાછળ તબડ્યા. એક પ્રહર પછી ભદ્રશીલો સાભા બંદરના કિનારે થંભ્યો. બપોર પડવા આવ્યા હતા. બંદર નિર્જન હતું. કાંઠા પાસે એક ક્ષુદ્ર નાવડી પડી હતી. એ નાવ ન હતી; ઝાડના થડને પોલું કરી તરતું મૂક્યું હતું. એની બંને પાસાં જાડા વાંસની ઘટી-ઘરી બાંધી હતી. એવી ઘરીથી નાનાં નાવમાં પઠાણુ સમતલ રાખી શકાય છે.

નાવડીમાંથી એક માણસ કાંઠે આવ્યો અને રેતીમાં માથું અડાડી ભદ્રશીલોને પ્રણિપાત કર્યા. એનો દેખાવ વિચિત્ર હતો. નાનકડું બદન, કાળો વર્ણ, માથા ઉપર ભૂખરા, ઝાડુ જેવા વાળનો અચ્ચો. એ હતો ઓરાંગ લાઉત (દરિયાનો માણસ). જાવા સાગરનાં એ વાઘરાં! ભદ્ર-શીલોના અરમારી વિભાગમાં એવા કુડીબંધ ઓરાંગ લાઉત ભેદુઓ હતા. ભદ્રશીલોએ ઓરાંગ સાભાને ટૂંકાક્ષરી હુકમો આપ્યા.

ઓરાંગ સાભા એટલે સાભા—બંદરનો માણસ. નાવડીમાં બધા ઓરાંગ સાભા હતા. મુખીએ નાવડીમાં પગ મૂક્યો કે નાનકડો સઢ ફૂટ્યો. નાવડી ઝડપથી ઉત્તર તરફ ઊપડી અને જોતજોતામાં મેઘ-સુવર્ણોના કાફલાને નજરાઈ ગઈ. આવા ઓરાંગો અરમારના ભેદુઓ પણ હોઈ શકે છે તેથી એક સારંગે નાવડીને પડકારી. જવાબ મળ્યો કે 'જવું તો દૂર છે, પણ સાંજ પહેલાં સૂરજ મરી જશે, એટલે હમણાં ઝટઝટ લંબક જઈએ છીએ.' સારંગે આકાશ સામે જોયું. એને પણ લાગ્યું કે ઓરાંગની વાત સાચી છે. સાંજ પહેલાં કદાચ વાદળ ઘેરાશે.

સાંજ પડી; વાદળ ઘેરાયાં; અંધારું ઊતરી આવ્યું! પણ નાવડી આખી રાત કાફલા પછવાડે જ ચાલતી રહી.

સવારે કાફલો જાવા સાગરમાં હતો. ચોપાસ અનેક ઓરાંગ લા-ઉતની નાવડીઓ હતી, એમાં સાભા ઓરાંગની નાવડી કોણ પિછાને?

ખંડ ૧૯: ખારી બંજાર

સાનુર બંદર મૂક્યા પછી ઠેઠ છઠ્ઠે દહાડે મેઘસુવર્ણોનો કાફલો બજાર માસીનની ખાડીમાં, માર્તપુર નદીના મુખ પાસે નાંગર્યો. માસીન એટલે ખારું. અહીં તો ઓરાંગ લાઉતની નાવડીઓનો પાર ન હતો. એમાં સાભા ઓરાંગ ભળી ગયો.

ઓરાંગ લાઉત એટલે દરિયાનાં વાઘરાં. આખા જાવાસાગરમાં, મલક્કાની ખાડીમાં અને ચીની સાગરમાં એ કીટ પેઠે ઊભરાય છે. ઓરાંગ લાઉતની નાવડી એ એનો સામગ્રીસંસાર છે. એ નાવડીમાં જ એ જન્મે છે, નાવડીમાં જ બાળપણ વિતાવે છે, નાવડીમાં જ પરણે છે ને સંસાર માંડે છે; અને ઘરડે ઘડપણ મોત આવે ત્યારે વાંસ અને વેલાઓથી બાંધેલા તરાપામાં જ પોઢી પ્રેતલોક તરફ વહી જાય છે.

હજારો કોશનાં આ પાણી. એ એમનું જનસ્થાન છે. એમની નાત-જમાત આખી આ પાણીમાં જ વસે છે. મન થાય ત્યાં તરતું ઘર વહેતું રહે છે. એવી હજારો નાવડીથી આ સાગર ભર્યો પડ્યો છે.

આસપાસના અનેક દેશોની બોલીના ભેળસેળથી એમની બોલી ઊપજી છે. સ્વભાવે સુંવાળા પણ અતિશય ટકીલા આ ઓરાંગ લાઉત બ્રહ્મી નથી, મલયુ નથી, જાવી નથી, થાઈ નથી, ચીની નથી. એ છે ઓરાંગ લાઉત, દરિયાનાં વાસી, જમીન સાથે એમને કશી નિસ્બત નથી. એમને નથી રાજા કે નથી મુખી. સૌ પોતાની નાવડીનો ધણી, અને નાવડી દિલ ચાહે ત્યાં ફરે. ખોરાક માટે એને માથાઝીક જ નહિ. પઠાણુ નીચેના પાણીમાં ઈશ્વરે અખૂટ ખોરાક ભર્યો છે. મન ચાહે તો જૂથમાં ફરે, મન ચાહે તો અકેલો; ને એકેએક ઓરાંગ લાઉત વચ્ચે સમંદરી નાતો.

ખારી બંજાર ઉપર આવી એક જમાત પડી હતી. સાભા ઓરાંગે એમાં મિત્રો બનાવવા માંડ્યા. જ્યાં કશું લેવાનું કે દેવાનું નથી હોતું ત્યાં અકારણ અને નિઃસ્વાર્થ મૈત્રી બહુ જલદી જામે છે. સાભા ઓ-રાંગે ઘડી બે ઘડીમાં એવા મિત્રો બનાવી લીધા અને પછી સવાલ પૂછ્યો, 'કોઈએ અંબન્ પિરાહુ જોયું છે?' નાવડી નાવડીએ એ સવાલ પહોંચ્યો અને એક નાવડીએ જવાબ આપ્યો. એ મુજબ પાસેની જ ખાડીમાં અંબન્ પડ્યું હતું.

મિત્ર નાવડીઓને મેઘસુવર્ણોના પિરાહુઓ ઉપર નજર રાખવાનું કહી સાભા ઓરાંગની નાવડી પાસેની ખાડી તરફ ચાલી.

ખંડ ૨૦: અલકનંદાની શોધમાં

'અમ્બન્'ને લઈ ધાવલ બહાર પડચો ત્યારે મલક્કાની સફરનું તો બહાનું જ હતું. એમાં લાદેલો વેપારીઓનો 'માલ' વેપારીઓએ નહિ પણ ભદ્રશીલોએ મોકલાવ્યો હતો. મહિનાઓ સુધી ચાલે એટલો ખોરાક એમાં ભર્યો હતો.

ધાવલ તો 'ગજવિમોચન'ની પૂઠે હતો. એ અલકનંદાના થાણાને શોધી રહ્યો હતો. ત્રીસ હજાર ટાપુઓમાંથી એ શોધી કાઢવાનું હતું.

લોકવાયકા હતી કે એ સ્થાન કલિમંથન(બોર્નિયો)ની કોઈ ખાડીમાં છે. કોઈ વળી પુલૌ લાકતનું નામ લેતું હતું. ધાવલ પુલૌ લાઉતનો તો ભોંયો હતો. ત્યાં ચીની ચાંચિયાઓ વસતા હતા. પુલૌ લાઉત આખર ઉપર રાખી એણે ટાપુઓ વચ્ચે ચક્કર મારવા માંડચાં. પ્રથમ તો એણે 'ગજવિમોચન'ના હાથે લૂંટાયાં હોય એવાં વેપારી વહાણોની શોધ ચલાવી. એવાં વહાણો પાસેથી એણે જાતજાતની વાતો સાંભળી. એક અજબ વાત તો એ સાંભળી કે ગજવિમોચનના નેજા ઉપરનું ઝૂડ તે કોઈ વાર મગર જેવું દેખાતું, અને કોઈ વાર તક્ષક જેવું દેખાતું હતું. ગજવિમોચન વહાણો ઉપર કોઇ વાર બલીઓ જ રહેતા, તો કોઈ વાર ચીનીઓ જ રહેતા. એક એવી વાત પણ સાંભળી, કે જો પહેલેથી જ બાન ચૂકવવામાં આવે તો સફરી વહાણોને ગજવિમોચન તરફથી કોઈ ભય નહોતો રહેતો. આવાં બાન નક્કી કરનાર મુખ્યત્વે ચીનીઓ જ હતા, અને તેઓ જ બાન વસૂલ કરી અભય આપતા હતા. ધાવલે એવું અભય ખરીદવાનો પ્રયત્ન કર્યો પણ લાંબા વખત સુધી અભય વેચનાર કોઈ ન મળ્યો.

આખરે એ પુલૌ લાકતના ટાપુઓમાં આવીને નાંગર્યો. અહીં એણે જોયું કે વહાણો બેધડક આવતાંજતાં હતાં. એને ખાતરી થઈ કે જરૂર અહીં 'અભય' વેચાય છે. હવે વેચનારને ગોતવો રહ્યો.

દરિયાના દરેક માનવી પેઠે, ધાવલની ધીરજ અખૂટ હતી. એ બજારોમાં ફરવા લાગ્યો. આંખ અને કાન ઉઘાડા રાખવા લાગ્યો. એણે અટકળ કરી લીધી. પુલૌ લાકતના જુદા જુદા ટાપુમાં અનેક સમૃદ્ધ ચીનીઓ હતા. કોઈ વેપાર કરતો હતો; કોઈ વહાણવટું કરતો હતો; કોઇ ઉઘાડે છોગે ચાંચિયાગીરી કરતો હતો. તે કાળે, આજની પેઠે જ, નાના ચોર તે ચાંચિયા કહેવાતા, મોટા ચોર તે રાજા કહેવાતા!

એ જમાનો તલવારનો હતો, આ કલમ ને વિજ્ઞાનનો છે. બંનેની ધાર કાતિલ છે; બેયમાં ઉદ્ધાર અને સંહારની અખૂટ શક્તિ છે.

પુલૌ લાઉતના મુખ્ય ટાપુથી થોડે દૂર એક નાનો બેટ છે. એમાં લી પિંગ રહેતો હતો. લી પિંગ માછીમાર હતો, પણ એને કોઇએ માછલાં પકડતાં જોયો ન હતો. એના મછવા મોટે ભાગે ખુવા ઢાળીને કિનારા ઉપર પડચા રહેતા. છતાં લી પિંગની જાહોજલાલી બઢતી જતી હતી. ધાવલે લી પિંગની દોસ્તી સાધી.

થોડા દહાડા મામૂલી વાતોમાં નીકળી ગયા. પછી નાખવાએ વાત કરી કે 'અમ્બન્' ને અહીંથી રેશમી ગાંસડીઓ મળે એમ છે, પણ એ બલી પહોંચાડવાની છે એમાં લોકો ગજવિમોચનનું જોખમ દેખાડે છે. લી પિંગે સાંભળ્યું ન સાંભળ્યું કર્યું. ઘડી પછી ધાવલે રજા લીધી. લી પિંગે આકાશ સામે જોઇ કવિતાની એક કડી કહી સંભળાવી:

'ડાહ્યો તો જણ એ જ   જાણીબૂઝીને વહોરે ન જે જોખમ.'

અને તે દહાડો એ કડી ઉપર જ પૂરો થયો. બેચાર દિવસ રહી ધાવલે ફરી એ જ વાત કાઢી. લી પિંગને ફરી કવિતા સૂઝી:

'આકાશ, પૃથ્વી, દરિયા પરે વળી
એવું નથી જોખમ કોઈ, જેનો
ઉપાય ડાહ્યો જણ ના કરી શકે.'



તક્ષક

જન્મેજયના પિતા પરીક્ષિતને શાપ હતો તે અનુસાર 'તક્ષક'-દંશથી એનું મૃત્યુ થયું. એનું વેર વાળવા જન્મેજયે સર્પ-યજ્ઞ કર્યો. એ રીતે મહાભારતકારે 'તક્ષક'ને એક જાતનો 'સર્પ' માન્યો છે. કોષકાર અમરસૂરિ કહે છે કે 'તક્ષકો નાગવર્ધકયોઃ' -તક્ષકના અર્થ નાગ અને કારીગર (સુતાર) એમ બે થાય છે. વાસ્તવિક રીતે તક્ષક એ કૃકલાસ-ગોધિકા-ઘો (Lizard) વર્ગનું પ્રાણી છે. પૂર્વ બંગાળ, આસામ અને ખાશીની ડુંગરાળમાં એને 'તોખ્ખક' કહે છે અને બ્રહ્મદેશમાં એને 'ટકટુ' કહે છે. આ બંને શબ્દ તક્ષકના અપભ્રંશ છે. ચીનનો 'ડ્રૅગન' એ મહાતક્ષકની કલ્પના છે. મોટામાં મોટા તક્ષક ચારપાંચ હાથ લાંબા થાય છે. અંગ્રેજીમાં એને ઇગ્વાના (Iguana) કહે છે. જાડી માંસલ જીભ; જીભને ટેરવે ફાડ, જીભ બહાર ન કાઢી શકે; પીઠ ઉપર ઘણુંખરું ઉપસેલી કરોડની ખૂંધ અથવા જોત; ગળામાં ગાય જેવી લટકતી ચામડી; આખે શરીરે કઠણ ભીંગડાં; પ્રમાણમાં જરા પહોળું એવું સપાટ માથું; માથા પાછળ સ્નાયુના ગલબંધ; આંખ બહાર પડતી, અને પાંપણ જાડી મોટી; તીખા ધારદાર દાંત;—એ તક્ષક.

એક ઝાડ ઉપરથી લગભગ ઊડતા હોય એવી છલાંગ મારી, દૂરનાં ઝાડ પર કૂદનારા સેન્ટ યુસ્ટેશિયસ ટાપુના તક્ષક તો ઊડતા ઇગ્વાના (flying dragons) કહેવાય છે. (St. Eustatius in Netherlands Antilles.) ગરોળીથી ઠેઠ મગર સુધીના પ્રાચીન સંસ્કૃત ગ્રંથોની કૃકલાસ જાતિનાં પ્રાણીમાં તક્ષક—ખાસ કરીને ઇગ્વાના તક્ષક જીવલેણ બચકાં ભરી શકે છે.

—'સુકાની'

ધાબલ રાજી થયો; એને જોઇતો જવાબ મળી ગયો. ધાબલને કવિતા ઉપર તો નફરત હતી, પણ આ કવિતા ઉપર એ ખુશ થઇ ગયો. એણે લી પિંગ સાથે સોદો નક્કી કર્યો.

લી પિંગ હવે ગજવિમોચન સાથે કેમ સંપર્ક સાધે છે એ શોધી કાઢવું જરૂરી હતું. એક દહાડો એણે પુલૌ લાઉતના પહાડ ઉપર કંદીલ જોયું. બીજે દહાડે એ પહાડની ટોચે પહોંચ્યો ને છુપાઈ બેઠો. રાત્રે લી પિંગનો એક માછી આવ્યો ને ફરી કંદીલ મૂકી ગયો. ત્રીજી રાત્રે પણ કંદીલ સળગ્યું. ચોથી રાત્રે કંઇ ન હતું!


પાંચમી સવારે ધાબલે માછીનો સંપર્ક સાધ્યો ને કંદીલનો અર્થ પૂછ્યો. માછીએ કહ્યું કે પહાડ ઉપર એના ફેંગ શ્વી છે (એના પુરખાઓની સમાધ છે). ફેંગ શ્વી એટલે પવન અને પાણી. પરલોક સિધાવેલી પેઢીઓને ચીની બોલીમાં 'પવન અને પાણી' કહે છે. દુનિયાની બીજી કોઈ ભાષામાં સ્વર્લોક માટે આવો કાવ્યમય ને હળવો શબ્દ નથી!

પણ માછીની વાત ઉડાવનારી હતી. પહાડ ઉપર કોઈ ફેંગ શ્વી ન હતા. ધાબલે માછીની ગરદન પકડી. એનો રાક્ષસી પંજો એના ગળા ઉપર ભીંસાવા લાગ્યો. માછી પોતે જ ફેંગ શ્વીને ઢૂકડાઈ ગયો. જીવ બચાવવા એણે સાચી વાત કહી દીધી. એ ગજવિમોચનના હલકારાને બોલાવવાનો સંકેત હતો. ધાબલનો હરખ નહોતો સમાતો. એણે માછીની બાંયો રિયાલ(સિક્કા)થી ભરી દીધી! કોઈ ઊંચી ટેકરી ઉપર, નિદાન ઊંચા ઝાડ ઉપર ત્રણ રાત લાગલાગટ કંદીલ પેટે એટલે ગમે તે ઓરાંગ લાકત અલકનંદાના બેટ ઉપર ખબર પહોંચાડતો હતો.



જેક કૉર્નવેલ. સાડા સોળ વર્ષની ઉંમરે બહાદુરી માટે મળતો વિક્ટોરિયા ક્રૉસ જીતનાર એ સૌથી નાનો વિજેતા હતો. જટલૅન્ડની લડાઇમાં થએલા જખમોને લીધે પાછળથી ઈ.સ. ૧૯૧૬ની ૩૧મી મેએ એનું અવસાન થયું.


ઉત્તર અમેરિકાનું વૂડકૉક નામનું આ પંખી ઊડતી વખતે જરૂર પડે તો પોતાના બચ્ચાને આમ બે પગ વચ્ચે ઊંચકી જાય છે. સ્વભાવે બહુ શરમાળ હોવા છતાં શહેરમાં વસતિ વધ્યે ઈ એના માળા જોવા મળે છે.



૧૯ લખોટા ૯ હારમાં એવી રીતે ગોઠવો કે જેથી દરેક હારમાં પાંચ પાંચ લખોટા જ આવે. (જવાબ નીચે)


વરસાદનાં ટીપાં અનેક કદ અને આકારનાં હોય છે. પાણીપર છે તે બહુ જાણીતા આકારમાં તો એ ભાગ્યે જ પડે છે. મોટે ભાગે તેનો આકાર ચુરમાના લાડુ જેવો ઉપરથી ગોળ અને નીચેથી ચાપટો હોય છે. બહુ નાનાં ટીપાં ગોળ ગોળી જેવાં.


ઈરાનમાં શુસ્તર નામે પ્રાચીન ગામમાં કારૂન નદી પરનો આ પુલ ઈ.સ. ૨૬૦માં સાસાનિયન રાજા શાપુર પહેલાએ બીડેસા મુકામે કરાવેલા રોમન કેદીઓ અને જીવનભર કેદમાં રાખેલા તેમના રાજા વેલેરીઅન પાસે બંધાવરાવેલો.



આફ્રિકન હાથી પોતાની આખી ઉંમર-લગભગ ૫૦ વર્ષ પોતાના પગ પર જ કાઢે છે. હજી સુધી તે સૂતેલો દેખાયો નથી.

૧૪૨૮૫૭ x ૭ = ૦૯૯૯૯૯૯ + ૯ = ૧૧૧૧૧૧
૨૮૫૭૧૪ x ૭ = ૧૯૯૯૯૯૮ + ૯ = ૨૨૨૨૨૨
૪૨૮૫૭૧ x ૭ = ૨૯૯૯૯૯૭ + ૯ = ૩૩૩૩૩૩
૫૭૧૪૨૮ x ૭ = ૩૯૯૯૯૯૬ + ૯ = ૪૪૪૪૪૪
૭૧૪૨૮૫ x ૭ = ૪૯૯૯૯૯૫ ÷ ૯ = ૫૫૫૫૫૫
૮૫૭૧૪૨ x ૭ = ૫૯૯૯૯૯૪ + ૯ = ૬૬૬૬૬૬


એક ઘનફૂટ ઍલ્યુમીનિયમનું વજન એક ઘનફૂટ ગ્રેનાઇટ કરતાં વધારે હોય છે.


આ તીર જેવા આકારોની ત્રાણે અણીઓ સરખે અંતરે હોવા છતાં દૃષ્ટિભ્રમને લીધે એ વધારે-ઓછું લાગે છે.


૫૦ ફૂટ જેટલે દૂરથી પણ ફૂતસ ઘડિયાળનો અવાજ સાંભળી શકે છે.


૧૯ લખોટા આમ ગોઠવાય


સૂર્ય જ્યાં હોય છે ત્યાં જ આપણે તેને કદી જોઇ શકતા નથી. કેમકે તેના પરથી આવતાં પ્રકાશનાં કિરણો આપણા સુધી પહોંચે એ દરમિયાનમાં તો એ પોતાના વ્યાસ કરતાં લગભગ બમણા અંતર જેટલો આગળ નીકળી ગયો હોય છે.


ઈ.સ. પૂર્વે ચીનના સમ્રાટ ઓ-ફાંગે પોતાના મહેલમાં આવતા મુલાકાતીઓને અંદર પ્રવેશવા માટે એક એવું દ્વાર બનાવેલું કે જેમાંથી પસાર થતાં તે વ્યક્તિએ જો કંઇ હથિયાર છુપાવ્યું હોય તો તે તુરત પકડાઇ જાય. આ માટે એણે એ આખું દ્વાર લોહચુંબક પથ્થરોનું જ બનાવરાવેલું.

સાતમે દહાડે લી પિંગે આકાશ તરફ જોઇ વળી કવિતા લલકારીઃ

'ખાતું જના ખોલવું એ મુનાસિબ,
ને ખોલવું તો ચિરકાળ રાખવો
ખયાલમાં ચૂકવણા તણો દિન.'

નાખવાએ લી પિંગને એક હજાર રિયાલ ગણી આપ્યા.

તે રાતે એક નાવડી મધદરિયે જતી દેખાઇ. પછવાડે એક બીજી નાવડી બહાર પડી. એ બીજી નાવડીમાં અગ્નબનનાં માણસો, સુપર્વો ને મહાંગ બેઠા હતા. બેયને માથે ભૂરા વાળની ખુઆરી હતી અને દૂરથી બરાબર વાઘરા જેવા લાગતા હતા એ ઓરાંગ લાઉત બન્યા હતા.

'અગ્નબને' લંગર ઉપાડયું. હવે અહીં રહેવામાં જોખમ હતું.

ખંડ ૨૧ : પ્રતીક્ષા

ખારી બંજારની ખાડીની પશ્ચિમમાં થોડા કોશ ઉપર સિમ્બિયાંગની ખાડી છે. અહીં 'અગ્નબને' ફરી મળવાનું સ્થાન નક્કી કર્યું હતું.

એક દહાડો એક નાવડી એને પડખે સોડ પડી. બેડિયાતોને થયું કે સુપર્વો પાછો આવ્યો છે. પણ આ નકલી ઓરાંગ ન હતા; આ તો ઓરાંગ સાભાં હતા. એ મેઘસુવર્ણોના વાવડ લાવ્યા હતા! વાવડ એ હતા, કે મેઘસુવર્ણોના કાફલામાં લડાઇનો સરંજામ નહિ, પણ એમાં બલી ગઢનો ખજાનો ભર્યો હતો. બલીમાંથી એણે હમેશના કચાળા ભર્યા હોય એમ લાગતું હતું. ધાબલને આ વાવડ બહુ ઉપયોગી હતા!

પુલૌ લાઉતના ટાપુમાંથી, ગજવિમોચનની નાવડી પાછળ, ઓરાંગ લાઉતના વેશમાં ગએલો સુપર્વો હજુ પાછો ફર્યો ન હતો. પણ સાભા ઓરાંગની વાત સાંભળી ધાબલ ખારી બંજાર જવાને અધીરો બની ગયો. એણે એક જાવી બેડિયાતને સિમ્બિયાંગમાં ઉતારી દીધો, અને સુપર્વો આવે તો એને ખારી બંજાર લાવવાનું કહી લંગર ઉપાડયું. એ પહેલાં એણે ટૂંકમાં ભદ્રશીલોને દેવાનો સંદેશો સાભા ઓરાંગને કહ્યો. સાભા ઓરાંગ વાઘરી તો હતો, પણ ભદ્રશીલોની અરમારીનો કાબેલ ભેદુ પણ હતો. એણે સંદેશો અક્ષરેઅક્ષર પાછો બોલી દેખાડયો!

બીજે દહાડે બપોરે 'અગ્નબન' ખારી બંજાર પહોંચ્યું. મેઘસુવર્ણોની લંગરગાહ ખાલી પડી હતી! એનાં નવેનવ પિરાહુ આગલી સાંજે

જ હંકારી ગયા હતા.

ધામલ જરા નાસિપાસ થયો. એને શા કારણથી નાસિપાસી થઈ હતી એ તો પોતે પણ જાણતો ન હતો. હવે સુપર્વોની રાહ જોવા સિવાય બીજો ઇલાજ ન હતો. જો મેઘસુવર્ણોને નાવિક-નંદાના ચાંચિયા અડ્ડા વિષે પાકી માહિતી મળી હોય તો એનો કાફલો હુમલો કરવા ઊપડ્યો હશે. અને સુપર્વોને પણ એ અડ્ડાનું ઠેકાણું મળ્યું હોય તો ધામલ એ હુમલામાં સાથ આપવા અધીરો બની ગયો.

ખંડ ૨૨ : સુલંબોના બેટડા

ચોથે દહાડે સુપર્વોની નાવડી આવી પહોંચી, અને બહારવટિયાના અડ્ડાના પાકા ખબર પણ લાવી. રેખાંશ ૧૧૩/૧૧૪ (પૂર્વ) અને અક્ષાંશ ૫/૬ (દક્ષિણ)ના અંદાજમાં બે નાના ટાપુઓ છે. એ એટલા નાના છે કે આજે પણ નકશામાં એ કાંટાની અણી જેવડા દેખાડવામાં આવે છે.સામાન્ય નકશામાં તો એ બેટડા દેખાડી પણ નથી શકાતા.

એ બેટ તે સુલંબો અને ઉપસુલંબો. સુપર્વો ખબર લાવ્યો હતો કે એ બેટ, તે જ બહારવટિયાઓનો અડ્ડો છે. સુપર્વોને પાછા ફરતાં લગભગ પખવાડિયું વીતી ગયું હતું કેમકે એની નાવડી તોફાનમાં ઘસડાઈ ગઇ હતી. દરમ્યાન સાભા ઓરાંગ પણ બલીથી પાછો ફરી આવ્યો હતો. ભદ્રશીલોને મોકલેલા સંદેશાના જવાબમાં, મન્ત્રીશ્વર ગજમદોએ માત્ર એક નાજુક રત્નજડિત ક્રિસ(કટારી)મોકલાવી હતી!

આ ક્રિસની મતલબ ધામલને ન સમજાઇ. પણ ગજમદોની પ્રતિભા અને અગમચેતીમાં એને હવે શ્રદ્ધા બેસી ગઈ હતી. એણે કટારી સંભાળીને રાખી મૂકી. એને ખાતરી હતી કે એક દહાડો આ નાજુક કટારી જરૂર કોઈ ભેદી રહસ્યની ચાવી પૂરી પાડશે. ક્યારે અને ક્યાં, એ આજે જાણવું અસંભવ હતું.

'અમ્બને' મોરો દક્ષિણ ઉપર સહેજ ઉગમણે મૂકી સઢ છોડ્યા. સુપર્વોએ દિશા ચીંધી અને 'અમ્બન' ઊપડ્યું. પાછળ ઓરાંગ સાભાની નાવડી પણ ઊપડી. આખે રસ્તે ત્રણ દહાડા સુધી અનેક પિરાહુ અને બરછા દેખાયા કર્યા. ઓરાંગ નાવડીઓ તો અસંખ્ય હતી. પણ મેઘસુવર્ણોનો કાફલો ક્યાંય પણ ન દેખાયો.

ધામલને લાગ્યું કે એ ક્યારનો ય સુલંબો પહોંચી ગયો હશે, અને જો એણે બહારવટિયાઓને જેર કરીને, પોતાની ભીષ્મપ્રતિજ્ઞા પાર પાડી હોય, તો તો...હવે એનો કાફલો પાછો ફરવો જોઇએ. અલબત્ત એ બલી તરફ જ ગયો હોય તો આ દિશામાં ન મળે. પણ ધામલનું અંતર એને કહેતું હતું કે મેઘસુવર્ણો બલી નહિ જાય.

ધામલને હવે બે રહસ્ય મૂંઝવી રહ્યાં; એક તો નાવિક-નંદાનું બહારવટું, અને બીજું મેઘસુવર્ણોના અલોપ થઈ જવાનું કારણ.

હવે જળવાટ ઓચિંતી નિર્જન થવા માંડી હતી. બે દહાડામાં એક જ સઢ દેખાયો હતો. જાવાસાગરનું આ નિર્જન વેરાન હતું. માટે તો અહીં અલકનંદાએ થાણું નાખ્યું હશે!

સાતમા દહાડાની સાંજ પડવા આવી હતી. વાવડો ધીરો વહેતો હતો. પડખાતા વાવડામાં 'અમ્બને' પરબાણ તિરકસ કર્યા હતાં; વાતાવરણમાં સહેજ ઝાંય વળી ગઈ હતી; ક્ષિતિજ ટૂંકડાઇ ગયું હતું. ત્યાં ખાટલીમાંથી સાદ પડ્યો. બરાબર અસ્ત પામતા સૂર્યબિંબની વચ્ચોવચ એક શંકુ જેવો નાનો ડુંગર દેખાતો હતો. સુપર્વોએ સુકાન ઉપરથી કહ્યું 'સુલંબો!' ધામલે દૂરબીન ઉપાડી. કાચમાં એક જ ટાપુ દેખાતો હતો. બેચાર નાવડીઓ ટાપુ તરફ વહી રહી હતી. સુલંબોના બહારવટિયાઓ પોતાના ભેદુઓ ન રાખે એ ન જ બને. ધામલ સમજી ગયો કે આ બાજુ નવતર પિરાહુ હોવાના ખબર રાત પહેલાં જ બેટ પર જરૂર પહોંચી જશે.

એ અહીં જાગીબૂઝીને જાતે જ આવ્યો હતો; બિનહથિયારે આવ્યો હતો. એના ફાલકામાં રેશમની ગાંસડીઓ ભરી હતી એ વેપારી હતો. વેપારી પાસે થોડાક તમંચા અને દશબાર તલવારો સિવાય શું હોય? ધામલ પાસે એટલાં જ હથિયાર હતાં.

ધામલે રાત ટાપુથી દૂર ચક્કર લેતાં કાઢી.

ખંડ ૨૩ : વાઘણની બોડ

આ અક્ષાંશમાં સપ્તર્ષિ કરતાં ત્રિશંકુ નક્ષત્ર વધારે દેખાય છે. ત્રિશંકુ હવે ઢળવા માંડ્યું હતું. સવાર હજી થોડી દૂર હતી. નાખવાએ સુકાનનાં પાટિયાં પર જડેલ રીપ ને થાપા કઢાવી નાખ્યાં. ને પછી થીગડાં પેઠે એ પાછાં જડાવી દીધાં. પહેલી નજરે જોનારને એમ જ લાગે કે સુકાનને ક્યાંક માર લાગ્યો હતો અને જેવાતેવાં થીગડાં દીધાં હતાં. છેલ્લી ઘડીએ કંઇક વિચાર આવતા ધામલે ગજમદોએ મોકલાવેલી પેલી ભેદી કટારી એ થીગડાં પછવાડે સુકાનની રીપમાં સંતાડી દીધી.

ધીરેધીરે 'અમ્બન' સુલંબો પાસે આવી ગયું ને બે ટાપુ વચ્ચેની ખાડી સામે થંભી ગયું. ધામલ જાણતો હતો કે આખી રાત એના ઉપર ટાપુએ નિગરાણી કરી હશે. અરુણોદય થતાં જ એક નાનું પિરાહુ ખાડીમાંથી બહાર આવતું દેખાયું. પિરાહુ ઉપર બે નાની તોપો હતી.સશસ્ત્ર નાવિકો એમાં ઊભા હતા. થોડી વારે પિરાહુ પાસે આવી પહોંચ્યું.

અને તૂતક ઉપરથી પડકાર પડ્યો. ધામલે જવાબ દીધો: 'પિરાહુ અમ્બન; મુકામ સુરબાયા; માલિક જરૂમુદ્દી અહમદ સુપર્વો; નાખવો દેવરાજ ધામલ; ખલાસ ઓરાંગ નૅગરી હિંદ અને ઓરાંગ નૅગરી જાવા; બરૂનઈ બંદરથી ઊપડ્યું છે; જવું છે સાનૂર, બલીમાં; રસ્તામાં સુકાન જોખમાયું છે અને પિરાહુ આથમણું ઘસડાઈ આવ્યું છે!'

સુલંબોએ કરડાકીથી હુકમ કર્યો: 'અમે રસ્તો આપીએ છીએ; અમારી પાછળ આવો.'

'અમ્બન' ખાડીમાં આવ્યું. ખાડીએ વળાંક લીધો ને લંગરગાહ ઊઘડી. અનેક જાતનાં વહાણ ત્યાં પડ્યા હતાં. જમણે પડખે મોટો ટાપુ હતો. એમાં મકાનો, મંદિરો, વખારો વગેરે દેખાતાં હતાં. ડાબે પડખે નાનો ટાપુ હતો. એમાં એક જબરદસ્ત ડેલો દેખાતો હતો. ડેલો દરબારગઢ જેવડો મોટો હતો. થોડાં મકાનો પણ દેખાતાં હતાં. એક ઊંચું ગોપુરમ્ દેખાતું હતું. દરિયા તરફથી તો અહીંની આ વસતિનું એકે ય ચિહ્ન નહોતું દેખાયું. દરિયામાંથી જોતાં તો બે ય ટાપુઓ નિર્જન જેવા દેખાય એવી રીતે ખીણમાં જ ગામ વસાવ્યાં હતાં.

લંગરગાહમાં 'અમ્બન' થંભી ગયું. સશસ્ત્ર માણસોએ એના ફાલકા તપાસ્યા. નાખવાનો આવાસ ફેંદી નાખ્યો. નાખવાએ કંઈ છુપાવ્યું ન હતું. છુપાવ્યું હતું ગજમદે.એ મોકલાવેલું નાજુક ક્રિસ. એ તો સુકાનની સમારેલી રીપમાં પડ્યું હતું. નાખવાની પેટીમાંથી એક ચિઠ્ઠી નીકળી. એ લી પિંગે પુલો લાઉતમા હજાર રિયાલ લઇને નાખવાને આપી હતી. ચિઠ્ઠી વાંચી સુલંબોના નાવિકે પોતાના સરંગની બેવડમાં મૂકી દીધી. સરંગ એટલે કચ્છ અને પાટલી વગરનું ધોતિયું-વેષ્ટિ.

વારાફરતી 'અમ્બન'ના દરેક ખારવાની જુબાની અને જડતી લેવાઈ. બધાએ એક જ વાત કહી, જે ધામલે કહી હતી. એટલે ટાપુમાં જ્યાં વેપારીઓ રહેતા હતા, ત્યાં ધામલને રહેણાક કરવાની છૂટ અપાઈ. 'અમ્બન'નું સમારકામ દરબારી સુતારવાડામાં કરી આપવાનું આશ્વાસન અપાયું. આ બહારવટિયા હતા, ચાંચિયા ન હતા. એમને એમનું ભાન મળી ગયું હતું, હવે એ બિલકુલ સામાન્ય વેપારી જેવા સાલસ લાગતા હતા. તે કાળે ચાંચિયા શબ્દ બહુ વ્યાપક હતો. વેપારી અને ચાંચિયામાં બહુ અંતર ન હતું; કદાચ આજે પણ બહુ અંતર નથી!

વેપાર એટલે સંપત્તિનું સર્જન; અને સર્જન સાથે જ લોકહિતમાં

વ્યય! તો વેપારીની સંપત્તિ કેવળ આત્મહિતમાં જ જમા થતી રહે તો એ કેવળ લૂંટ બની જાય છે!

ધાબલ આ બહારવટિયાઓને જોઈ સહજ અચંબામાં પડ્યો. આ ટાપુ ઉપર ભલે વાઘણ રહેતી હશે, પણ હજુ એના નહોર નહોતા દેખાતા. ધાબલ એ વાઘણને-નાવિક નન્દાને જોવા ઉત્સુક બની ગયો.

એકાએક એને ગજમદોએ મોકલાવેલું પેલું નાજુક, રત્નજડિત, રમકડા જેવું કિરિસ સાંભર્યું. ધાબલને યાદ આવ્યું, કે અલકનન્દા—નાવિક નન્દા વિષે ગજમદોએ એકે કટુ વાક્ય નહોતું ઉચ્ચાર્યું, અને એ નાજુક કટારી મોકલીને એણે સ્પષ્ટ સંદેશો મોકલાવ્યો હતો. વાઘણના નહોર કાપવાના હતા, પણ એના પહોંચાને ઈજા નહોતી પહોંચાડવાની. ગજમદોની મુત્સદ્દી પ્રતિભાથી ધાબલ અંજાઈ ગયો. એને લાગ્યું કે ગજમદો આ બહારવટિયાઓના ભેદ પૂરેપૂરા જાણતો હતો.

ખંડ ૨૪ : ગયબર ધાબલ

'અમ્બન' ઉપર સમારકામ ચાલુ થયું. ઓચિંતા એમાં અનેક કામ નીકળી પડયાં. સુતારવાડા પાસે એને નાગર્યું હતું. ધાબલ પોતે કામની નિગરાણી કરતો. એ કામો કાઢતો જ ગયો. સુતારવાડામાં એ પ્રહરો વિતાવતો. પશ્ચિમ ધરાનો આ નામચીન ગયબર, વાડામાં જોતજોતામાં એકરસ થઈ ગયો. એની બાહોશીથી વાડાનો મુખ્ય ગઝદર પણ ચકિત થઈ ગયો. અહીં અનેક પિરાહુઓ ઉપર કામ ચાલતું હતું. ધાબલ દરેક કામમાં રસ લેવા મંડયો. બહારવટિયાઓ સફર ઉપરથી આવે અને પિરાહુઓ જખમાવી આવે; વાડાએ એને પાછાં સાજા કરી દેવાં પડતાં હતાં—કોઇ વાર તો અંતરિયાળ સાજાં કરી દેવાં પડતાં. કામની ખૂબ તાકીદ રહેતી. ધાબલની મદદ અહીં બહુ કામયાબ થઈ પડી. કોઈ વાર એનાં માણસો 'અમ્બન' છોડી બીજાં પિરાહુઓ ઉપર કામે ચડતા હતા. આ મદદ પણ બહુ મુબારક હતી. 'અમ્બન' ઉપરનું કામ ધીમું પડી ગયું. ધાબલને એ જ જોઈતું હતું. ગમે તે બહાને એને અહીં રહેવું હતું. નાવિક-નન્દાનાં એને દર્શન કરવાં હતાં અને એ હજુ અદશ્ય જ હતી.

આખા ટાપુમાં મકાનો લાકડાનાં હતાં. લાકડાંની ફરસ, લાકડાંની દીવાલો ને ક્યાંકક્યાંક તો લાકડાની છત ઉપર લાકડાનાં જ નળિયાં હતાં. એ સર્વ મકાનોનાં ચણતર ને મરમ્મત પણ આ વાડાને હસ્તક જ હતાં. અને એ રીતે ધાબલ અનેક મકાનો જોઇ શક્યો, અનેક માણસોને મળી શક્યો અને આખા ટાપુનો ભોમિયો થઇ ગયો. માત્ર સામેના ટાપુ ઉપર હજુ એણે પગ નહોતો મૂક્યો. એ ધીરજ રાખી રહ્યો હતો. એક દહાડો એ પ્રસંગ પણ આવ્યો.

સામા ટાપુને કુચિલ સુલંબો કહેતા (કુચિલ એટલે નાનો); અને 'કુચિલ'ને ટૂંકે નામે જ એ ઓળખાતો. એક સવારે મોટો ગઝદર ધાબલને લઈ કુચિલ તરફ ઊપડયો.

વચમાંની ખાડી સાંકડી હતી. ગઝદરે કહ્યું કે ખાડી મધરાંથી ખદબદતી હતી. 'આના જેવાં–' કહી ગઝદરે સામે દરબારગઢ ઉપર ઊડતા 'ગજવિમોચન'ના ઝંડા તરફ આંગળી ચીંધતાં કહ્યું. નાખવો એ ઝંડા તરફ જોઇ રહ્યો. એમાં ગ્રહ હતું. ચીની તક્ષક નહિ. સાદા મગર જેવું ગ્રહ. સામે કિનારે લાકડાનો નાનકડો ફુડચો હતો. ત્યાં જ ગઢનું નાકું હતું. ગઢની દીવાલો સામાન્ય હતી. ડુંગરના ચડાણ ઉપર એ ચડતી-ઊતરતી હતી. દીવાલની બહાર ઊંચાં ઝાડ હતાં. અનેક ઝાડ દીવાલની ઊંચાઇને આંબી ગયાં હતાં, એ દેખાડતાં હતાં કે ગઢ કેવળ શોભાનો જ રહ્યો છે, દુશ્મનને ડારવા નહિ. સુલંબોના દુશ્મનો દરિયા તરફ હતા, અને એના સ્વાગત માટે તો ચોતરફની પહાડીમાં તોપો છુપાઈ હતી.

ગઢની દેવડીએ ચોકી હતી. દેવડી પાછળ જબ્બર મંદિર હતું. સામે પ્રચંડ ચોગાન. અહીં ચંડીશક્તિ પૂજાતી હતી.

અનેક ચોક, ચોગાન, મકાન અને વાડાઓ મૂકી મહોલાત આવી. એના ઉપર 'ગજ-વિમોચન'નો ઝંડો ઊડતો હતો. ગઝદરે કહ્યું કે અહીં મન્ત્રીશ્વર વસુ પ્રાપ્તો રહેતા હતા. હાલ એ ટાપુ ઉપર ન હતા. વર્ષમાં બેચાર લાંબી સફરે નીકળતા રહેતા હતા. એમને સ્થાને ઉપમંત્રી મધુગન્ધો હાલ કારભાર ચલાવતા હતા.

મહેલની પછવાડે વિશાળ ઉપવન હતું. છેવાડે પથ્થરનું સુંદર મકાન હતું. એની બાંધણી કલામય હતી. મકાન રંગમહેલ જેવું લાગતું હતું. એની સામે ઉદ્યાન હતું. બે બાજુ ગઢની દીવાલો હતી. પાછળ પહાડીની કિનાર હતી. એ કિનારથી, સેંકડો હાથ નીચે દરિયો ઘૂઘવતો હતો.

રંગમહેલ ઉપર સુંદર ઝંડો ઊડતો હતો. દરિયાનાં પાણી જેવી આસમાની ભોંયની વચમાં રૂપેરી જરીનો શંખ! ગઝદરે કહ્યું કે આ ઝંડો શ્રી પરમેશ્વરીના પિતા ઇન્દ્રસુવર્ણોનો છે. એને આઠે પ્રહર ઊડતો રાખવાની પરમેશ્વરીની આજ્ઞા છે. ધાબલે સહજમાં પરમેશ્વરીનું નામ પૂછી લીધું. એનું નામ હતું અલકનંદા! ધાબલ વારંવાર શંખાંકિત ઝંડાને જોવા લાગ્યો. ગજમદોએ મોકલાવેલી કટારીની મૂઠ ઉપર આવું જ નિશાન હતું. હવે એને કટારીનો ભેદ સમજાયો. નાવિક-નન્દાના પિતા ઇન્દ્રસુવર્ણોની એ કટારી હતી. કદાચ ખુદ અલકનંદાની પણ એ હોય! એ કટારી આ વાઘણની બોડમાં કદાચ જીવનદાન આપી દે—તેથી જ ગજમદોએ એ મોકલાવી હતી એ હવે સમજાઈ ગયું.

વાઘણની બોડ બહુ જ સુરમ્ય હતી. એ વાઘણ કેવી હશે?

રંગમહેલને પડખે લાકડાનો અષ્ટકોણ કલામય મંડપ બાંધવાનો હતો. ગઝદરે જમીન માપવા માંડી અને ભારવટિયા, ખંભ, ખૂણા, રંગ, રોગાન વગેરેની ચર્ચા કરવા માંડી.

બીજે દહાડે અહીં કામ શરૂ કરવાનું હતું. એ કામની નિગરાણી ધાબલે હોંશથી પોતા ઉપર લઈ લીધી. અતિ કામના બોજાથી વ્યગ્ર બનેલા ગઝદરે ધાબલનો આભાર માન્યો. પોતાનો ઇરાદો આટલી આસાનીથી પાર પડશે એમ ધાબલે ધાર્યું ન હતું. (ચાલુ)

સુભાષિત

· અનુષ્ટુપ ·

विहाय पौरुषं यो हि दैवमेवावलम्बते।
प्रासादसिंहवत्तस्य मूर्ध्नि तिष्ठन्ति वायसाः॥

પુરુષાર્થ તજી જેઓ આશરે માત્ર દૈવને,
મહેલના સિંહ શા તેને માથે બેસે છ કાગડા.

[વિવરણ : સિંહ એટલે ઝળાહળતા વ્યક્તિત્વ ને અમોઘ શક્તિનું અનન્ય પ્રતીક. એવા સિંહની યે એક અત્યંત નામોશીભરી દશા, સુભાષિતકારે વર્ણવી છે. મહેલના પૂતળાના સિંહને જોઇને કોઈ બીતું નથી કે ખચકાતું નથી; નાનાં છોકરાં યે તેના મોઢા ઉપર હાથ ફેરવી શકે છે, અરે તેના માથા પર તો કાગડા સુદ્ધાં બેસે છે. જાજ્વલ્યમાન સિંહસ્વરૂપનું આથી તે શરમજનક અધઃપતન બીજું કયું હોય! તે અધઃપતનનું કારણ સુભાષિતકારે જણાવ્યું છે તેમ પુરુષાર્થનો અભાવ છે. પુરુષાર્થની વિજયગાથા ગાતા આ સબળ સુભાષિતનું મનન કરતાં, દુર્દમ શક્તિસંપન્ન ગણાતા સિંહના બચ્ચાના યે દાંત ગણનાર સમર્થ માનવબાળ ભરતનું દૃષ્ટાંત તરત આંખ આગળ આવે છે.]



૧૯મી સદીના અંતમાં, વેગથી વિકસતા અમેરિકન ઉદ્યોગોને લીધે શિકાગો શહેર યુરોપના વસાહતીઓ માટે મોટું આકર્ષણ હતું.



તેમાંનો મોટો ભાગ ગરીબ, તથા આ નવા સ્વીકારેલા દેશની ભાષા ને રિવાજોથી અજ્ઞાત હોઇ, ઘણા એકાકી ને દુઃખી સ્થિતિમાં જીવતા.




આજીવિકાની તક સિવાય અમેરિકાએ આ આગંતુકોના કલ્યાણ અર્થે કશું આપ્યું નહિ. પણ જેન આદમ્સ આમાં અપવાદ હતાં.



છેક ૭ વર્ષની વયે તેમણે માના ખોળામાંથી ભાવના કરી કે 'હું મોટી થઇને ગરીબોની પાડોશમાં જ એક વિશાળ ઘર બાંધીશ અને તેમનાં બાળકો મારા આંગણામાં રમશે.'



શૈશવ, કૉલેજકાળ ને યુરોપના પ્રવાસ દરમિયાન આ પ્રતિજ્ઞા સ્મરણમાં રાખી લંડનમાં તેમણે 'જગતની પ્રથમ વસાહત' તરીકે ઓળખાતા 'ટોઇનબી હૉલ'ની મુલાકાત લીધી.



અમેરિકા આવી આ ભાવના મૂર્ત કરવા એલન સ્ટાર નામનાં એક મિત્ર સાથે ૧૮૮૯માં શિકાગોના એક ગરીબ ગંદા લત્તામાં 'હલહાઉસ' નામે એક વિશાળ મકાન ભાડે રાખ્યું.



પણ આરંભ સફળ ન હતો. શ્રીમંતો તેને સ્વપ્નદર્શી માનતા, અને જે લોકોને સહાય કરવાનો તેનો ઇરાદો હતો તે ગરીબો શંકાની નજરે જોતા.



તેઓ છડેચોક શંકા કરતા કે આ બે શ્રીમંત સન્નારીઓ અહીંયા શેનાથી આવી હશે! અને છોકરાઓ તો બારીઓ પર પથરા પણ ફેંકતા.



એક રાતે તો ચોર આવ્યો. તેણે કહ્યું કે હું ચોર નથી પણ ભૂખ્યો ને બેકાર છું. તેને સવારે આવવાનું કહી, બીજી સવારે જેને તેને કામ અપાવ્યું.



હવે આસપાસની સંકોચ પામતી સ્ત્રીઓને ચાપાણી માટે બોલાવવા માંડી. પહેલાં જેઓ જિજ્ઞાસાથી આવી તેમને લાગ્યું કે આ લોકો તો ખરેખર આપણા પ્રશ્નોમાં રસ ધરાવે છે.



પછી તો સૌ પાડોશીઓને 'હલહાઉસ' પ્રત્યે લાગણી થઇ આવી. કામદાર સ્ત્રીઓ પોતાનાં બાળકોને મૂકી જતી. બાળકો અને બાળાઓને માટે સંગીત અને કાવ્યના વર્ગો શરૂ થયા.




પ્રૌઢશિક્ષણ શરૂ થયું. રમતો અને વ્યાયામ સાથેવણાટ,ટોપલીકામ,ભરતગૂંથણવગેરેહરત-કળાઓના વર્ગોએ આ લોકોમાં તેમની મૂળ પ્રણાલિકાઓના ગૌરવની પુનઃપ્રતિષ્ઠા કરી.



થોડા વખતમાં તો દર અઠવાડિયે ૨૦૦૦થી વધુ માણસો કાનૂની બાબતો, નાણાંના પ્રશ્નો, બીમારી, નોકરીની મુશ્કેલી અને અંગત કે કૌટુંબિક બાબતમાં સહાય મેળવવા લાગ્યા.



પછી તો હલહાઉસના નમૂના પર દેશભરમાં વસવાટગૃહો ઊભાં થયાં. આજે અમેરિકામાં એવાં ૧૫૦થી વધારે વસવાટગૃહો છે,જે ધર્મ કે રંગના ભેદ વિના માનવજાતને મદદ કરે છે.



૧૯૩૫માંજેન ૭૫ની વયે અવસાન પામ્યાં. તે-મણેલગ્નકર્યું ન હતું એટલે પાછળ શોક કરનાર કુટુંબ ન હતું; પણ મદદ પામનારા હજારો લોકો ને તેમના વારસોએ તેમની પાછળ શોક કર્યો.

પચ્ચીસ વર્ષ પહેલાં (અનુ. પૃ. ૪૧૦થી)

પરંતુ આ અધિરોહણનું ફળ શું? શા માટે અમૂલ્ય માનવદેહના ભોગઆપીઆપીઆવાં અધિરોહણ કરવાં? આ પ્રશ્ન જ નકામો છે. જ્યાં માનવશક્તિ કુંઠિત થાય છે, ત્યાં જ એવી હિંમત અને ખંત વધારે ને વધારે પ્રયત્ન કરેછે. જમીનનાં પડોમાં, સાગરની તરંગમાળા પર, નદીના ઉદ્‌ગમસ્થાને કે અભેદ્ય અરણ્ય-અટવીઓમાં માણસે પ્રવેશ કર્યો છે. યુગોથી અજ્ઞેય મનાતા ગ્રહરાશિ અને તારકમંડળ પાડોશી જેવાં બની ગયાં છે. વિપક્ષ હોવા છતાં, મનુષ્યે પક્ષીઓ પણ જ્યાં પ્રવેશ કરી શકયાં નથી એવા ધનોપરિ પ્રદેશમાં ગતિ આદરી છે. જે પ્રચંડ કાર્યશક્તિ, અદ્‌ભુત મનોબળ, અપ્રતિબદ્ધ વેગ અને અદમ્ય ઉત્સાહથી આ બધું સુલભ બન્યું છે, એ જ શક્તિ, એ જ મનોબળ, એ જ વેગ અને એ જ ઉત્સાહ દુર્ગમ ગિરિશૃંગો ઉપર સ્વાધીનતા પામવા મથી રહ્યાં છે. અનંતકાળથી યાત્રાના બહાના હેઠળ, અજાણપણે સૌંદર્યનો ઉપભોગ કરવા યાત્રાળુઓ પર્વતનાં શિખરો ચડી રહ્યા છે: મનુષ્યની અપ્રતિહત શક્તિની સફળતા અર્થે આધુનિક યુરોપવાસીઓ શિખરાવરોહના પ્રયત્ન કરી રહ્યા છે. યુરોપમાં પર્વત પર ચડનારાની જુદીજુદી ટોળીઓ હોય છે, જેના સભ્ય થવામાં પ્રતિષ્ઠા મનાય છે. દર વર્ષે પોતાની અનુકૂળતા અને શક્તિ પ્રમાણે દરેક સભ્ય એકાદ શિખર પર ચડે છે. ત્યાંની આબોહવા, ત્યાંનાં પશુપક્ષી અને જીવાતની જીવનચર્યા, ત્યાંનો વનસ્પતિભંડાર ને ભૂકરાશિ બધાંનું અધ્યયન કરે છે. ઇંગ્લંડમાં આ એક 'આલ્પાઈન ક્લબ' નામનું મંડળ છે. હિંદમાં પણ 'હિમાલયન ક્લબ' નામની સંસ્થા આ જ ઉદ્દેશથી ચાલે છે."

સાહિત્યસંપર્ક

સાહિત્ય-પુરસ્કાર

ભારતની સાહિત્ય અકાદમીએ છેલ્લાં ત્રણ વર્ષ (૧૯૫૩ થી '૫૫) દરમ્યાન ભારતની ભાષાઓમાંનાં વિશિષ્ટ ગુણવત્તા ધરાવતાં પુસ્તકો તરીકે નીચેના પ્રત્યેક પુસ્તકને રૂ. ૫,૦૦૦નું પારિતોષિક આપવાનું જાહેર કર્યું છે. આસામી, ઉડિયા તથા ભારતીયજન-લિખિત અંગ્રેજી પુસ્તકો સંબંધમાં કોઈ પારિતોષિકો એનાયત કરી શકાયાં નહોતાં.

ભાષા	પુસ્તક	લેખક
ગુજરાતી	બૃહદ પિંગલ	સ્વ. શ્રી રામનારાયણ પાઠક
હિંદી	પદ્માવત: સંજીવની વ્યાખ્યા	શ્રી વાસુદેવશરણ અગ્રવાલ
સંસ્કૃત	ધર્મશાસ્ત્રનો ઇતિહાસ (પુસ્તક-૪)	મહામહોપાધ્યાય પી. વી. કાણે
મરાઠી	સૌન્દર્ય આણિ સાહિત્ય	સ્વ. શ્રી બી. એસ. મરઢેકર
બંગાળી	આરોગ્ય-નિકેતન	શ્રી તારાશંકર વંદ્યોપાધ્યાય
કાશ્મીરી	સુમરન	ઝિંદા કૌલ 'માસ્ટરજી'
કન્નડ	કન્નડ સાહિત્યચરિત્ર	આર. એસ. મુગાલી
મલયાલમ	પાણિનીય પ્રદ્યોતમ	આઈ. સી. ચકો
પંજાબી	સુનેહડે	અમૃત પ્રીતમ
તામિલ	અલાઈ ઓસાઈ	સ્વ. ક્રિશ્નમૂર્તિ 'કલ્કિ'
તેલુગુ	ભારતીય તત્ત્વસસ્ત્રામુ	ખુલુસુ વેન્કટેસ્વરલુ
ઉર્દૂ	કૌમી તહઝીબ કા મસલા	આબિદ હુસેન

અનુભૂતિ

'ફૂલદોલ','આરાધના'ને'અભિસાર'પછીના આ ચોથા સંગ્રહમાં, આજના ગુજરાતના એક પ્રતિષ્ઠિત કવિ શ્રી મનસુખલાલ ઝવેરીનાં કાવ્ય, ગીત, રાસ, ભજન, ગઝલ, દુહા વગેરે મળીને નાનીમોટી કુલ ૧૦૨ રચનાઓ છે, જેમાંની કેટલીક તો હૈયે વસી જાય એવી પ્રવાહી ને પ્રસાદભરી છે. દુહાની વ્યથાક્ષમતા પણ અસરકારક નીવડી છે. કવિનાં નિખાલસ ચેત ને ચિંતનની અનુભૂતિ સહૃદય વાચકને થયા વિના રહેતી નથી. એમની કાવ્યવીણા પરથી કદી આઘાતક સૂરો ઊઠતા નથી. કથયિતવ્યના આરોહ અવરોહ પ્રમાણે કાવ્યદેહમાં પણ લબાણ કે ટૂંકાણ લાવી, ભાવપ્રવાહને લયબદ્ધરીતે વ્યક્ત કરવા મથતી અર્વાચીન ગુજરાતી કવિતાના પરંપરિત હરિગીતના પ્રયોગ ઉપરાંત આ કવિનો પ્રિય અનુષ્ટુપ છંદ, એમના બહોળા ફલક પર આલેખાએલાં ચેત ને ચિંતનને નિરૂપવા માટે ઉચિત વાહન બની રહે છે. પ્રકાશક: આર. આર. શેઠની કં., પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨; કિ. ૩.

પ્રસૂન

ક્યારેક પ્રકૃતિનું, ક્યાંક પ્રીતિનું, કદીક સાંપ્રતનું ને વળી પરમ લક્ષ્યનું યે મુખર ગાન ગાતા કવિ 'ઉશનસ્'થી વાચકો પરિચિત છે.

સંગ્રહનાઉપોદ્‌ઘાત'કથાનશ્રી'માંઆપણા વિદ્વાન વિવેચક શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ આપેલો કવિની કવિતાનો પરિચય ટૂંકો પણ મર્મગ્રાહી છે. સાથે કવિનાં જીવન અને શ્રી જયંત પાઠક દ્વારા કવનના આછો પરિચય પણ અપાયો છે. શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી જણાવે છે તે 'રચનાનું ચિત્રખચિત સૌન્દર્ય, ભાષાની વિચારભભક, ભાવની ઉત્કટતા, કલ્પનાની પ્રગલ્ભતા, જીવનપ્રવાહનું દર્શન' વગેરે સાચી કવિતાનાં સર્વ તત્ત્વો વધતાઓછા અંશે ધરાવતા શ્રી ઉશનસ્‌ની અભિવ્યક્તિ મૌલિક તેટલી મનસ્વી પણ છે. અને શ્રી જયંત પાઠક કહે છે તેમ 'લીસાલપટા ભાષાપ્રયોગોથી દૂર રહીને પ્રત્યેક શબ્દને પોતાનો કરવા' જતાં તેમને હાથે એવા અજાણ્યા ને કઠોર શબ્દપ્રયોગો થઈ જાય છે કે કોઇકોઈ વાર એમની બાની અપ્રાસાદિક અને કાવ્યો દુર્બોધ બની જાય છે;—ઉત્તમ પ્રકારનું ભોજન અવારનવાર આવતી કાંકરીને કારણે અરુચિકર બની જાય ૪૦૨ ('કુમાર' અંક ૩૯૪) તેમ. અને ત્યારે ગ્લાનિ થઇ આવે છે કે આવી ઊંચી શક્તિવાળા કવિ ઉચિત શબ્દસંમાર્જનને અભાવેકૃતિઓનેઅન્યાયકેમથવાદેતાહશે! પ્રકાશક: વોરા ઍન્ડ કં. પબ્લિશર્સ લિ., ૩ રાઉન્ડ બિલ્ડિંગ, કાલબાદેવી રોડ, મુંબઈ-૨, કિ.રૂ.૨.

વિવિધ વ્યાખ્યાનો (ગુચ્છ ત્રીજો)

સમર્થ સાહિત્યકાર, વિવેચક ને યુગચિંતક સદ્‌ગત પ્રો. બલવંતરાય ઠાકોરના આ ત્રીજા વ્યાખ્યાનગુચ્છમાં કેળવણી, સાહિત્યપરિષદ તથા સાહિત્ય ને ઇતિહાસના વિમર્શપૂર્ણ વિષયોની ચર્ચા આવે છે. સને ૧૯૧૨થી ૧૯૪૯ સુધીમાં જુદેજુદે પ્રસંગે આ વ્યાખ્યાનો થયાં હતાં. 'નિવેદન'માં શ્રી ભોગીલાલ સાંડેસરા જણાવે છે તેમ "'ગાંડી ગુજરાત' ૧૯૧૬માં પ્રકટ થયું હતું. એમાંના કેટલાંક વિધાનો આટલાં વર્ષ પછી કેવળ ઐતિહાસિક અગત્યનાં બન્યાં હોવા છતાં એમાં પ્રો. ઠાકોરે કરેલી ગુજરાતી પ્રજાના ગુણદોષોની તટસ્થ અને સમર્થ મીમાંસા તથા આપેલું માર્ગદર્શન તે સમય જેટલાં જ આજે પણ ધ્યાનપાત્ર છે. સાહિત્ય અને ઇતિહાસ વિષેનાં બીજાં સર્વ વ્યાખ્યાનોમાં પણ કર્તાની ઊંડી ઇતિહાસદૃષ્ટિ પ્રકટ થાય છે. હકીકતો અને વિગતો પરના પ્રભુત્વ સાથે વ્યાપક સિદ્ધાન્તોનો સમન્વિત વિનિયોગ અને સૂક્ષ્મ પ્રગાઢ તેમજ વિશાલ દૃષ્ટિ, એ પ્રો. ઠાકોરના સમગ્ર ગદ્યસાહિત્યની જેમ આ વ્યાખ્યાનોનું પણ પ્રમુખ લક્ષણ છે." પ્રકાશક: મ. સ. યુનિવર્સિટી, વડોદરા-૨; કિંમત: રૂ. ૪-૦-૦.

વૈદિક સંગીત અને અન્ય લેખો

વિશેષ કરીને વેદકાલના સંગીત વિષે ખયાલ આપતા ('કુમાર'ના પરિચિત લેખક) શ્રી વિષ્ણુકુમાર શિ. દેસાઈના આ પુસ્તકમાં, ત્યાર બાદની ભરતના નાટ્યશાસ્ત્રના તેમજ મહાકવિ કાલિદાસ તથા બાણના સમયની સંગીતની સ્થિતિ પણ વર્ણવવામાં આવી છે. સાથે આફતાબે મૌસિકી ખાંસાહેબ ફૈયાઝખાંના અને તેમના જેવા જ મહાન પરંતુ ઓછા જ્ઞાત સંગીતકાર ઇનાયતખાંનાં જીવનવૃત્તાન્ત અને સંગીત-કારકિર્દીના પરિચય ઉપરાંત સંગીતશાળામાં ઉપયોગ સારુ દરેક પ્રકરણને અંતે પ્રશ્નો મૂકવામાં આવ્યા છે. પ્રાચીન સમયનાં સંગીત, ઉચ્ચારની પદ્ધતિ, વાદ્યો, નૃત્યકલા, સંગીતાચાર્યો વગેરે વિષે જ્યાં ખુદ ઇતિહાસ જ ઓછો પ્રકાશ ફેંકી શકે છે ત્યાં તે વિષેની પ્રાપ્ય વિગતોને શાસ્ત્રીય વર્ગીકરણ દ્વારા સૂક્ષ્મતાપૂર્વક નિરૂપતું આ પુસ્તક અલ્પસંખ્ય ગુજરાતી સંગીતસાહિત્યમાં ગણનાપાત્ર ઉમેરો કરે છે. પ્રકાશક: આગળ મુજબ; રૂ. ૫-૬-૦.

Britain (An Official Handbook)

બ્રિટનના રાજ્યતંત્રથી માંડી તેની રાષ્ટ્રીય અર્થસંપત્તિ, ઉદ્યોગ, વ્યાપાર, વાહનવ્યવહાર, ભૌગોલિક પરિસ્થિતિ, સમાજકલ્યાણ, સંરક્ષણ, બાંધકામ-નિયોજન, કામગારવર્ગ, ધર્મ, વિજ્ઞાન, કલા અને છેક આકાશવાણી તથા ટેલિવિઝન સુધીની તલસ્પર્શી ને સર્વાંગી માહિતી પૂરી પાડતા આ અંગ્રેજી સંદર્ભગ્રંથની ઈ. ૧૯૫૬ની આ આવૃત્તિમાં તે ઉપરાંત આ-

પેલા ઇંગ્લંડ-વેલ્સ તથા સ્કૉટલંડ-ઉત્તર આયર્લૅન્ડના મહત્ત્વની વિગતોથી ભરચક બે મોટા રંગીન નકશા, અન્ય નાનામોટા સ્ફોટક કોઠાઓ તેમજ નકશાઓ, બ્રિટનની વિવિધ પ્રવૃત્તિઓનું પ્રતિબિંબ પાડતા બત્રીસેક જેટલા ફોટોગ્રાફો વગેરેથી ગ્રંથવિષય વધુ ફુઠાવદાર અને આકર્ષક બને છે. કુલ ૪૭૭ પૃષ્ઠોમાં પથરાએલા આ આધારગ્રંથનું મૂલ્ય રૂ. ૫-૧૦-૦ (ક્લોથ-બાઇન્ડિંગ-રૂ.૧૧-૪-૦)છે. આ ને 'હર મૅજેસ્ટીઝ સ્ટેશનરી ઑફિસ(લંડન)'નાં અન્ય પ્રકાશનો મેળવવાનું સ્થળ: British Information Services, Eastern House, Mansingh Road, New Delhi-2.

નવાં પુસ્તકો

નવજીવન પ્રકાશન મંદિરનાં

જીવનપ્રદીપ: કાકાસાહેબ કાલેલકરના ગીતાવિષયક મનનીય લેખો, ૨-૦-૦; **ચરવડાના અનુભવો:** આદર્શ સત્યાગ્રહી, કેદી અને નાગરિક મહાત્મા ગાંધીજીએ નિરૂપેલો પોતાનો હિંદુસ્તાનની જેલનો એ પ્રથમ અનુભવ, ૧-૦-૦; **ગાંધી-નાસ્તિક સંવાદ:** જીવનનાં નાસ્તિક દૃષ્ટિ વિષે લેખક શ્રી 'ગોરા' (જી. રામચન્દ્ર રાવ)ને ગાંધીજી સાથે થએલી વાતચીતોનું મનનીય હકીકતી બયાન કરતા મૂળ અંગ્રેજી પુસ્તક 'ઍન એથીઇસ્ટ વિથ ગાંધી'નો અનુવાદ, શ્રી કિશોરલાલ ઘ. મશરૂવાળાની પ્રસ્તાવના સાથે, ૦-૧૨-૦; **ડૉ. જેકિલ અને મિ. હાઇડ:** જીવનમાં રહેલા સદઅસદનો સંઘર્ષ નિરૂપતી અંગ્રેજ લેખક રૉબર્ટ લૂઈ સ્ટીવન્સનની એ પ્રખ્યાત વાર્તાનો અનુવાદ, અનુવાદક: શ્રી મગનભાઇ પ્ર. દેસાઈ, વાર્તાવિષયને સ્પર્શતા અભ્યસનીય મહાદેવભાઈ દેસાઈના એક પત્ર ને અનુવાદકના ઉપોદ્‌ઘાત સાથે, ૦-૧૨-૦.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયનાં

સાક્ષરકથાઓ ભાગ ૧: આબાલવૃદ્ધ સમજી શકે એવો ગુજરાતી સાહિત્યકારોનો પરિચય, લેખક: શ્રી 'ધૂમકેતુ', ૧-૦-૦; **પાદરનાં પંખીનો** મનુભાઈ જોધાણીએ આપેલો સરળ પરિચય, ભાગ ૧લો, ૧-૦-૦.

સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલયનાં

બોધકથાઓ: ધર્મગ્રંથો અને લોકસાહિત્યમાંથી એકઠી કરેલી ૭૭ બોધકથાઓ, વાસુદેવ મહાશંકર જોષી, ૧-૪-૦; **નાની નાની વાતો:** રમૂજ અને જ્ઞાન આપતી રા. ભરતરામ ભાનુસુખરામ મહેતાએ લખેલી ૧૦૮ વાતો, ૧-૪-૦; **સંવત ૨૦૧૩નું અલભ્યલાધવીય પંચાંગ,** જ્યોતિષ, તહેવાર-વ્રતો, ટપાલખાતું વગેરેની ઉપયોગી માહિતી સાથે; કર્તા: શાસ્ત્રી હિંમતરામ મહાશંકર જાની, ૦-૮-૦.

પ્રકીર્ણ

યશોધારા: પોતાની આગવી શૈલીથી ગુજરાતી સાહિત્યમાં ભાત પાડનાર અને વિવિધ સાહિત્યપ્રકારો તથા સાંપ્રત પ્રવાહો પર કલમ ચલાવનાર યશોધર મહેતાના આ પુસ્તકને ત્રણ ખંડોમાં વહેંચવામાં આવ્યું છે: રાજકારણ, સાહિત્ય વિષેનાં પ્રવચનો તથા અવલોકનો, અને પ્રાચીન યોગતત્ત્વજ્ઞાન પરના લેખો. પ્રકાશક: નવચેતન સાહિત્યમંદિર, રીલીફ રોડ, અમદાવાદ ૧, કિંમત: રૂ. ૨-૮-૦; **જીવનનાં ચડાણ:** દશનામ ગોસ્વામી જ્ઞાતિના 'દશનામ ગોસ્વામી' માસિકમાં પ્રકટ થએલા ચિંતનાત્મક લેખો, લેખક ને પ્રકાશક: સ્વામી નૃસિંહગિરિ ગણિગિરિ મહેતા, શ્રી કાંતારેશ્વર આશ્રમ, કતારગામ (સુરત), ૧-૪-૦; **सितार की गतें भाग १:** સંગીતકાર શ્રી ચુનીલાલ શામજી ત્રિવેદીનું સિતારના ગતો ઉપરનું શાસ્ત્રીય હિંદી પુસ્તક, પ્રકાશક: જગદીશચન્દ્ર ચંપકલાલ ત્રિવેદી, ૧૧૮૫ સર પટ્ટણી રોડ, કૃષ્ણનગર, ભાવનગર (સૌરાષ્ટ્ર), ૧-૮-૦; **કાવ્યગંગા:** શ્રી સવાઈલાલ ઈશ્વરલાલ પંડયાનાં કાવ્યો, પ્રાપ્તિસ્થાન: ઉપર મુજબ, ૩-૦-૦; **અમર બાપુ:** મહાત્મા ગાંધીજીને શ્રી 'સત્યમ્'ની કાવ્ય-અંજલિ, પ્રાપ્તિસ્થાન: શૈલેશ પ્રકાશન, ૧૧ સુભાષનગર, અમદાવાદ-૪, ૦-૫-૦; **પરિવાર નિયોજન** વિષે વૈજ્ઞાનિક માહિતી, લેખક: 'નિરામય', પ્રકાશક: દાંપત્ય શ્રેણી પ્રકાશન, રેવડી બજાર, અમદાવાદ, ૧-૦-૦;

સામ્યયોગી વિનોબા: પૂ. વિનોબા ભાવેનું જીવનચરિત્ર, લેખક: પ્રબોધ ચોકસી, યજ્ઞ પ્રકાશન સમિતિ, 'ભૂમિપુત્ર' કાર્યાલય, વડોદરા, ૦-૮-૦; **બાળ ગંગાધર ટિળક** વિષે મહર્ષિ અરવિંદ ઘોષના બે મનનીય લેખોનો શ્રી સુન્દરમે કરેલો અનુવાદ, પ્રાપ્તિસ્થાન: શ્રી અરવિંદ કાર્યાલય, પૉંડિચેરી, ૦-૮-૦; **બોધિસત્ત્વ:** ભગવાન બુદ્ધના મહાભિનિષ્ક્રમણનાં કારણોને નિરૂપતું, બૌદ્ધ ધર્મના વિદ્વાન લેખક શ્રી ધર્માનન્દ કોસંબીએ લખેલું નાટક, મૂળ મરાઠી પરથી અનુવાદ કરનાર: પરમાનંદ કુંવરજી કાપડિયા અને કાન્તિલાલ ઉમેદચંદ બરોડિયા, ૧-૮-૦; **માનવજીવનમાં વિજ્ઞાન:** રોજિંદા જીવનમાં ઉપયોગી ચીજોની બનાવટમાં વિજ્ઞાનનો હિસ્સો બતાવતા, ડૉ. નરસિંહ મૂ. શાહના લેખો, જે અગાઉ 'કુમાર'માં સળંગ લેખમાળારૂપે છપાએલા, ૩-૦-૦; **લોઢું અને ગજવેલ:** બાળકોને સરળ ભાષામાં વિજ્ઞાનનો પરિચય આપતી 'જીવન અને વિજ્ઞાન' શ્રેણીનું પ્રથમ પુસ્તક, ૧-૦-૦, લેખકો: ડૉ. નરસિંહ મૂ. શાહ અને મનુભાઇ જોધાણી; બંનેના પ્રકાશક: બાલગોવિંદ કુબેરદાસની કંપની, ૨૭૩ ગાંધીમાર્ગ, અમદાવાદ-૧; **સુરાલય-૨** ગુજરાતી ગઝલોના સામયિકનો બીજો મણકો, પ્રકાશક: 'નાઝિર' દેખૈયા, આંબાચોક, ભાવનગર, ૦-૪-૦; **જનતાને કંઠે:** કવિ શ્રી નાથાલાલ દવેનાં સમાજશિક્ષણ માટેનાં સરલ ગીતો, પ્રાપ્તિસ્થાન: હંસ-પ્રકાશન, પરાબજાર, રાજકોટ, ૦-૪-૦; **રંગનાથી વર્ગીકરણ:** પુસ્તકોનાં વર્ગીકરણ માટે અદ્યતન ગણાતી ડૉ. રંગનાથનની પદ્ધતિનો પરિચય, કરાવનાર: ચુનીલાલ પુ. બારોટ, પ્રકાશક: ગુજરાત પુસ્તકાલય મંડળ, C/o ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ-૧, ૧-૪-૦; **નવી નજરે કાશ્મીર:** અમદાવાદના શારદામંદિરના વિદ્યાર્થીઓએ શિક્ષકો સાથે કરેલા કાશ્મીર-પ્રવાસનું, તેના આચાર્ય શ્રી વજુભાઈ દવેએ કરેલું વર્ણન, પ્રકાશક: પ્રકાશ સાહિત્ય ભંડાર, દૂધિયા બિલ્ડિંગ પાસે, ગાંધીમાર્ગ, અમદાવાદ, ૨-૮-૦. **હજરત ઇમામહુસેન અબ્દુલ:** કરબલાના એ મહાન શહીદનો સંક્ષિપ્ત જીવનવૃત્તાંત, લેખક: માસ્તર મહમદઅલી જે. રવજાણી, પ્રકાશક: મર્હૂમ જનાબ સૈયદ નઝીર-અબ્બાસ બાપુમિયાં જાગીરદાર, મોરંગી (સૌરાષ્ટ્ર); ઇસ્લામ ધર્મના સ્થાપક **હજરત મહંમદ પયગંબર સાહેબનો** એ જ લેખકે લખેલો સંક્ષિપ્ત જીવનવૃત્તાન્ત, પ્રકાશક: જીવદયામંડળી, ૧૪૯ શરાફ બજાર, મુંબાઈ-૨.

નગાધિરાજ હિમાલયનો રંગાલેખ

આ અંકના પૃ. ૪૦૯ પર આપેલા હિમાલય-પરિચયને અનુસંધાને રસ પડે એવો એક ૨૫½×૩૭½ ઇંચના કદનો પૂર્ણરંગી નકશો બહાર પડ્યો છે, જેની નાની પ્રતિકૃતિ આ અંકમાં આપી છે. મૂળ નકશો એક ઇંચે ૪૦ માઇલના પરિમાણ પર ખાસ હૉલૅન્ડમાં, દસ રંગમાં, જાડા કાગળ પર છપાવ્યો છે; અને તેમાં હિમાલયનાં સર્વ ઊંચાં શિખરો, લગભગ બધાં સરોવરો તથા તેમાંથી નીકળતી નદીઓનાં મૂળ સ્થાન બતાવેલાં છે. હિંદી અને અંગ્રેજી ભાષામાં અલગ અલગ (દરેક ૭ રૂપિયાની કિંમતે) તે મુંબાઈની વોરા ઍન્ડ કંપનીએ (૩ રાઉન્ડ બિલ્ડિંગ, કાલબાદેવી રોડ, મુંબાઇ નં. ૨) પ્રકટ કર્યો છે.

ભારતભરમાં વ્યાપક સર્વસામાન્ય રોગ બે: એક મૅલેરિયા અને બીજો

મરડો

માંદગીનાં મૂળ [૨૨] લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

ઈ. સ. ૧૮૫૪ના ઉનાળામાં લંડન શહેરમાં સેન્ટ જેઇમ્સના લત્તામાં કૉલેરા ફાટી નીકળ્યો. દસ દિવસમાં પાંચસો માણસો એમાં ભરખાઈ ગયાં. પણ લોકોની નાસભાગને લીધે મરણનો આંકડો આટલેથી અટક્યો. આ અગાઉ પણ બ્રિટનમાં કૉલેરા ફાટી નીકળતો હતો ખરો, પણ આવો ઉગ્ર આ રોગચાળો કદી નહિ નીકળેલો. અને એ છેવટનો નીકળ્યો; કારણકે આ કૉલેરાના ફેલાવા અંગે તપાસ કરતાં ડૉ. જૉન સ્નોએ જાહેર કર્યું કે રોગિષ્ટ લોકોના મળથી દૂષિત થએલાં પાણી અને ખોરાક વાટે જ આ રોગ બીજાઓને લાગુ પડે છે. એમણે રોગનાં મૂળ પાણીમાં સમાએલાં હોવાનો સિદ્ધાંત પ્રતિપાદિત કરી બ્રૉડ સ્ટ્રીટમાં આવેલા પાણીના પમ્પનો હાથો કઢાવી નંખાવ્યો; અને ખરે જ રોગચાળો કાબૂમાં આવી ગયો.

આ પછી થોડાં વરસો બાદ વિલિયમ બડ નામના દાક્તરે નક્કી કર્યુ કે કૉલેરાની જેમ ટાઇફૉઈડ તાવ પણ પાણી વાટે જ લાગુ પડે છે.

આ અરસામાં શહેરની ગંદકી ઠાલવતાં ટેમ્સ નદીનાં પાણી વપરાશમાં ન લેવાનો નિર્ણય થયો. વળી સાથે લૂઈ પાસ્ચર ને લીસ્ટરની શોધખોળોના આધારે ચેડવીક અને સટકે સૂચવેલી પાણી શુદ્ધ કરીને પૂરું પાડવાની રીત સ્વીકારવામાં આવી. આથી બ્રિટનમાં મલિન પાણીથી થતા રોગો ને એમાંથી થતું મરણપ્રમાણ ઘણું ઘટી ગયું. ક્લોરીનથી શુદ્ધ કરેલું પાણી નળ વાટે લોકોને મળવાથી વિશ્વયુદ્ધ જેવાં ભયાનક વર્ષોમાં પણ પાણીથી થતા રોગોથી લોકો મુક્ત રહ્યા હતા.

જીવન ટકાવવા માટે હવા પછી બીજી જરૂરિયાત પાણીની છે. પાણી જેમ જીવનધારક છે તેમ એમાં સમાએલા દોષોને લીધે તે જીવનનાશક પણ બને છે. પાણીમાં સમાએલા ચેપ કે જીવાણુઓને લીધે તે દૂષિત બને છે. એ જીવાણુઓ એટલા તો સૂક્ષ્માતિસૂક્ષ્મ હોય છે કે તે નરી આંખે તો દેખાતા જ નથી. આથી પાણીમાં તેમની હયાતીની આપણને મુદ્દલે ખબર પડતી નથી.

પણ પાણીમાં જીવાણુઓ આવ્યા ક્યાંથી? રોગીનાં મળમૂત્રવાળાં કપડાં તળાવ કે નદીમાં ધોવાથી રોગના જીવાણુઓનો ત્યાં વાસ થાય છે. રોગમાંથી તાજા ઊભા થએલા રોગીનાં આંતરડામાં પણ રોગના જીવાણુઓ તો હોય છે જ. આવો રોગી નદીકિનારે કે તળાવ પાસે મળત્યાગ કે સ્નાન કરતો હોવાથી નદી-તળાવનાં પાણી બગડવાનો સંભવ રહે છે. પવનથી ધૂળ સાથે ઊડતી અમિબીક સિસ્ટ(મરડાના જીવાણુઓ)ને લીધે પણ કૂવા, તળાવ ને નદીનાં પાણી દૂષિત થાય છે. ગટરની યોજનાવાળાં કોઈ કોઈ શહેરની બધી ગંદકી પણ નદીના પાણીમાં ક્યાં ઠલવાતી નથી હોતી?

આવાં દૂષિત પાણીથી સાફ કરાએલાં વાસણોમાં ભરાએલું પીવાનું પાણી, રાંધેલું અનાજ અને દૂધ પણ ચેપવાળું બને છે. એનાથી ધોએલા શાકભાજી અને ફળો પણ ચેપાળ બને છે. દૂષિત થએલાં બંધિયાર પાણીમાં રોગના જીવાણુઓ પુષ્કળ પ્રમાણમાં વધે છે. કૉલેરાના મૂળ દૂષિત પાણીમાં જ રહેલાં છે. ડેન્માર્કના ટી. બી સેનેટોરિયમની મળાદિ ગંદકીને અદ્યતન સાધનો વતી શુદ્ધ કરવા છતાં ય પાંચ અઠવાડિયા બાદ એમાં ક્ષયના જીવાણુઓ જડી આવ્યા હતા! પાણીમાં વસેલા પોલિયોના વિષાણુઓ તાપ, ટાઢ કે જંતુની દવાઓને પણ ગાંઠતાં નથી.

આવાં દૂષિત પાણી પીવાથી થતા આંતરડાંના રોગોમાં ટાઇફૉઇડ, પૅરાટાઇફૉઇડ, મરડો ને કૉલેરા છે. કૃમિનાં ઈંડાં અને ઇયળોવાળું



મરડો થવાનું મૂળ કારણ જીવાણુઓ છે. એ જીવાણુઓની જાત મુજબ મરડાના બે પ્રકારો છે: અમીબિક મરડો અને બૅસિલરી મરડો. અમીબિક મરડો કરનાર 'એન્ટૅમીબા હિસ્ટોલિટિકા'નામે પરોપજીવી અમીબા છે, જે પ્રાણિસૃષ્ટિનો સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવ છે અને તેનું ચિત્ર ઉપર ડાબી બાજુ આપ્યું છે. આ અમીબા આપણાં આંતરડાં, કલેજું, ફેફસાં ને મગજની પેશીઓમાં વસી તેનો નાશ કરે છે. જમણી બાજુનું ચિત્ર બૅસિલરી મરડાના કારણરૂપ જીવાણુનું છે. અમીબિક કરતાં આ મરડાનું પ્રમાણ વધુ હોય છે અને નાનાં બાળકો હમેશાં તેનાથી પીડાય છે.

પાણી પીવાથી પેટના જુદીજુદી જાતના કૃમિ પણ થઈ આવે છે.

દૂષિત પાણીને લીધે ચોમાસાની શરૂઆતમાં થઈ આવતો સામાન્ય રોગ તે મરડો (Dysentry). હિંદના અતિ સામાન્ય રોગો બે છે: મૅલેરિયા અને મરડો. આ બે રોગોથી કયો વાચક અજાણ-અરે, બિનઅનુભવી હશે? ચોમાસાની શરૂઆતમાં જૂન-જુલાઈમાં ઝાડા અને મરડાનો રોગ ફાટી નીકળે છે અને ઑક્ટોબર સુધી તે ચાલુ રહે છે. પછી વાતાવરણમાં ઠંડક થતાં મરડાનું પ્રમાણ ઘટવા માંડે છે. ફરી માર્ચ-એપ્રિલમાં ગરમીની શરૂઆતમાં તે પાછો દેખા દે છે, પણ મે-જૂનની સખત ગરમીના દિવસોમાં તેનું પ્રમાણ ઘટે છે. વળી વરસાદની અધિકતાનાં વર્ષોમાં મરડાનું જોર પણ વધુ રહે છે.

મરડો અને આંતરડાંના બીજા રોગોને ફેલાવનારાં પાંચ કારણો છે: પ્રવાહી (Fluid), મળ (Fæces), માખી (Flies), ખોરાક (Food) અને આંગળી (Fingers). અંગ્રેજી વૈદકમાં આ કારણો (Five 'F's) 'પાંચ ફફ્ફા'ને નામે ઓળખાય છે.

પાણી દૂષિત થવાનાં કારણો તો આપણે જાણી ગયા. બીજી હકીકત મળના નિકાલની છે. આપણાં ગંદાં જાજરૂ અને બાળકોને ગમે ત્યાં જાજરૂ બેસાડવાની કુટેવને લીધે આપણું આરોગ્ય ઘણું જોખમાય છે. રોગીના મળ ઉપર બેઠેલી ઘરમાખી આપણા ખાવાના પદાર્થો ઉપર પણ આવી બેસે છે. એના પગના વાળ ઉપર ચોંટેલા રોગના જીવાણુઓ આપણા ખોરાકમાં ભળે છે. સાથેસાથે ખાતી વખતે માખીને ઊલટી અને મળત્યાગ કરવાની આદત હોય છે, તેથી પણ રોગજીવાણુઓ આપણા ખોરાકમાં ભળે છે. આવો ખોરાક ખાવાથી રોગના જીવાણુઓ આપણા પેટમાં પેસીને રોગ થઈ આવે છે.

ચોમાસાની શરૂઆતના ભેજ અને ગરમીમાં માખીની વસતિ વધી પડે છે. આ અરસામાં આંતરડાંના રોગોની પણ અધિકતા હોય છે. જ્યાં માખીઓની વસતિ વધારે ત્યાં આ રોગોની અધિકતા પણ રહે છે.

દૂષિત પાણીથી સાફ કરેલાં વાસણોમાં ભરવામાં આવેલો ખોરાક ને દૂધ ચેપાળ બને છે. ખોરાક કે દૂધમાં બોળવામાં આવતી રોગીની

મરડો થતો અટકાવવા આટલી અગમચેતી રાખો



ખાવાપીવામાં, સાફસૂફીમાં તેમજ વાસણ-કૂસણ ધોવા સુદ્ધાંમાં ઉકાળેલું પાણી જ વાપરો. દૂધ પણ પૅસ્ચ્યુરાઈઝ્ડ ન મળતું હોય તો, તે યે ખાસ ઉકાળીને જ ઉપયોગમાં લો.



ફળ અને શાકભાજી તો હમેશાં વહેતા પાણીમાં સારી પેઠે ઘસીને સાફ કર્યા પછી જ વપરાશમાં લો; અને પડોશમાં મરડાના રોગી હોય તો સારી પેઠે પકાવ્યા વિના ન ખાઓ.



રસોડાં તેમજ જમવાબેસવાની જગ્યાઓમાં હમેશાં જંતુનાશક પ્રવાહી કે પાઉડર છાંટીને તેને જીવાણુઓથી મુક્ત રાખો. બની શકે તો બધી બારીઓ ઉપર બારીક પડદાઓ રાખો.



જાહેર જળાશયોમાં નાહવા કે તરવા પડવાની લાલચથી દૂર રહો. નદીનાળાં, તળાવો તેમજ નહેરોમાં માંદા માણસોનાં કપડાં, વાસણ વ. ધોવાવાને લીધે એ પાણી જંતુથી દૂષિત હોય છે.



ઘરનો બધો કચરોપૂંજો, છોડાં તથા એઠવાડ ખાસ ઢાંકેલા વાસણમાં જ એકઠો કરવાનો આગ્રહ રાખો, જે રોજ કચરાગાડીમાં ઠાલવો અને વાસણને જંતુનાશકથી સાફ રાખ્યા કરો.



બાળકોને સારી પેઠે સાબુ ચોળીને નાહવાની નિયમિત ટેવ પાડો. હાજતે જઈ આવીને તથા જમતાં પહેલાં હાથપગ ધોવાનો આગ્રહ રખાવો ને કોઈનાં કપડાં કે વાસણ ન વાપરવા દો.

આંગળીઓ, ખુલ્લા વાસણમાં ખરીદેલું દૂધ આણવાની રીત તેમજ ગરમ કર્યા વગર દૂધ વાપરવાની ટેવને લીધે પણ મરડો લાગુ પડે છે.

હાથ ધોયા વગર ખાવાની ટેવ, ગંદા અને દૂષિત પદાર્થો અડ્યા બાદ હાથ ન ધોવાની ટેવ, ને માખીની હગાર તથા ઊલટીથી દૂષિત બનેલી બજારુ ચીજો ખાવાની ટેવને લીધે પણ મરડો થઈ આવે છે.

આમ, મરડો થવાનું મૂળ કારણ તો જીવાણુઓ છે. જીવાણુઓની જાત મુજબ મરડાના બે મુખ્ય પ્રકારો છે: (૧) અમીબિક મરડો અને (૨) બૅસિલરી મરડો.

અમીબિક મરડો (Amœbic Dysentry)

દુનિયાભરના ગરમ દેશો (એશિયા, આફ્રિકા તથા દક્ષિણ અમેરિકા)માં ને ગરમ ઋતુમાં આ રોગ સ્થાનિક કે છૂટાછવાયા રૂપમાં થાય છે. સૂકા, ગરમ ને ધૂળિયા પ્રદેશમાં આ રોગનું પ્રમાણ વધારે હોય છે.

અમીબિક મરડો થવાનું મૂળ કારણ એન્ટૅમીબા હિસ્ટોલિટિકા (Entamœba Histolytica) નામનું અમીબા (Amœba) છે. રશિયાના સેન્ટ પીટર્સબર્ગના એક ખેડુ રોગીના મળમાં સૌપ્રથમ લૂશે અમીબા જોયો. પણ અમીબાને લીધે મરડો થવાના કારણની શોધ તો ઈ.૧૮૮૬માં ઇજિપ્ત ખાતે કોર્ટુલિયસે કરી. આ હકીકતને હિંદમાં સિદ્ધ કરનાર સર લિઓનાર્ડ રૉજર્સ, નોલ્સ, ઍક્ટન ને દાસગુપ્તા છે.

અમીબા એ પ્રાણીસૃષ્ટિનો સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવ છે; જ્યારે બૅક્ટેરિયા એ વનસ્પતિસૃષ્ટિનો અતિ નાનકડો ભાગ છે. અમીબાના બે પ્રકાર છે: ઉપદ્રવી અને નિરુપદ્રવી. એન્ટૅમિબા હિસ્ટોલિટિકા ઉપદ્રવી છે. એનાં પણ બે રૂપ છે: ચંચળ રૂપ (motile) અને કોશેટા રૂપ (cyst). રોગીના મળમાં અમીબા આ બંને રૂપે હોય છે. મળ સુકાતાં ચંચળ રૂપ નાશ પામે છે, પણ સિસ્ટ તો, સીધો સૂર્યતાપ ન પડતો હોય એવાં ખુલ્લાં સ્થાનોમાં એકવીસ દિવસ સુધી સજીવ રહે છે અને પાણીમાં પાંચ અઠવાડિયાં લગી જીવતાં રહે છે. માખીના મળમાં સોળ દિવસ સુધી એ જીવંત રહે છે. જંતુઘ્ન દવાની અસર એના પર ઓછી થાય છે.

ખોરાક કે પાણી વાટે પેટમાં ગએલા અમીબાના સિસ્ટો (કોશેટા) નાના આંતરડાના અંત ભાગમાં કે મોટા આંતરડાની શરૂઆતમાં જઈ ફૂટે છે. આ સિસ્ટ એવા તો જરઠ હોય છે કે જઠરરસનો ઍસિડ એનું પડ તોડી શકતો નથી. પણ જઠરરસમાં અમીબાનું ચંચળ રૂપ નાશ પામે છે. એક સિસ્ટ ફૂટીને એમાંથી આઠ અમીબા બહાર પડે છે. તે આંતરડાંની આંતરત્વચાને ભેદી તેની દીવાલમાં સ્થાન જમાવે છે; પછી એ દીવાલ ઊંડી કોતરી તેમાં ચાંદાં પાડે છે. આ સ્થિતિ શરીરના જમણે પડખે આવેલાં સીકમ (cœcum) અને ઊભા નળ (ascending colon–મોટા આંતરડાનો શરૂનો ભાગ)માં પેદા થાય છે.

સિસ્ટ પેટમાં ગયા બાદ પખવાડિયાથી માંડી ત્રણ મહિનામાં રોગનાં ચિહ્નો દેખા દે છે. પેટમાં આંકડી ને ઝાડા તથા ઝાડામાં લોહી ને પરુ, એ મરડાની નિશાનીઓ છે. અમીબિક મરડામાં રોજના ૩ થી ૫ ઝાડા થાય છે, કવચિત્ ૧૦–૧૨ થાય છે. એમાં મળનું પ્રમાણ વધુ રહે છે ને ચૂંક ઓછી હોય છે. દુર્ગંધયુક્ત મળ સાથે લોહી અને પરુ ભળેલાં હોય છે. તાવ ભાગ્યે જ આવે છે અને આવે તો ૧૦૦ અંશ ફેરનહાઇટ જેટલો હોય છે. પેટના જમણા ભાગમાં દબાવવાથી દુખાવો થાય છે. મંદ હુમલામાં કબજિયાત, પેટનો આફરો, ભૂખનાશ, મોંમાં મોળ વગેરે ચિહ્નો થાય છે.

આ રોગ પ્રાણઘાતક તો નથી, પણ એનો રોગી પાછો રોગવાહક (carrier) બને છે એમાં એની ભયંકરતા છે. આંતરડાંમાં ઘર કરી બેઠેલા અમીબાને જ્યારે જીવવા યોગ્ય ભૂમિકા નથી મળતી ત્યારે તે ધીમેધીમે સિસ્ટ રૂપમાં ફેરવાઈ જાય છે. આ વખતે રોગી પોતે તો રોગથી નથી પીડાતો, પણ એના મળ સાથે સિસ્ટો કોશેટા બહાર નીકળવાથી સમાજમાં રોગનો ફેલાવો થાય છે. આ રોગવાહક રોગીનું પણ જ્યારેજ્યારે આરોગ્ય જોખમાય ત્યારેત્યારે એને મરડાના તાજા હુમલા થઈ આવે છે. આમ એ ચિરકાળી (ક્રૉનિક) રોગી બને છે.

અયોગ્ય અને અધૂરા ઉપચારને લીધે રોગ જૂનો બનતાં ક્રૉનિક અમીબાયસિસ (Chronic Amœbiasis) આવી પડે છે. એમાં અજીર્ણ, પેટમાં ગૅસ, પેટમાં દુખાવો, બંધકોષ કે ઝાડા વગેરે ઉપદ્રવો વરસો સુધી પીડા આપે છે. પાચનતંત્ર નબળું પડે છે અને કદીક તો મનભર મિષ્ટાન્ન જમ્યા કે તરત રોગનો તાજો ઊથલો થઈ આવે છે.

યોગ્ય ઉપચાર થાય તો મરડો સાધ્ય રોગ છે; પણ સામાન્યરીતે જોવામાં આવે છે કે મરડો થાય ત્યારે આપણે ઘરગથ્થુ ઉપચાર જ કરવા મંડી પડીએ છીએ: સૂંઠ ને ગોળ, હીમજ, ખસખસ ને જાવંત્રી, આમલીની ખરપડ ને દહીં વગેરે અનિયમિત પ્રમાણ અને રીતમાં વપરાય છે. આ ઉપચાર ઝાડાને તથા ચૂંકને તાત્કાલિક બંધ કરવા પૂરતા સારા હશે, પણ એનાથી રોગના જીવાણુઓ મરતા નહિ હોવાથી રોગ ચિરકાળી અને વારંવાર ઊથલા ખાતો (relapsing) બને છે. આ રોગની શ્રેષ્ઠ દવાં બે છે: ઇમેટીનનાં ઇન્જેક્શન અને ઇંદ્રજવ.

શરૂઆતમાં એરંડિયાના જુલાબ વતી આંતરડાં સાફ કરવાં. ઇમે-

ટીન ઈન્જેકશનથી ડગળાં (વેળ) ઘાલી ખૂબ દુખે છે. વળી એનાથી હૃદયને પણ નુકસાન થવાની બીક છે. ઇમેટીનની અવેજીમાં હમણા શોધાએલી દવા ક્લૉરૉક્વીન ડાઈસલ્ફેટ છે. બીજી દવા હાઇડ્રોક્સીક્વીનોલીન છે, જે એન્ટેરોબાયોફૉર્મ નામે પણ વેચાય છે. આ બન્ને ઔષધના મિશ્રણવાળી પેટન્ટ દવા નિવામ્બીન, કેમોફૉર્મ અને રેસોટ્રેન નામે પણ વેચાય છે. આ દવાથી તાજા અને જૂના મરડામાં આરામ થાય છે. ઇંદ્રજવ એ 'કુર્ચિ (Kurchi)ના નામે ગોળી અને પ્રવાહી રૂપમાં વેચાય છે.

દવા સાથે ખોરાકનું પથ્ય જાળવવું પણ આવશ્યક છે. શરૂમાં લીંબુનો રસ, ફળોનો રસ, કેળાં, પોપૈયાં, તાજું દહીં, મોળી છાશ, ચા કે થોડા દૂધવાળી કૉફી લેવાં. ઝાડાની સ્થિતિ બદલાયા બાદ ભાત ને મગનું પાણી, મગ ને કણકીની ખીચડી, તથા બાજરીનો રોટલો ને લસણ ક્રમશઃ લઈ શકાય. તે પછી ધીમેધીમે ખોરાક ઉપર ચડવાનું હોય છે.

અમીબિક મરડાની અયોગ્ય, અધૂરી કે નહિ થએલી સારવારને લીધે રોગ ચિરકાળી (ક્રૉનિક) બનવા સાથે વધારામાં બીજા ઉગ્ર રોગો પણ થઈ આવે છે. આંતરડાંનાં ચાંદાંમાં ઘર કરી બેઠેલી અમીબા વખત આવ્યે લોહીની નળીઓ વાટે કલેજામાં જઈ પહોંચી ત્યાં ગૂમડાં (Hepatic Abcess) પેદા કરે છે. આવી રીતે ફેફસાંમાં પણ ગૂમડાં થાય છે. આ ઉપરાંત ઍપેન્ડિસાઇટિસ, કોલાઇટિસ વગેરે ઉગ્ર રોગો થઈ આવવાની સંભાવના પણ રહે છે.

બેસિલરી મરડો (Bacillary Dysentry)

અમીબિક મરડા કરતાં બેસિલરી મરડાનું પ્રમાણ અધિક રહે છે. નાનાં બાળકો હમેશાં આ મરડાથી પીડાય છે. આ રોગના ઉત્પાદક જીવાણુ ડૉ. શિગાએ ઈ. ૧૮૨૪માં શોધ્યા. આ જીવાણુઓની ત્રણ જાતો જાણીતી છે: શિગા, ફ્લેક્સનર અને સોને. આ જીવાણુઓ સાજા માણસના પેટમાં જાય છે ત્યારે તેને મરડો લાગુ પડે છે. પાણી, ખોરાક અને આંગળીઓ વાટે આ રોગનો ફેલાવો થાય છે. બેસિલરી મરડાથી પીડાતી માતા કે રસોયો રસોઇ મારફતે પણ કુટુંબનાં બીજાં માણસોને સહેલાઇથી આ રોગનો ચેપ આપી શકે છે.

રોગ-જીવાણુઓ પેટમાં ગયા બાદ એકથી સાત દિવસમાં રોગનાં ચિહ્નો દેખા દે છે. જીવાણુઓથી મોટા આંતરડાની આંતરત્વચામાં સોજો આવી ત્યાં ચાંદા પડે છે અને પછી તે ખવાઈ જાય છે. આ સ્થિતિ ઊતરતા નળ અને મળાશય(rectum)માં હોય છે. નાના આંતરડાના છેવટના ભાગમાં પણ ચાંદાં પડે છે. મોટા આંતરડાની આંતરત્વચામાં જીવાણુઓ પુષ્કળ સંખ્યામાં હોય છે. એમનું વિષ લોહીમાં ભળી આંતરડાંની દીવાલ વાટે છૂટું પડતું હોવાથી ત્યાં ચાંદાં પડે છે.

થોડો તાવ, ચૂંક ને ઝાડાથી રોગની શરૂઆત થાય છે. પછી ઝાડા વાટે લોહી પડે છે. રોજના ૧૦–૧૨ ઝાડા થાય છે. રોગની ઉગ્રતા પ્રમાણે થોડા ઝાડાથી માંડી કૉલેરા જેવા ઝાડા થાય છે. મળ થોડો ને વાસ વગરનો હોય છે. કેટલીક વાર તો ફક્ત લોહી-પરુ જ ઝાડા વાટે પડે છે. ઉગ્ર હુમલા વખતે ૧૦૩ અંશ જેટલો તાવ, ઊલટી, વધારે ચૂંક અને વારંવાર દસ્તની હાજત થાય છે. રોજના ૨૦ થી ૫૦ જેટલા ઝાડા થાય છે. આ વખતે સફરામાં ખૂબ વીંટ આવે છે. બેસિલરી મરડામાં પેટના ડાબા ભાગમાં દબાવતાં દુખે છે.

આ રોગમાં બે થી વીસ ટકા જેટલું મરણપ્રમાણ છે. સતત ઊલટી, અશક્તિ, હેડકી, પુષ્કળ પ્રમાણમાં કાળા ઝાડા, એ ખરાબ નિશાનીઓ છે. રોગના સાધારણ હુમલામાં આઠેક દિવસમાં આરામ થાય છે. એક વાર રોગ થયા પછી રોગમુક્તિ મળે છે. અધૂરા કે અયોગ્ય ઉપચારથી અને જલદી બધો ખોરાક શરૂ કરવાને લીધે રોગ ચિરકાળી (chronic) બની વારંવાર ઊથલા ખાય છે. થાક કે શરદી લાગતાં જળસવાળા ઝાડા શરૂ થાય છે. સાથે પેટમાં વેદના અને ઝાડામાં લોહી પણ હોય છે. ઊથલો જોકે મટી તો જાય છે, પણ ચાલુ રહે તો શરીરનો સુકારો, રક્તક્ષય, શરીરમાં પાણીના સોજા અને છેવટે મૃત્યુ થાય છે.

આ રોગની માઠી અસરોમાં સાંધાઓના (ખાસ કરી ઢીંચણના) સોજા આવે છે. સંગ્રહણી પણ થઈ આવે છે. સગ્રહણીના મોટા ભાગના કેસો મૂળમાં ઊથલા ખાતો જૂનો બેસિલરી મરડો જ હોય છે.

મરડાનો પ્રકાર જાણવા માટે મળની તપાસ કરવામાં આવે છે. દસ્ત તાજો, અને પેશાબ કે જંતુઘ્ન દવાના ભેળ વિનાનો હોવો જોઇએ. જૂના મરડા વખતે રોગીને આગલી રાત્રે જુલાબ આપી સવારના થએલો બીજો દસ્ત તપાસ માટે લાવવાનું કહેવામાં આવે છે.

આરામ, દવા, સારવાર ને ખોરાક એ ઉપચારનાં ચાર અંગો છે. આંતરડામાં પડેલાં ચાંદાં રૂઝાતાં દસેક દિવસ થાય છે. ત્યાં સુધી પથારીમાં પડયા રહીને આરામ લેવો જોઇએ. આરામ શારીરિક અને માનસિક બંને હોવા જોઇએ. પુષ્કળ ઝાડા થયા હોય ત્યારે શરીરની ગરમી જળવાઈ રહે એવું ઓઢવું જોઇએ. આંતરડાના રોગોમાં દૂધ તો હરગીઝ માફક નથી આવતું. તે સહેલાઈથી પચતું નથી. શરૂઆતમાં ચા, થોડા દૂધવાળી કૉફી, જવનું પાણી, છાશ, ફળોનો રસ, પાકેલાં કેળાં, પોપૈયું ને દાડમ લેવા. પાણી છૂટથી પીવું. ઉકાળીને શુદ્ધ બનાવેલું પાણી પીવું જોઇએ. પછી ચડેલા ભાત, મગનું પાણી, બાજરીનો રોટલો, દહીં વગેરે લેવાં. ઝાડા બંધ થયા બાદ જીભ ચોખ્ખી બને ત્યારે રોજિંદા ખોરાક પર ચડવું. દવાઓમાં સલ્ફાગાયનેડિન, સલ્ફાસક્સીડિન, થિલામલ સલ્ફાસેકટેમાઈડ, ને સ્ટ્રેપ્ટોમાઈસીન ગોળીઓ ઉત્તમ છે. મટયા પછી યોગ્ય પોષણ અને મિતાહાર જાળવવાં. દહીં અને છાશનો છૂટથી ઉપયોગ કરવો. જુલાબ લેવાની જરૂર પડે તો બીજા રેચ લેવા કરતાં ઈસબગુલ (ઓથમી જીરું) વાપરવું.

બંને પ્રકારના મરડા વખતે રોગનિવારક પગલાં સ્વીકારવામાં આવે તો રોગના હુમલામાંથી અવશ્ય મુક્તિ મળે છે. ચોમાસાની શરૂઆતમાં થતો મરડો મોટા ભાગે બેસિલરી પ્રકારનો હોય છે. આ વખતે જંતુઘ્ન દવાથી જીવાણુમુક્ત થએલું પાણી વાપરવું, અગર તો કૂવા-નદીના પાણી ઉકાળીને ઠંડાં પડયા બાદ વપરાશમાં લેવાં. માખીઓના સ્પર્શથી દૂષિત થએલી બજારુ વાનીઓ ન ખાવી. ફળ અને શાકભાજી ધોયા વિના ન ખાવાં. ગરમ કર્યા વિનાનું દૂધ ન પીવું. વાસી ખોરાક ન ખાવો. અને ખાતા અગાઉ સાબુ વતી હાથપગ અવશ્ય ધોવા.

અનિયમિત અને અકરાંતિયાપણે ખાવાની ટેવ, થાક, શરદી, ભેજ અને મૅલેરિયા તાવ વગેરેથી ખૂબ જાળવવું, કારણ કે આ કારણોથી આવતી અશક્તિના પરિણામે શરીરની પ્રતિકારશક્તિ ઘટવાથી રોગચાળા વખતે રોગના ભોગ પહેલા બનાય છે.

સફાઈ અને સ્વચ્છતા ખૂબ જાળવવાં. ઘરની આસપાસનાં જાજરૂ, ગંદકી, કચરો ને મોરી-ખાળ સાફ રાખવાં, જેથી માખીઓનો ત્રાસ ઊભો ના થાય. ખોરાક ઢાંકેલો રાખવો કે જેથી તે માખીથી દૂષિત ના બને. જાહેર આરોગ્ય અને સફાઈનાં પગલાં લેવાય છે ત્યાં આ રોગનું પ્રમાણ ઓછું હોય છે. ગરીબી અને એની સાથે જોડાએલી ગંદકી જ્યાં હોય છે ત્યાં આ રોગ પૂરપાટ ફેલાવો પામે છે.

રોગીના મળ ઉપર મળ કરતાં બે ગણું ફિનાઈલ નાખવું. જો આ ન થઈ શકે તો તેના ઉપર ધૂળ કે રાખ નાખવાં. મળવાળાં કપડાં, પથારીની ચાદર, ઓછાડ વગેરે કપડાં સાબુના ખળખળતા ગરમ પાણીમાં પાંચ મિનિટ સુધી અગ્નિ પર ઉકાળ્યા બાદ ધોવાં.


પચ્ચીસ વર્ષ પહેલાં

આસો ૧૯૮૭
અંક ૯૪

માત્ર ભારતની જ નહિ પણ જગતભરની પ્રાચીનતમ સંસ્કૃતિ 'મોહેં-જો-ડેરો'ના સિંધુની ખીણમાંથી મળી આવેલા (અને હાલ પાકિસ્તાનમાં આવેલા) અવશેષોને ખૂબ વિશદરીતે અને ટૂંકામાં સમજાવતો ગુજરાતી સાહિત્યનો સર્વપ્રથમ સચિત્ર લેખ શ્રી રવિશંકર રાવળે આજથી પચ્ચીસ વર્ષ પરના 'કુમાર'માં આપેલો તેમાંનો અગત્યનો ભાગ આ નીચે આપીએ છીએ, તે આજે જ માત્ર નહિ, પણ સર્વ કાળને માટે એ દિશામાં અભ્યાસ કરવા ઇચ્છનારાઓને માર્ગદર્શક ભૂમિકારૂપ બની રહે તેવો છે :

'ભારતીય સંસ્કૃતિની ગૌરવગાથા ગાનારા અજંતાના કલામંડપો, શિકારે નીકળેલા એક અજાણ્યા અંગ્રેજને હાથે અકસ્માત પ્રકાશમાં આવ્યા. એ અજંતાથી યે અતિ પ્રાચીન કાળમાં, આજથી પાંચ હજાર વર્ષ ઉપર, જ્યારે આજની પુરાતન ગણાતી સંસ્કૃતિઓનાં વહાણાં પણ નહોતાં વાયાં એવા ઇતિહાસના ઉષ:કાળે, ભારતમાં એક ઊંચા પ્રકારની સંસ્કૃતિ ફાલી હતી તે બતાવતા વિપુલ અવશેષો ભારી રહેલી એક સમાધિ, એ જ રીતે, શિકારે નીકળેલા એક હિંદી પુરાતત્ત્વવેત્તા અધિકારીને ઈ. ૧૯૧૭માં એક મંગળ પ્રભાતે લાધી, અને એણે ભૂતકાળનો એક ગહનશ્યામ પડદો ઊંચકી લઇને સંસ્કૃતિ જનેતા ભારતની યશોજ્જ્વલ ગાથાને વધુ પ્રકાશવતી કરી.

એ વર્ષના ઑક્ટોબરમાં હિંદી પ્રાચીનશોધખોળ ખાતાના અધિકારી અને સમર્થ પુરાતત્ત્વવેત્તા સ્વ. રાખાલદાસ બૅનરજી પુરાતન સિક્કાઓ તથા પ્રાચીન માનવસમાધિઓની શોધ માટે પૂનાથી સિંધ ગયા હતા. એક રાત્રે તેઓ મિત્રો સાથે ચિત્તળ (લાલ ચપકાવાળા હરણ)ના શિકારે નીકળ્યા અને રસ્તો ભૂલ્યા. રાત આખીની અથડામણ પછી પ્રભાતના પ્રકાશમાં એક મોટો ટેકરો નજરે પડ્યો. સાથેના જમાદારે ચેતવણી આપી કે રસ્તો ભૂલીને તેઓ એવી અજાણી જગ્યાએ ચડી ગયા છે કે જ્યાં પાણી કે ખોરાક કશું નહિ મળે.


મોહેં-જો-ડેરોના સાચા શોધક રાખાલબાબુ

પણ પુરાતત્ત્વવેત્તાનું ધ્યાન તે તરફ નહોતું. એ તો પેલો ટેકરો જ નિરખી રહ્યો હતો. એની અનુભવી આંખોને તરત સમજાઈ ગયું કે આ વિચિત્ર દેખાવનો કૃત્રિમ ટેકરો એ સામાન્ય વસ્તુ નહિ, પણ માનવના પ્રાચીન વસવાટની જગ્યા હોવી જોઈએ. બારીકીથી તપાસ કરતાં તેને પુરાતન ઇંટો મળી આવી. એક હાંડલી હાથ લાગી તેમાં એક પથ્થરની છરી મળી આવી. એ છરી મળતાં તેની આંખોમાં પ્રકાશની કોઇ અજબ ચમક પ્રકટી.

પૃથ્વી પરના માનવ-વસવાટનાં બધાં પ્રાચીન સ્થળોની શોધખોળ પરથી વિદ્વાનોએ મનુષ્યની દશાની સંક્રાન્તિ કે પલટા પ્રમાણે ઇતિહાસને હજારો વર્ષના યુગોમાં વહેંચી નાખ્યો છે. સૌ પ્રથમ માનવે જ્યારે પૃથ્વીના વનચર વર્ગમાંથી વસાહત કરીને સુધારાની શરૂઆત કરી તે 'નૂતન પાષાણયુગ' આજથી વીસ હજાર વર્ષ પહેલાં શરૂ થયો મનાય છે. એનું નામ 'પાષાણ યુગ' એટલા માટે, કે મનુષ્યને તોડવાભાંગવા તથા મારવાકૂટવામાં એ વખતે પથ્થર સિવાય કોઈ જ સાધન હાથ લાગ્યું નહોતું. ચકમક જેવા કોઈ કઠણ પથ્થરમાંથી તેઓ ભાલાં કે છરી બનાવી લેતા, ને પોતાને હેરાન કરનારાં કે ભયદાયક પ્રાણીઓનો નાશ કરવામાં તેનો ઉપયોગ કરતા. એ જ પથ્થરમાંથી ધીમેધીમે ગદાની આકૃતિ જન્મી, ને વાંસ સાથે બાંધેલી પથ્થરની અણીદાર છરીમાંથી ભાલાનું રૂપ ઘડાયું.

એ પાષાણ યુગમાંથી અનુભવ અને જ્ઞાન વધતાં સમાજની કાચી રચના તૈયાર થઈ. એવામાં માણસને ત્રાંબું હાથ લાગ્યું ને પથ્થરની જગ્યાએ તે વપરાતું થયું. એ ત્રાંબાની વપરાશની માનવદશાનો યુગ તે તામ્રયુગ.

હાંડલીમાંથી મળેલી પથ્થરની છરી જોતાં રાખાલબાબુએ પ્રથમ તો એ પાષાણયુગના અવશેષ હોવાની કલ્પના કરી હશે. પણ તે પછી એ ટેકરાનું વ્યવસ્થિત ખોદકામ ઈ. સ. ૧૯૨૩માં સરકારી પુરાતત્ત્વ ખાતા તરફથી કરવામાં આવ્યું અને ત્યાંથી પથ્થરની સાથે ત્રાંબાની ચીજો પણ મળી આવી, તે પરથી તે પાષાણયુગના આખર અને તામ્રયુગની શરૂઆતના કાળના અવશેષો હોવાનું ઠર્યું. લોઢાનું તો ત્યાં નામનિશાન નથી, એટલે લોઢાની વસ્તુઓ સાથે આવનારા આર્યોની પહેલાંની એ સંસ્કૃતિ છે એટલું તો નિશ્ચિત થયું છે. એવી એ પ્રાચીન સંસ્કૃતિની સમાધિ સાચવી રાખનાર એ ટેકરો સિંધમાં લારખાનાની નજીક આવેલો છે, ને તે મોહેં-જો-ડેરો (મોહેં અથવા મોએં=મરેલો+જો=નો+ડેરો=સ્થાન, ટેકરો)ના નામથી ઓળખાય છે.

આ શોધથી હિંદુસ્તાનની સંસ્કૃતિના ઇતિહાસની સીમાનો પ્રદેશ હજારો વર્ષ આગળ જાય છે અને તેથી જગતના ઇતિહાસની દૃષ્ટિએ તેનું મહત્ત્વ અનેકગણું વધે છે. આજના યુગના ચમત્કાર રૂપ મનાતી આ શોધ જોકે જગતમાં તો હિંદી પુરાતત્ત્વ ખાતાના તે વખતના વરિષ્ઠાધિકારી સર જૉન માર્શલને નામે ચડી, પણ ઉપર વર્ણવ્યું તેમ તેનું ખરું માન હિંદી નરરત્ન સ્વ. રાખાલદાસ બંદોપાધ્યાયને જાય છે.

સ્વ. રાખાલબાબુનું નામ હિંદમાં જ નહિ પણ જગતભરના વિદ્વાનોમાં પુરાવિદ્યાવિશારદ તરીકે બહુ જાણીતું છે. જીવનનો મોટો ભાગ તેમણે હિંદના સરકારી પ્રાચીન શોધખોળખાતાના અગ્રણી અધિકારી તરીકે કામ કર્યું હતું અને છેવટના ભાગમાં તેઓ કાશીની હિંદુ યુનિવર્સિટીમાં ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિના વિભાગના આચાર્યપદે હતા.

સરકારી શોધખોળ ખાતાએ મોહેં જો-ડેરોના ટેકરાનું ખોદકામ બધું મળીને તેર એકર જમીનમાં કર્યું છે તે પરથી માલૂમ પડ્યું છે કે એ જગ્યાએ એક પછી એક એમ ત્રણ નગરો વસી ગયાં છે. તેમાં સૌથી છેલ્લું વસ્યું તેનાં મહાલયો સર્વોત્તમ છે. એમાં સુવ્યવસ્થિત માર્ગો, પાણીની ગટરો, વિચારપૂર્વક બાંધેલાં અને દરેક પ્રકારની સુખસગવડવાળા ઘરો, ભવ્ય દેવળો અને ઇમારતોના અવશેષો મળી આવ્યા છે. પહેલાંનાં બે નગરો સાવ કંગાલ જણાય છે, પણ તે બધાં યે પાકી ઇંટોનાં ચણેલાં છે. આ ઇંટો પાંચ હજાર વર્ષ પહેલાંની હોવા છતાં આજે પણ ઉપયોગમાં લઈ શકાય એવી છે.

મોહેં-જો-ડેરો જેટલું જ એક પ્રાચીન ખંડિયેર ત્યાંથી ૪૫૦ માઇલ દૂર ઉત્તરે પંજાબમાં હડપ્પા ગામ આગળ નીકળી આવ્યું છે. ત્યાંના અવશેષો પરથી જોતાં આ બંને સ્થળોનાં સમય ને સંસ્કાર મળતાં લાગે છે. અને ત્યાંથી નીકળેલાં આબાદીનાં ચિહ્નો જોતાં લાગે કે એ પ્રદેશો એક વાર ખેતીવાડી, વેપાર વગેરેમાં પૂર્ણ સ્વાધીન હશે. મોહેં-જો-ડેરોમાંથી મળી આવેલા ઘઉં આજના પંજાબના ઘઉંને મળતા



મોહેં-જો-ડેરોનું ખોદકામ તથા તેમાંથી નીકળેલા ૫૦૦૦ વર્ષ જૂની સંસ્કૃતિના અવશેષો

છે અને તે વાવીને ઉગાડી પણ શકાયા છે.

આ વિશાળ નગરીનાં ખંડિયેરોમાં લોઢાનું તો નામ જ ન મળે. તલવાર, કટાર, છરી, ભાલાંનાં ફળાં, ઘરનાં વાસણો, થાળીઓ, પ્યાલા અને બારીબારણાંનાં મિજાગરાં સુદ્ધાં ત્રાંબા કે કાંસાનાં બનાવેલાં છે. એ બધાં જોવાથી ખાતરી થાય છે કે તામ્રયુગમાં પણ ભારતમાં બહુ ઊંચા પ્રકારની માનવ-સંસ્કૃતિ પરિપાક પામી હતી. આ તામ્રયુગનો કાળ ઈસુના જન્મ પહેલાં ૨૦૦૦ વર્ષની પણ પૂર્વેનો ગણાય છે. આ પ્રમાણે મોહેં-જો-ડેરોનું જૂનું ખંડિયેર તો ઈસુના જન્મ પહેલાં ૩૦૦૦થી ૫૦૦૦ વર્ષનું પ્રાચીન ગણાય. હિંદ પર ચડી આવેલા આર્યો

←મથાળેથી : (૧) સિંધમાં (હાલ પાકિસ્તાનમાં) લારખાના નજીક આવેલા ૩૦૦૦ થી ૫૦૦૦ વર્ષ લગભગ પૂર્વેના સાંસ્કૃતિક અવશેષો સંઘરતા ટેકરા મોહેં–જો–ડેરો (મૂએલા માણસોનો ટેકરો)નું ખોદકામ કરતાં નીકળેલો ૩૯ ફૂટ લાંબો, ૨૩ ફૂટ પહોળો અને ૮ ફૂટ ઊંડો એક મંદિરને લગતો કુંડ, જેની ચોમેર ફરતી પરસાળો, ઓરડા તથા કૂવો પણ મળ્યાં છે. (૨) આજની ઇજનેરીની હરીફાઈ કરે એવી પાકા ચણતરની આવી ગટરોની વ્યવસ્થા એ આખા નગરમાં જણાઈ છે, અને ૫૦૦૦ વર્ષ પૂર્વે પણ કેવી ઉચ્ચ સંસ્કૃતિ વિકાસ પામી હતી તેનો તાદૃશ પુરાવો આપે છે. (૩) હજારો વર્ષથી દટાઈ રહેલાં ખંડિયેરોની ધૂળમાંથી કટકીકટકી શોધીને ભેગી કરીને આવડા મોટા વાસણને જોડીને ઊભું કરવું એ પુરાતત્ત્વવેત્તાઓ માટે કેવડી ધીરજનું કામ હશે! મોહેં–જો–ડેરોમાંથી મળી આવેલી આ ગોળી એ સમયની માટીકામની કારીગરી કેટલી ખીલેલી હશે તેનો નમૂનો છે. (૪) ત્યારની ત્રાંબાની કરવત, બંગળીઓ, વાસણો વગેરે. (૫) અકીક તથા માટીના મણકા, મુદ્રાઓ, માંદળિયાં, લોલક વગેરે.

શૂરવીર યોદ્ધાઓ અને પશુ તથા ખેતી ઉપર નભનારી પ્રવાસી જાતિ હતા. તેઓ ઈસુના જન્મ પહેલાં માત્ર ૧૮૦૦ વર્ષ પર જ હિંદમાં આવ્યા. ત્યારે તો આ નગરી એક સ્વચ્છ સભ્ય જાતિથી વસી રહી હશે.

આ પ્રાચીન સંસ્કૃતિના નાગરિકોએ અનેક રીતે તેમનો જીવનઉત્કર્ષ કર્યો હતો તેની સાબીતિ રૂપે સોનાંરૂપાનાં ઘરેણાં, સાંકળીઓ વગેરે મળી આવ્યાં છે. કાચ જેવી કોઈ ભૂરી બનાવટના આકારો, મણકા, હાથીદાંત, પ્રવાળ તથા વિવિધ રંગના પાષાણ-મણિઓ વગેરે મળી આવ્યા છે; પણ ક્યાં યે હીરામોતી કે ચૂનીપાનાં મળતાં નથી. ગરીબો છીપના કે પકવેલી માટીના અલંકારો વાપરતા. સોનાના ઢોળવાળા ત્રાંબાના કમરબંધો, કાનની કડીઓ અને કર્ણફૂલો વગેરે હાલના સોનીઓ તથા ઝવેરીઓની હરીફાઈ કરે એવા ચળકાટવાળાં છે. સોનારૂપા પછી ત્રાંબા, કલાઇ, સીસા વગેરેનો ઉપયોગ દેખાય છે. ત્રાંબું તો છૂટથી વપરાયું છે. કુહાડી, છરી, તલવાર, ઓજારો, ઘરનાં વાસણો, બધાં જ ત્રાંબાનાં છે.

આ સમયનાં માટીનાં વાસણો તો કળાની આશ્ચર્યજનક કૃતિઓ કહી શકાય એવાં છે. દોઢ ઇંચની કુલડીથી માંડીને મોટી ગોળીઓ જેવડાં વાસણો મળી આવ્યાં છે. તેમાં કેટલાંક હાથેથી બનાવેલાં ને કેટલાંક ચાકડા પર બનાવેલાં છે. તે પરના રંગરોગાન અને ચળકાટ જોઇને ખાતરી થાય છે કે એ સમયે લોકો ચીનાઇ વાસણો જેવી જ સફાઈ અને ચળકાટ લાવી જાણતા હતા. કોઇકોઇ વાસણો ઉપર તો લેખો પણ છે. કેટલાંક વાસણો તો ઇંડાંનાં કોચલાં જેટલાં પાતળાં છે અને અંદર દીવો સળગાવ્યો હોય તો પ્રકાશ દેખાય છે! વાસણો પરનું ચિત્રકામ એ સમયના લોકોની કલારસિકતા ને સંસ્કારી દૃષ્ટિનો અચૂક પુરાવો છે.

વાસણો જેટલી જ મહત્ત્વની કલાપૂર્ણ વસ્તુઓ તે એ યુગની માટીની મુદ્રાઓ છે. આ મુદ્રાઓ ઘેરેઘરમાંથી મળી આવે છે. તેની પાછળ કાણાવાળું નાકું બનાવેલું હોય છે, એટલે તેમાં દોરી પરોવી લટકાવાતી હશે અથવા ગળે કે બાવડા ઉપર તે બાંધવામાં આવતી હશે. તેની ઉપર હાથી, બળદ, વાઘ, ગેંડો વગેરે અનેક પશુઓ તથા જનાવરોની દાબેલી છાપ પાડેલી હોય છે. આ દરેક આકાર સાથે કંઈક ને કંઈક લખાણ તો છાપેલું હોય જ છે. આ છાપની કોતરણી અને સફાઈ અદ્‌ભુત તથા નવીન પ્રકારની લાગે છે. આ છાપોમાંથી સમજાય છે કે એ કાળમાં પણ પીપળો, બળદ, સર્પ વગેરેને લોકો પવિત્ર માનતા હશે.

આજથી પાંચ-સાત હજાર વર્ષ પહેલાં તામ્રયુગના એ હિંદવાસીઓ આપણી પેઠે અક્ષરો લખી જાણતા નહોતા, પણ તેઓ ભાવ પ્રકટ કરવાને ચિહ્નનો પ્રયોગ કરતા. માણસ ચાલે છે તેમ બતાવવાને બે પગ ચીતરતા અને માણસ પગથિયાં પર થઈ ઘરમાં જશે એમ બતાવવાને બે પગ નીચે નીસરણી કે પગથિયાં ચીતરતા. આવી રીતે લખવાની પદ્ધતિને ચિત્રલિપિ (pictograph) કહે છે. પ્રાચીન ઇજિપ્ત તથા બૅબિલોનના સુમેરિયન યુગની ચિત્રલિપિઓ આવી જ છે. એ બધી લિપિઓના અર્થ સમજવાના પ્રતિશબ્દો, કોષ અને ટીકા

મહાર પડયાં છે. સુમેરી ચિત્રલિપિ અને પ્રાચીન ભારતની ચિત્રલિપિ એક જ હોત તો તેનો પણ અર્થ થયો હોત; પણ કોઇ હજુસુમેરીલિપિના આધારે આ ભારતીય લિપિનો અર્થ કરી શક્યું નથી, એટલે જરૂર તે જુદી લિપિ છે. તોપણ બૅબિલોન ને સુમેરની તામ્ર કાળની સંસ્કૃતિઓ જોડે આ ભારતીય તામ્રયુગનું ઘણી બાબતમાં મળતાપણું છે.


એક મકાનમાંથી ચૌદ હાડપિંજરો મળી આવ્યાં છે. તેમાંના કોઈના હાથમાં શંખની ચૂડીઓ છે, ત્રાંબાની પહોંચીઓ છે, પગ તથા હાથનાં આંગળાંમાં ત્રાંબાની અંગૂઠીઓ છે. કોઇ અકસ્માત, રોગ કે ધરતીકંપનો ભોગ થઇ ગએલા કોઈ અભાગી કુટુંબનું એ કરુણ દશ્ય છે. આ પછી એ સમયના મનુષ્યનાં એક બે ભાંગેલાં છાતી સમાં પૂતળાં મળી આવ્યાં છે. એમાંનું એક તો નરમ આરસનું છે અને બીજા ઉપર કોઈ સરસ પ્લાસ્ટર ચડાવ્યું છે અને એનાં કપડાં લાલ ગેરૂથી રંગ્યાં છે. તેની આંખની જગ્યાએ છીપ જડેલી છે. આ પૂતળાંના ચહેરા દાઢીવાળા, માથે ચોટલો અને તે પર એક પટ્ટી બાંધેલી છે. તેના હોઠ મોટા ને જાડા, નાકનું ટેરવું ઊંચું અને કપાળ ઢાળપડતું લાગે છે. ઉપલા હોઠ પર જરા હજામત કરાવી તેઓ મૂછ પાતળી રાખતા હશે એમ જણાય છે.

ઉચ્ચ વર્ગના પુરુષના પોશાકમાં માત્ર બે જ વસ્ત્રો છે. કેડ પર મદ્રાસીઓની પેઠે વીંટેલી ચાદર, અને એક ખભો ખુલ્લો રહે એવી રીતે બગલમાંથી ઓઢેલી શાલ. સ્ત્રીનું એક જ પૂતળું મળી આવ્યું છે તેના વાળ પાછળથી છુટ્ટા છે.

ગરીબ વર્ગમાં પુરુષો લગભગ લંગોટીભર ફરતા હશે ને સ્ત્રીઓ સાંકડા પનાનું લૂગડું વીંટતી હશે. એક નર્તકીનું ધાતુનું પૂતળું મળ્યું છે તેને તો એટલું યે વસ્ત્ર દેખાતું નથી. એમ છતાં અલંકારો અને આભૂષણો તો બધા ખૂબ પહેરતા. હાર, વીંટીઓ, કમરબંધો, કર્ણપૂરો, અંગૂઠિયાં વગેરેનો તો પાર ન રાખતા.

જોખવાનાં કાટલાં પણ અહીંથી મળી આવ્યાં છે તે પરથી એ લોકો વસ્તુઓનું મૂલ્ય બરોબર આંકી શકતા હશે એમ લાગે છે. વાસણો પર માછલી તથા સમુદ્રતરંગોનાં ચિત્રો છે તે જળપ્રવાસનો તેમનો અનુભવ તાદશ કરે છે.

પાળેલાં જનાવરોમાં મોટાં શીંગડાંવાળા બળદો, ભેંસો, ટૂંકાં શીંગડાંવાળા આખલા, ઘેટાં, ડુક્કર, કૂતરા, ઘોડા અને હાથી હતાં.



કમઠાચલ: ૨૫,૪૪૭ ફીટ ઊંચું નગાધિરાજ હિમાલયનું દુર્ગમ ને કનુંગ શિખર માઉન્ટ કામટ

બળદોનાં હાડપીંજર તો બહુ મળે છે તે પરથી ખેતી માટે તેનો ઉછેર બહુ હશે એમ લાગે છે.

હાથી, વાઘ, ગેંડા વગેરેનાં ચિહ્નો માટીની મુદ્રાઓ ઉપર છે તેથી એમ માની શકાય કે એ કાળમાં ત્યાંની હવા જરા ભિનાશવાળી અને જમીન ઘાડાં જંગલોવાળી હશે. સિંહને ટેકરાવાળો ગરમ મુલક પસંદ હોય છે તેનું તો તે સ્થળમાં નામનિશાન પણ નથી.

ઘરેઘરમાંથી રેંટિયાની ત્રાકો મળી આવે છે તેથી કાંતવાવણવાનું ઘરેઘર ચાલતું હશે એમ લાગે છે. સુંદર વણાટનું કાપડ પણ મળી આવ્યું છે. ગ્રીકો કપાસને સિંધો અથવા સિન્ધન તરીકે નામ આપતા તેથી સૂચિત થાય છે કે આ સિંધુપ્રદેશોમાં તે ખૂબ થતો હશે.

આ બધું જોતાં પાંચ હજાર વર્ષ પૂર્વે મોહેંજો-ડેરોના નાગરિકો ઋગ્વેદના આર્યો કરતાં અનેકગણી ચડિયાતી સંસ્કૃતિ જમાવી શકયા હતા એવી ખાતરી થાય છે. વેદોમાં જેમને અસુર કે દસ્યુ તરીકે ઓળખાવવામાં આવ્યા છે તે જ આ લોકો હોવા જોઇએ."

આજે તો હવે માનવીએ દુનિયાનું ઊંચામાં ઊંચું ને દુર્ગમ ગિરિશિખર 'એવરેસ્ટ' સર કરી લીધું છે; પરંતુ આજથી પચ્ચીસ વર્ષ પહેલાં તેના જેવું જ દુર્ગમ મનાતું હિમાલયનું એવું જ બીજું ઉન્નત શિખર કમઠાચળ (માઉન્ટ કામટ) એવરેસ્ટની માફક જ એક પશ્ચિમી શિખરારોહક એફ. એસ. સ્માઈથની સાથે રહીને એક હિંદી પહાડખેડુ લડ્આએ સૌપ્રથમ સર કર્યું, તેની હકીકત પણ ત્યારે માનવસાહસની એક ઉજળી ગૌરવગાથા ગણાએલી. શ્રી હરિનારાયણ આચાર્ય જેવાની કલમે એ કથા લખાએલી, એટલે કેવી પ્રેરક અને પ્રાસાદિક હશે એ તો સમજી જ શકાશે. એ તો લગભગ આખી જ અહીં ઉતારીએ :





ઉપરઃ કમઠાચલ આરોહણ માટેની ટુકડી, જેમાં વચ્ચે તેનો નાયક સ્માઇથ બેઠેલો છે તથા નીચે જમણી બાજુ તેમનો મજૂર લકેઓ બેઠેલો છે, જે આખી ટુકડીમાં સૌ પ્રથમ શિખર પર પહોંચેલો.
જમણી બાજુઃ ટુકડીનો નાયક એફ. એસ. સ્માઇથ

"તા. ૨૧મી જૂન સને ૧૯૩૧. ત્રણ અંગ્રેજ ને બે હિંદી સાહસિકો પર્વતની કરાડ પર ચડી રહ્યા છે. અત્યંત પરિશ્રમથી પગ પણ ઊપડતો નથી. અત્યંત શીત ને પાતળી હવામાં શ્વાસ પણ મહામહેનતે લેવાય છે. ચીકણા લીસા પથ્થર પર પગ ઠરતો નથી. કલાકના પાંચ સો, પછી બસો, છેવટે એક સો ફૂટ પણ જવાતું નથી. થઈ રહ્યું. મનની મનમાં રહી ગઈ.

ત્રણ અંગ્રેજ ને એક હિંદી હેઠા પડયા. શિખરની ટોચ સામે જ છે, પણ હાથ હલાવવાની યે તાકાત ક્યાં છે? માત્ર બાકી રહેલા હિંદીમાં કંઇક હૈવત હતું. જાતે ગરીબ હિંદુ, છતાં પર્વતની કૂખે ઊછરેલો એટલે જન્મથી જ અદમ્ય ઉત્સાહ અને અદ્ભુત ધીરજ કેળવેલાં. નીચે પડયેપડયે અંગ્રેજ અધિકારીએ હાથ વડે સંજ્ઞા કરી અને ભાંગેલા પગે એ આગળ વધ્યો.

બરાબર સાંજના સાડા ચારે એણે શિખરની ટોચે પગ દીધો. એના એ અપૂર્વ સાહસથી નવું બળ પામી બાકીના સાથીઓ પણ તેની પાછળ જઈ પહોંચ્યા. સૃષ્ટિની શરૂઆતથી આજ સુધી કોઈની પગરજથી અલિપ્ત રહેલા હિમાલયના શિખર કમઠાચલ-માઉન્ટ કામટ (૨૫,૪૪૭ ફૂટ) પર મનુષ્યનો વિજય થયો! નવ નવ પ્રયત્ને પણ અજિત રહેલા એ પર્વત પર અંગ્રેજ માલિકોની દુર્દશાને લીધે પહેલો પગ મૂકવાનું માન એક હિંદીને મળ્યું. વિધિની એ પણ વિચિત્રતા. એ હિંદીનું નામ લકેઓ.

ગઈ સાલ (૧૯૩૦) કાંચનજંઘા શિખરના આરોહ અર્થે આવેલી ટોળીમાંના અંગ્રેજ સાહસિક એફ. એસ. સ્માઇથની આગેવાની નીચે પાંચ અંગ્રેજો ગઢવાલ પ્રદેશમાં આવેલા હિમાલયના કામટ શૃંગ પર ચડવાનો પ્રયત્ન કરવા આ વર્ષના ઉનાળામાં હિંદુસ્તાનમાં આવ્યા હતા. મેની અધવચમાં રાણીખેતથી નીકળ્યા. કેદારનાથ અને બદરીનાથ જોતા, ચંડ વેગવતી અલકનંદાની નંદનવન સમી ખીણોના સૌંદર્યને નિહાળતા, હનુમાન છત્રીના રસ્તે આગળ વધ્યા. જૂનની છઠ્ઠી તારીખે કામટની તળેટીમાં પડાવ નાખ્યો. હિમપ્રપાત, પવનનાં તોફાન અને હિમપ્રવાહનાં સંકટો અપાર હતાં. છતાં યોગ્ય અવસર સાધી તા. ૨૧મી જૂનના રોજ સ્માઇથે બે જોડીદાર અને બે હિંદી નોકરો સાથે પહેલું આરોહણ કર્યું. ત્રણ દિવસ પછી બાકીના ત્રણ અંગ્રેજો બીજા બે હિંદી નોકરો સાથે કામટ પર ચડયા. પ્રકૃતિની અપ્રતિબદ્ધ શક્તિ છતાં પામર ગણાતી મનુષ્ય જાતિના અસીમ મનોબળના વિજયનો એક વધુ દૃષ્ટાંત!

પૃથ્વીપટ પર અનેક પર્વતો છે, પણ ઉચ્ચતમ શિખરો તો ગણ્યાંગાંઠયાં જ છે. હિમાલયને બાજુ પર રાખીએ તો યુરોપનો આલ્પ્સ, દક્ષિણ અમેરિકાનો ઍન્ડીસ અને આફ્રિકાનો કિલિમાન્જારો. આલ્પ્સનાં બે શૃંગોઃ મૉં બ્લાઁ ૧૫,૭૮૨ ફૂટ ને મૅટરહૉર્ન ૧૪,૭૭૧ ફૂટ ઊંચાં છે. કિલિમાન્જારો ૧૯,૭૦૦ ને ઍન્ડીસનું ઍકોન્કાગુઆ શિખર ૨૩,૦૦૦ ફૂટ ઊંચાં છે. અભેદ્ય ગણાતાં આ શિખરોની એકાંતવૃત્તિનો માનવપ્રયત્ને નાશ કર્યો છે. આલ્પ્સનાં તો શિખરેશિખર મનુષ્યચરણ ખૂંદી વળ્યાં છે.

પણ આ બધાં જેની આગળ વેંતિયાં જણાય એવા હિમાલયની શિખરપરંપરા તો અદ્ભુત છે. હિંદુસ્તાનની ઉત્તરે વિસ્તરેલો એ નગાધિરાજ એક જ પર્વત નથી, પણ અનેક પર્વતોની અવિચ્છિન્ન પરંપરા છે. પંદર સો માઈલ લાંબાં ને બસોથી ત્રણસો માઈલ પહોળા વિસ્તારમાં હિમાલયનું કલેવર પથરાએલું છે. આર્યાવર્તની ઉત્તરે કાશ્મીરની અડોઅડ પૂર્વે તેર હજાર ફૂટ ઊંચી અને બસો માઇલ પહોળી એક વિશાળ ખીણ છે. આના મધ્યમાં આર્યોના આદિદેવ પુરાણપુરુષ મહાદેવનું નિવાસસ્થાન કૈલાસ ગિરિશૃંગ (૨૧,૯૦૦ ફૂટ) અને પવિત્ર માનસરોવર આવેલાં છે. જેની કૂખમાંથી સિંધુ અને બ્રહ્મપુત્રા નીકળે છે એવી આ વિશાળ ખીણની ઉત્તર-દક્ષિણે પથરાતી હિમાલયની વિવિધ પર્વતમાળા પૂર્વ-પશ્ચિમે હજાર હજાર માઈલ પથરાય છે. આ પર્વતમાળાની ગોદમાં સિંધુ નદી પશ્ચિમમાં આઠસો માઇલ વહી, નાગા પર્વતને ઘસડાઈ, દક્ષિણમાં સેંકડો માઈલ દૂર અરબી સમુદ્રમાં મળે છે. પૂર્વ દિશામાં તિબેટના પ્રદેશમાં ફરી વળી આસામમાં થઈ દક્ષિણે સમુદ્રમાં ભળી જતી બ્રહ્મપુત્રા, સિંધુની સાથે હિંદુસ્તાનના ગલેબંધની ગરજ સારે છે.

હિમાલયના સ્થાન પરત્વે કારાકોરમ ગિરિમાળા, બૃહદ્ હિમાલય, કુમાઉંનો હિમાલય, નેપાળનો હિમાલય, આસામનો હિમાલય ને તિબેટનો હિમાલય એવાં નામ અપાય છે. એના જેટલી શિખરોની વિવિધતા અને ઊંચાઈ બીજા કોઈ પણ દેશમાં નથી. વીસ હજાર ફૂટથી વધુ ઊંચાઇનાં ૧૧૪ અને ચોવીસ હજાર ફૂટથી ઉપરનાં ૭૫ શિખર હિમાલયમાં આવેલાં છે. પૃથ્વી પરનું ઉચ્ચતમ પર્વતશૃંગ એવરેસ્ટ 'ચો મો લુંગમા' (વિશ્વમાતા) ૨૯,૦૦૨ ફૂટ ઊંચું છે. તિબેટમાં આવેલા આ શિખરના આરોહણના ત્રણ નિષ્ફળ પ્રયત્નો થયા છે (હવે એ શેરપા તેનસિંગ અને હિલેરીએ સર કર્યું છે.) એની દક્ષિણે ૭૦ માઈલે આવેલું કાંગ ચેન જુંગા (૨૮,૧૪૬ ફૂટ) શૃંગ હિમાલયના સમસ્ત વિશાળ પ્રદેશમાં સુંદરતમ મનાય છે. કાશ્મીરની ટોચે આવેલું K 2 (માઉન્ટ ગૉડવિન ઑસ્ટેન) શિખર (૨૮,૨૫૦ ફૂટ) ઉપર ચડવાનો પ્રયત્ન પણ થયો નથી. કાશ્મીરમાં પશ્ચિમે આવેલો નાગો પર્વત (૨૬,૬૩૩ ફૂટ), પંજાબમાં નંદાદેવી (૨૫,૬૦૦ ફૂટ), તિબેટના માંધાતા (૨૫,૩૫૫ ફૂટ), ધવલગિરિ (૨૬,૭૯૫ ફૂટ), મેરૈશિઆદિ (૨૬,૫૦૦ ફૂટ), ગોસાઈ થાન (૨૬,૩૦૫ ફૂટ), એવરેસ્ટનો જોડીદાર મકાલુ (૨૭,૭૯૦ ફૂટ), આ સૌ શૃંગરાજો અભેદ્ય, દુર્ગમ, દુરવરોહ જ રહ્યા છે. પરિમિત મનુષ્યશક્તિ મથ્યે જાય છે. પણ આ સૌ નગાધિરાજ ક્યારે જિતાવાના? (અનુ. પૃ. ૪૦૧)

ભારતીય સંસ્કૃતિના પુરસ્કર્તા કુલપતિ કઝિન્સના ઘડતરકાળનાં સંસ્મરણો

રાષ્ટ્રીય શિક્ષણનો પેગામ લઇને તેઓ અમદાવાદથી કરાચી જતાં હૈદરાબાદનાં મંડળોના આગ્રહથી ત્યાં રોકાયા. ત્યાંસ્થાનિકરાષ્ટ્રીયશિક્ષણસંસ્થા સ્થપાય તો રૂપિયા એક લાખ આપવાની કોઇએ જાહેરાત કરી તેથી તેમના ઉત્સાહનો પારો ચડયો.

"હૈદરાબાદથી કરાંચીનો રેલ-સમય ચાર કલાકનો; પણ મિત્રોએ વચ્ચેના પ્રાંતનાં બેત્રણ નગરોના શ્રીમંત સિંધીઓને હલાવી જોવા કહ્યું. શિકારપુરમાં શ્રી મુરલીધર પંજાબી રાજશ્રીમંત જેવા હતા તેમની મહેલાતમાં મુકામ કર્યો. સાંજે જાહેર સભા થઈ. તે દિવસે ગુરુ નાનકની એક નવી છબિ બજારમાં મૂકવાની હતી તેની પહેલી પ્રત કોઇએ સભામાં આણી. તેની છૂટક કિંમત તો આઠ જ આના હતી પણ પહેલી પ્રતની ઉછળામણી બોલાવીને તે રકમ રાષ્ટ્રીય શિક્ષણ ફંડમાં આપવાનું જાહેર થયું. બે શીખો એ પ્રત મેળવવા સામસામા કિંમત ચડાવવા લાગ્યા. કોઇને પૈસ.ની પડી નહોતી. રકમ તો ફંડમાં જ જવાની હતી. છેવટ રૂા. ૫૦૦ બોલનારને છબિ મળી. શિકારપુરનો જબરો દાવ તો રૂ. ત્રણ લાખની સહીસિક્કાવાળી લેખિત સખાવત હતી. એના વ્યાજની આવકમાંથી બેસાંટ-યોજના પ્રમાણે સંસ્થાઓ ચલાવવી અને થોડો હિસ્સો અઘારના મુખ્ય મથકને મોકલવો એમ ઠર્યું હતું. આ આનંદપ્રદ સમાચાર મેં તારથી અધાર મોકલ્યા. આ લખવાનું કારણ તો એ જ બતાવવાનું છે કે એ વખતે પરદેશી હકૂમત કેવી બારીક તકેદારી રાખતી હતી. એ તાર અધાર પહોંચવા પામ્યો જ નહિ! વરસો પછી મેં જાણ્યું કે આ પ્રકારના તારો અદ્ધર ચડાવી દેવાના સરકારી હુકમો તારખાતાને મળ્યા હતા. તાર રદ થએલો, પણ ખાનગીરીતે સરકારને તો મળેલો. એના પૈસા પણ મને પાછા આપ્યા નહોતા.



હપતો ૭ : ભારતપ્રવાસ અને જાપાન-વાસ

કરાચીમાં ભરચક શ્રોતાગૃહમાં ચાર દિવસ ભાષણો આપ્યા પછી રાષ્ટ્રીય શિક્ષણ શું હોઈ શકે તે બાબતમાં મને ભાન થયું. તે વિષે હું કેટલું યે નથી જાણતો એમ મને સમજાયું. ભવિષ્યમાં કેળવણીના ક્ષેત્રે મારા વિચારો અને કાર્યક્રમ પર અસર પાડનાર બે નવી શોધ મને મળી. એક તો એ કે શિક્ષણ કે કેળવણીની આગળ જે કંઈ નવું વિશેષણ તમે લગાડો તેથી તે વધારે વિસ્તૃત લાગે ખરી, પણ તેનો સત્વાંશ તો એથી ઓછો જ થાય છે. બીજું એ કે સાચું શિક્ષણ ધર્મ, જાતિ, પ્રજા કે વર્ગમાં સીમિત થઇ શકે નહિ; પણ માનવસમુચ્ચય-(human entity)ની સર્વાંગ પ્રકૃતિને પૂરેપૂરી સજાવટ આપવાને પૂરી તૈયારીવાળી સાચી કેળવણી સર્વ સ્થળકાળને સાનુકૂળ બનવી જોઇએ.

સાંજની માનવ-શંભુમેળા જેવી એક ઉદ્યાનસભામાં મેં ભાષણ કરવાનું બાજુ રાખી કાર્યક્રમ બદલ્યો. મેં ટાગોરની અને સરોજિનીની કાવ્યપંક્તિઓ ઉપાડી. હું પૂર્વ તરફ મોં રાખી બોલતો હતો અને એ જ વખતે ગૃહો ને વૃક્ષો ઉપરથી પૂર્ણિમાનો ચન્દ્ર વધી રહ્યો હતો. અને જ્યારે આ પંક્તિઓ પર આવ્યો :

A caste-mark on the
  azure brows of heaven
The golden moon burns
  sacred, solemn bright.

સોહી રહે તિલક શો
  નીલ વ્યોમભાલે
શો ચન્દ્ર ત્યાં ઝગત
  પુણ્ય-ગભીર જ્યોતે!

એ જ વખતે મેં નાટકી ઢબે કપાળને અડી ચન્દ્ર તરફ અંગુલિનિર્દેશ કર્યો, એટલે શ્રોતાઓએ કવયિત્રીની કલ્પના ઝીલતાં એકબીજાનાં કપાળમાં જોયું! સૂર્યમાળાના ક્રમમાં નહિ બનેલો ચંદ્રનો ને કવિતાનો યોગ એ હતો. પછી તો કોઈ મને મંચ પરથી ઊતરવા જ દે નહિ. એટલામાં કોઈએ બૂમ મારી : 'આઇરિશ ગીત ગાઓ.' મને કંઈક સૂઝી ગયું એટલે કહ્યું, 'જુઓ ભાઈ! કેળવણી-પ્રચારક તરીકે હું રૂપિયાની વાત વચ્ચે લાવતો નહોતો. પણ હવે બીજું રૂપ ધરું છું. હું એક ગીત તો ગાઈશ જ; પણ જો તમને એ ગમી જાય અને વધારે ગાવાનું કહેશો તો હું મારી ગાવાની કળા માટે ફી માગીશ! ને ફી એ છે કે અમારી મદનપલ્લી કૉલેજ માટે એક મલબારી ટાંગો, એક ઘોડો, એક વર્ષનો તેનો ખોરાક ને તેના હાંકનારનો પગાર તમારે આપવાનો!

મેં 'લંડનડેરી એર' કે એવું કંઈક એક ગીત ગાયું અને મંચને એક છેડે સૌને દેખાય એવી રીતે ટોપી મૂકી. લોકોને મઝા પડી ને નોટો તથા સિક્કાઓ ટોપીમાં પડવા માંડ્યા. કાર્યક્રમ ચાલુ રહ્યો. મને બીજો તુક્કો સૂઝ્યો. આગલા દિવસની હરાજી યાદ કરીને ટોપીમાંની આવકની ઉછળામણી કરી ને રૂ. ૫૦૦ની સંખ્યાએ બોલનારને સ્વાધીન કરી.

પાછા વળતાં અજમેરમાં રાષ્ટ્રીય શિક્ષણ સાથે નાટ્યનો યોગ જોઇ ગાડી બદલી. થોડો સમય મળ્યો તેમાં ઠેકઠેકાણે મળતા મિત્રોની સાથે શહેરનું ચક્કર માર્યું.

મેવાડ અને ગ્વાલિયર

આઠ કલાકની મુસાફરી પછી ચિતોડના ગઢપ્રદેશમાં અમારો ટાંગો અનેક શૌર્યગાથાભર્યા ખંડેરો વટાવતો મીરાંના મંદિર પાસે જઈ ઊભો. મેં મીરાંને થોડાં પગથિયાં ઊંચે એવા પરથાર પર નૃત્ય કરતી કલ્પેલી; અને મારી કલ્પના ખરી પડી. અમે ઉપર ચડયા. મારા મિત્રે અંદર આવવા કહ્યું. હું અદર જતાં અચકાયો. અંદર દર્શન ખુલ્લાં હતાં. મીરાંની આંખો જે જોઈ રહેતી તે હું જોઈ રહ્યો હતો. મારી અંદરની પ્રેરણાથી હું બેસી ગયો અને ઊંડા સમાધિભાવમાં ગર્ક થયો. સચેત થયો ત્યારે ઝાંખા દીપપ્રકાશમાં સ્તંભો ને કંડારેલી પ્રતિમા માત્ર દેખાયાં. મીરાંના કરુણ પણ વિજયવંતા જીવનની સૌંદર્યશુચિતા ને ભક્તિસભર સરળ પદ્યરચના જે કંઈ મને સુગત હતી તેમાં ઉતારવાના પ્રયત્ન માટે અંતરની પ્રતીતિકારક સ્મૃતિ લઈ હું ઊભો થયો. મારા સાથીઓ કોઈ અજબ સમજણથી દૂર ખસી ગયા હતા અને ભક્ત રાજરાણીએ જ્યાં ગાયું અને નૃત્ય કર્યું હતું તે વાતાવરણનો સંસ્પર્શ કરવાની મારી

અભિલાષા પૂર્ણ કરવા મને એકાંત આપ્યું હતું એ હું સમજી ગયો.
પછી ઉદયપુર જઈ રાજ્યના મહેમાન થઈ શહેર જોયું. તેનો ઇતિ-
હાસ, સાહિત્ય ને કથાઓ જાણી. સંસ્કારી જનો સાથે વિચારો ને વાર્તા-
લાપ થયા. પાછા અજમેર આવી આર્ય સમાજના મકાનમાં વિશાળ
શ્રોતાગણને શિક્ષણ ઉપર પ્રવચન આપ્યું. પછી તો કોઈનાં પૌતરાંને
કહેવા થાય કે 'મેં તાજમહાલ જોયો છે' તે માટે આગ્રા ગયો. શહેર-
માં પ્લેગ ચાલતો હતો એટલે પ્રવચન માટે તક જ નહોતી. તાજ
બેત્રણ વાર જોયો, સવારમાં અને સાંજે. પણ તેનું રહસ્યમય સ્વરૂપ
તો આછા પ્રકાશમાં—ખાસ કરી ચાંદનીમાં જ સમજાય.

ત્યાંથી ગ્વાલિયરમાં મુખ્ય બૅંક-અધિકારીને ત્યાં મુકામ થયો. ઉત્તમ પ્રકારની સગવડો, સાધનો, વાહનો ને છેવટે એક મોભાદાર ભોજન-સમારંભ. યજમાન હતા બ્રિટિશ ડિરેક્ટર ઑવ પબ્લિક ઈન્સ્ટ્રક્શન. બીજા મહેમાન હતા બ્રિટિશ રેસિડેન્ટ. ભારતીય ભારતમાં બ્રિટિશ સત્તા વિષે બ્રિટિશ અમલદારના વિચાર છેડવામાં મજા પડી. માણસ તરીકે તેની સાથે મને કશો અભાવ ન હતો; માનસશાસ્ત્રીની જેમ મેં તેમાં વિનોદ અનુભવ્યો. પણ જે માણસો જાતિ, ધર્મ ને સ્વભાવથી તદ્દન વિરુદ્ધ વલણના હોય તેમના હાથમાં પ્રજાની કેળવણીનું સંચાલન હોય એવી ગોઠવણ પ્રતિ મારો સ્વતંત્રતાચાહક સ્વભાવ ઊકળી ઊઠયો.

ગ્વાલિયરના રાજા માનસિંગનો ભવ્ય કિલ્લો જોઇ અમે વળતા હતા ત્યાં સામેથી બે માણસો બેઠેલા એવી ઘોડાની 'ડૉક્યાટ' આવતી જોઈ અમારી મોટર એકદમ ખડી થઈ ગઈ. એઓ રેલવે-કામથી છૂટા થએલા ગાર્ડ જેવા લાગતા હતા. મારા યજમાન ઊતરીને એકદમ તે ગાડીમાંથી ઊતરી આવતા એક માણસની સામે ગયા અને બંનેએ બહુ વિવેકપૂર્વક એકબીજાને સલામ કરી. પછી બંને ધીમેધીમે અમારી મોટર પાસે આવ્યા. ઍંજિન-ડ્રાઈવર જેવી ચુંથાએલી ટોપીવાળા માણસે મોટર પાસે આવી બારણા પર હાથ રાખી મારા પ્રતિ ઘણો ભાવ બતાવ્યો. મારું સાંજનું વ્યાખ્યાન સાંભળવા તે હાજર નહિ રહી શકે તેની દિલગીરી બતાવી. પણ તેણે શિક્ષણના પ્રવચનમાં 'સારા રીતભાત' ઉપર મુખ્ય ભાર મૂકવા સૂચના કરી. ફરી એમને એમની ડૉકયાટ(ડૉગ-કાર્ટ) પાસે મૂકી આવીને મારા યજમાને અમારી મોટરનું સુકાન પકડયું. તે વખતે તેના પોતાના ખંડમાં ક્ષણવાર જોએલા ફોટોગ્રાફમાંનો ચહેરો મને એકાએક યાદ આવ્યો અને મેં ચોંકીને પૂછ્યું, 'એ ભાઈ કોણ હતા?'

'એ નામદાર મહારાજા પોતે!'

'અરે, મેં તો કામથી ફારગ બનેલા કોઈ રેલવેમૅન માની લીધા!'

'તમારી વાત તદ્દન સાચી છે. મેઈલ ટ્રેઈન હાંકવાનો એમનો ખાસ નાદ છે! તે પોતે એક બાહોશ ઍંજિનીઅર પણ છે!'

'તો જરા ગાડી પાછી લ્યોને; મારે તેમની ખાસ માફી માગવી છે.'

'અરે, એનું એમને મન કંઈ નથી. તમે એમને ઓળખી ન શકેલા તે તો એ જાણી ગયા હતા. ફરી મળીશું ત્યારે આ વાત પર વિનોદ કરીશું!'

ગ્વાલિયરના ટાઉનહૉલમાં 'Three steps of Education (શિક્ષણનાં ત્રણ સોપાન)'નું વ્યાખ્યાન આપ્યું ત્યારે 'સારી રીતભાત'ની વાત હું ભૂલી ગયો નહોતો. બીજું એક વ્યાખ્યાન આપ્યું: Art in East and west (પૂર્વ અને પશ્ચિમની કળા)."

અદ્યારના પ્રસંગો

આ દરમ્યાન પાછળ મદ્રાસમાં શ્રીમતી માર્ગરેટ કઝિન્સ એકલાં શાળા અને કૉલેજનું કામ, અધ્યાપન, સામાજિક પ્રસંગો, મિત્રોની માંદગીઓ વગેરેમાંથી પસાર થઇ રહ્યાં હતાં. ઉપરાંત શ્રી બેસાંટની સાથે ફરવાના પ્રસંગો પણ તેમને ઘણા મળ્યા. તેમના પ્રયત્નોથી નારીહક્કોને

સ્થાન મળતું જતું હતું. રાષ્ટ્રીય શિક્ષણનું કાર્ય પણ આગળ વધતું હતું.

તાંજોરમાં અગ્રગણ્ય સંગીતવિદોની પરિષદ મળેલી તેમાં તેમને આમંત્રણ મળ્યું હતું. ત્યાં તેમણે સંગીતનો એક અભ્યાસક્રમ ઘડયો, જેને પરિષદે સર્વાનુમતે આદર કરીને સ્વીકાર્યો. એક માસ પછી નૅશનલ યુનિવર્સિટીની સેનેટે તેમને પશ્ચિમી સંગીતનાં પ્રાધ્યાપક નીમ્યાં અને કલાવિભાગનાં ડીન(સર્વોચ્ચ અધિકારી) બનાવ્યાં.

એક વખત અદ્યારના સંગીતખંડમાં તેઓ પિયાનો બજાવતાં હતાં. તેના સૂર સાંભળી શ્રી એરૂંડેલ તાલ આપતા અંદર આવ્યા અને પિયાનોને ટેકવી ઊભા. ડૉ. કઝિન્સ પણ પાસે હતા. ગીત પૂરું થયું એટલે એરૂંડેલ બોલ્યા: 'સરસ વાજિંત્ર છે!' કઝિન્સે મજાકમાં કહ્યું, 'Hirearchy'-નું છે. (Hirearchy='સત્તાધીશી'નો મજાકમાં કરેલો શબ્દશ્લેષ; વસ્તુતઃ તેમને કહેવું હતું કે Hire=ભાડે લીધેલું છે.) 'હું તે બાબત કંઇ કરું?' એમ બોલીને તેઓ તો તુરત બહાર નાટકના મેળવડામાં શ્રી બેસાંટ બેઠાં હતાં ત્યાં ગયા. એમની પાસે નીચા નમી તેમણે કંઈક કહ્યું, અને બેસાંટ હસ્યાં. કામ થઇ ગયું એમ દેખાયું.

એ વેળા ચમેલીનો ગુચ્છ લટકાવેલા કાળા કેશકલાપવાળી એક ભારતીય કન્યા ખૂબ રસથી નાટ્યપ્રસંગ જોઇ રહી હતી. બે દસકા પછી ભારતીય નૃત્યની શિરટોચ પ્રસ્તાવકા અને અધ્યાત્મદ્રષ્ટપૂત કલયિત્રી તરીકે પ્રસિદ્ધિ પામનારાં એ શ્રી રુક્મિણીદેવી હતાં, જેનું શ્રી એરૂંડેલે પછીથી પાણિગ્રહણ કર્યું અને જેણે પાછળથી અદ્યારને 'કલાક્ષેત્ર' જેવું કલાધામ બનાવ્યું.

સાતમી જુલાઇએ 'નૅશનલ યુનિવર્સિટી'નું ઉદ્ઘાટન અદ્યાર અને મદનપલ્લીમાં એકસાથે થયું. મદનપલ્લીના સમારંભના પ્રમુખ શ્રી કઝિન્સ હતા. આ પછી શ્રી કઝિન્સનાં સ્મરણો આગળ ચાલે છે:

"ઈ. ૧૯૧૮ના નવેમ્બરમાં જ્યારે યુરોપમાં યુદ્ધ-તહકૂબી થઇ ત્યારે જિલ્લાના કલેક્ટરે શહેરની કચેરીમાં આનંદ દર્શાવવા એક મેળાવડો કર્યો, જેમાં બધી કોમો અને બધી સંસ્થાઓ સરઘસ રૂપે હાજર થઈ. કૉલેજના વિદ્યાર્થીઓને લઇ અમે સરઘસ કાઢયું તેમાં રાજારાણીની ફૂલહાર કરેલી મોટી છબિઓ રાખી હતી. તેમાં હોમરૂલ લીગ સ્વતંત્ર ભારતનો લાલ-લીલો-સફેદ પટાનો ધ્વજ લઈ સામેલ થઇ હતી. એક બાજુ યૂનિયન જૅક ફરકતો હતો. મેળાવડામાં સરકારી અમલદારો ને ગ્રામપંચાયતનાં મંડળો તથા થોડાક અમેરિકન મિશનરીઓ પોતાના પંથના માણસો સાથે આવ્યા હતા. તાલુકાના સબ-કલેક્ટર આ પ્રસંગે પ્રમુખસ્થાને હતા. તેમની પાસે જઈ પેલા મિશનરીએ કંઇક કહ્યું, એટલે પ્રમુખે મને સંબોધી કહ્યું, 'આ પ્રસંગે સત્તાવાર નહિ એવા ધ્વજને રાખવા નહિ દેવાય, અને તે દૂર કરવો જોઇએ.' મારે તુરત નિર્ણય કરી લેવાનો હોઈ મેં જવાબ દીધો, 'મહેરબાન સાહેબ, યુદ્ધવિરામ માટેનો આનંદ દર્શાવવાનો આ જાહેર મેળાવડો છે. આ કંઈ સરકારી સમારંભ નથી અને હિંદનો મોટો વગદાર પ્રજાવર્ગ બ્રિટન તથા અમેરિકા જેવી વહીવટી સત્તા માટે માગણી કરી રહ્યો છે. તે ઇચ્છા પ્રકટ કરવાને હિંદુ-મુસલમાનની ભાવના વ્યક્ત કરતો આ ધ્વજ છે. એની પાછળ ચળવળનો કોઈ હેતુ નથી. આ ધ્વજ લાવનાર હું નથી. અમારી કૉલેજના વિદ્યાર્થીઓ તો નામદાર રાજારાણીની છબિ સાથે આવ્યા છે.'

હું જરા અટક્યો એટલે પ્રમુખે કહ્યું, 'ગમે તેમ હોય. હું તે દૂર કરવા કહું છું.' એટલે તુરત મેં કહ્યું, 'સાહેબ, મારી ખાતરી છે કે આ વિચાર આપનો પોતાનો નથી, પણ આપની બાજુમાં ઊભેલા અમેરિકન મિશનરીની પ્રેરણા છે, અને જે બાબતમાં તેને નિસ્બત નથી એમાં માથું મારવાની એ પરદેશી ધૃષ્ટતા કરે છે તે સામે હું વિરોધ કરું છું. આપના હુકમ પ્રમાણે તે ધ્વજ દૂર થશે, અને હું પણ તેની સાથે જ

જઈશ. અને તે પણ એકલો નહિ હોઉં.' કહેતાંની સાથે જ વાવટાવાળાની જોડે હું નીકળી ગયો. સાથે હોમરૂલ લીગના માણસો પણ ચાલ્યા અને કૉલેજના વિદ્યાર્થીઓ પણ હારવાળી છબિઓ લઇ કૉલેજના મેદાનમાં ગયા. વાત ફેલાઇ ગઇ અને થોડી વારમાં ત્યાં તમામ જાતના લોકોની જંગી મેદની થઈ ગઇ. હું મોટો રાષ્ટ્રવીર બની જાઉં એવો મોકો હતો, પણ ધ્વજની વાત મેં દાબી રાખી અને દરેક વક્તાને પ્રસંગ વિષે જ બોલવા કહ્યું. અમારી જંગી સભા આગળ પેલા સરકારી માણસો અને મિશનરીઓ 'કુછ બિસાત' બની ગયા.

૧૯૧૮માં બૅંગલોરમાં એક કલાસપ્તાહ યોજાયું હતું. તેનો કલાવિભાગ રચવાનું મને આમંત્રણ મળ્યું. તે પ્રસંગે પ્રમુખસ્થાન લેવા ખાસ આમંત્રણથી શ્રી રવીન્દ્રનાથ ઠાકુરને બોલાવેલા. એ પછી તેમણે દક્ષિણ ભારતનો પ્રવાસ કર્યો તેમાં મદનપલ્લીની મુલાકાત લીધી અને ત્યાંનું ઐતિહાસિક સંસ્કાર-સપ્તાહ ઊજવાયું. શ્રીમતી કઝિન્સે ત્યારે 'જનગણમન'ની સ્વરલિપિ તૈયાર કરી હતી. એ પ્રસંગે ટાગોરે મદનપલ્લીને દક્ષિણ ભારતનું શાંતિનિકેતન કહી બિરદાવ્યું હતું.

જાપાનમાં

યુદ્ધવિરામ પછીના પાંચેક મહિના બાદ કાંઈ એવા જ કર્મનો ઉદ્ભવ થયો કે સરોજિની નાયડુ અને યોન નોગુચી એ બે કવિપાત્રોએ આ ત્રીજાની, અર્વાચીન અંગ્રેજી કવિતા માટે અતિથિ-પ્રાધ્યાપક તરીકે જાપાનમાં ટોકયો ખાતેની કીયોજીજુકુ યુનિવર્સિટીમાં એક વર્ષ માટે ગોઠવણ કરી નાખી હતી. મારે કલકત્તાથી જાપાનની એક નાની સ્ટીમરમાં નીકળવાનું હતું. તેને ઊપડવાની વાર હતી તે દરમિયાન મેં શાંતિનિકેતનની મુલાકાત લીધી. તાર કર્યો હતો, પણ તે પહોંચે એ પહેલાં અમારો ખટારો આશ્રમમાં પહોંચી ગયો હતો. ગુરુદેવે ખૂબ ભાવથી સ્વાગત કર્યું અન શિક્ષણમંડળને બોલાવી શિક્ષણ-અનુભવો તથા વિચારોની આપલે કરી. શિક્ષણની ફિલસૂફી અને પ્રક્રિયામાં અમારા વિચારોનું કેટલું બધું સામ્ય હતું એ તો ત્રણ વર્ષ બાદ તેમનું 'ક્રીએટિવ યૂનિટી' નામનું પુસ્તક બહાર પડ્યું ત્યારે હું સમજ્યો."

શ્રી કઝિન્સ જાપાનમાં એક વર્ષ રહ્યા. દરમ્યાન ત્યાંની કળા, સાહિત્ય, નાટકો, લોકજીવન, ઉદ્યોગો ને જનતાનો સારો પરિચય મેળવ્યો. એ સર્વેનું પ્રતિબિંબ તેમણે 'ન્યૂ જાપાન' પુસ્તકમાં વિસ્તારથી ઉતાર્યું છે. આ દરમ્યાન યુનિવર્સિટીએ તેમને ડૉકટરની પદવી આપી. જાપાનમાં એક પરદેશી વિદ્વાનને મળેલું એ પ્રથમ માન હતું. બીજા મહાયુદ્ધવેળા જાપાન વિરુદ્ધ પક્ષમાં ઊતરતાં શ્રી કઝિન્સે એ ડિગ્રીનો ત્યાગ કરેલો.

યુનિવર્સિટી તો તેમને બીજું વર્ષ પણ રોકવા ઇચ્છતી હતી, તેમજ શ્રીમતી માર્ગરેટને પણ અંગ્રેજી અને સંગીતનાં વ્યાખ્યાનો માટે બોલાવવાનું નક્કી થયું હતું; પરંતુ ૧૯૨૦ની પાંચમી માર્ચે તેમને અડ્યારથી તાકીદે આવી જવાનો તાર મળ્યો, અને વિદાય લઈ તે કાગામારૂ બોટમાં એપ્રિલની અઢારમીએ કોલંબો પહોંચ્યા. ત્યાં શ્રીમતી માર્ગરેટ તેમને મળવા બૅંગલોર માર્ગે આવી પહોંચ્યાં હતાં.

એકલવાયાં શ્રીમતી કઝિન્સ

પ્રિયતમને મક્કમ હૃદયે વિદાય આપ્યા પછીનું આખું વર્ષ શ્રીમતી માર્ગરેટ ભારતીય નારીનાં સંગઠન અને ઉત્કર્ષનાં કાર્યો પાછળ અનેક પ્રકારે વ્યસ્ત રહેલાં. શાળાનું કામ સંભાળવાની સાથેસાથે તે 'સ્ત્રીધર્મ' નામના સામયિકનું સંપાદન પણ કરતાં. મહાત્મા ગાંધીજીની નેતાગીરી નીચે સત્યાગ્રહનું આંદોલન વિસ્તરતું જતું હતું અને તેની સામે ઝૂઝતી કાયદા અને વ્યવસ્થાની હકૂમત સામે તેમનો સ્વતંત્રતાપ્રેમી સ્વભાવ વખતોવખત ઊકળી જતો. સ્ત્રીમતાધિકાર સામે વિચિત્ર દલીલો થતી, તેમાં (૧) હજુ કેટલાક અજ્ઞાન પુરુષો યે મત આપવાનું સમજ્યા નથી ત્યાં સ્ત્રીઓને એવા હક્કો આપવા એ ઉતાવળ ગણાય, (૨) સ્ત્રીઓ પડદામાં રહે છે: તેમનાથી મત આપવાનું ન બને કે તે ન આપી શકે, (૩) મત નોંધવામાં મુશ્કેલીઓ આવે, વગેરે હતી. આવી બાબતો સામે વિરોધનો તાર લંડન મોકલવા તેમણે ૩૨ રૂપિયા ખરચી નાખ્યા હતા. વચ્ચેવચ્ચે નાટકો તૈયાર કરવાનો ભાર પણ ખેંચતાં. પોતાના એ સમયના અનુભવો વર્ણવતાં શ્રીમતી કઝિન્સ લખે છે:

"એવામાં જિલ્લા કલેક્ટર તરીકે મિ. એલિસ નામના એક આઇરિશ ગૃહસ્થ આવ્યા. આયર્લંડ જેવો તો કોઈ દેશ નથી એ તેમનો મંત્રજાપ હતો. અમ.રો મેળ જામ્યો. જાણતાં હતાં એટલાં સ્થળો અને માણસો વિષે અમે યાદ કરીકરીને વાતો કરી...સ્થાનિક માણસોએ ભરાવેલું કે કૅથલિક અથવા પ્રોટેસ્ટંટો તમને મળવા આવશે જ નહિ. પણ પ્રોટેસ્ટંટ સંપ્રદાયના એક પ્રચારકને મેં એવેલીન અંડરહિલનું પુસ્તક આપ્યું ત્યારે તેને આનંદઆનંદ થઈ ગયો....લૉર્ડ અને લેડી વિલિંગ્ડન આવ્યાં ત્યારે તેમના અનેક સમારંભો માટે મને નિમંત્રણ મળ્યાં. પણ જ્યારે આઈરિશ કલેક્ટર એલિસે મને અંગત કાગળ લખી એ નામદારો સાથે ખાણામાં જોડાવા નિમંત્રણ મોકલ્યું ત્યારે જરા આનંદ સાથે ચટપટી પણ થઈ. મને લાગ્યું કે મને આમંત્રણ આપ્યું તેમાં સાથે સંગીત હશે જ. મેં મારા નિજાનંદ માટે અને શાળા માટે જે વ્યાસંગ રાખ્યો હતો તેનું સમાજમાં પ્રદર્શન કરવાનો મને સખત કંટાળો હતો. હવે આ પ્રસંગ માટે તો પૂરો પોશાક ને મોજાં-બૂટ પણ જોઇએ. અંતે એક અંગ્રેજ કલાકાર બહેને મારી ભીડ ભાંગી. જમનાર બધા યુરોપિયનો હતા: કુલ ૨૪ અને ૭ બાનુઓ હતી. લેડી વિલિંગ્ડનથી એક જ ખુરશી મૂકીને મને માનભર્યું સ્થાન આપવામાં આવ્યું ત્યારે જરા વિમાસણ લાગી. વચ્ચેની જગ્યામાં આઈરિશ કલેક્ટર આંખથી રમૂજ કરતા બેઠા હતા...લેડી વિલિંગ્ડને જમતાંજમતાં કેટલી યે વાતો કરી. હું શાકાહારી કેમ બની તે પૂછ્યું. મેં એક જુદું જ કારણ ઉપજાવી કાઢ્યું. ભારતીય સ્ત્રીઓના હક્ક સંબંધે મારે ન ગમે એવી રીતે કહેવું પડ્યું. તે તો સ્ત્રીઓના હકદાવામાં માનતાં નહોતાં. એ તો કહે, ઘરના પાછલા ખડમાં તેમને પૂરતો અધિકાર મળેલો છે! જમ્યા પછીથી એલિસે મને સંગીત માટે વિનતિ કરી. એક ખડખડપાંચમ પિયાનો હતો તેના ઉપર જેમતેમ કરીને ચૉપિનનું 'ફૅન્ટાસિયા' બેસાડ્યું. પછી બીજું અને ત્રીજું, એમ ચાલ્યું...નામદાર ગવર્નર સાથે પણ થોડી વાતો થઈ. તેઓ લહેરમાં હતા. માણસોની વાતો નીકળતાં 'પેલાં તોફાની ડોશીમાએ મને ખૂબ હેરાન કર્યો' એમ શ્રીમતી બેસાંટ વિષે તે બોલ્યા ત્યારે મેં કહ્યું, 'આપ નામદારે તેમને જેટલાં હેરાન કર્યાં છે તેથી અરધા પણ આપ નથી થયા.' એમણે વાત હસવામાં લીધી અને કહ્યું, 'તમે પણ મને લાગે છે એમના જેટલાં જ ખોફનાક બનશો.'

'મને ૭૨ વર્ષ થાય ત્યારે થાઉં પણ ખરી!'

'તો પછી તમારા ૭૨મે વર્ષે હું તમને ઊટીના શિખરે મૂકી દઈશ.' ને જરા રહી એમણે ઉમેર્યું, 'પણ ત્યારે તમે સંગીત તો સંભળાવશો ને?' મેં કહ્યું, 'આવા કદરદાન દારોગા માટે તો જરૂર સંભળાવીશ.'

વિદાય વખતે પણ બોલ્યા, '૭૨ વર્ષે પર્વત પર; યાદ રાખજો.' મેં કહ્યું, 'તે વખતે આપ નામદાર કેટલા વર્ષના હશો?' એમણે જરા ગણીને કહ્યું, 'એકસો ને વીસ!' મેં કહ્યું, 'તો મારે કબૂલ છે!'

આ ભોજનસમારંભને પરિણામે સમાજમાં મારો આદર વધ્યો. ૧૯૧૯ની ૨૩મી નવેમ્બરે છાપાંમાં આવ્યું કે કોઈ પણ પ્રાંતની ધારાસભા નારીમતપ્રદાનનો હક્ક ઠરાવથી મંજૂર કરી શકશે અને પ્રાંતના મતપત્રકમાં સ્ત્રીઓની નોંધણી કરવામાં આવશે." (ચાલુ) ર. મ. ર.

હૅન્ડ્સ અપ! (અનુસંધાન પૃષ્ઠ ૩૯૪થી) તને મુખ્ય વાતો જ કહી દઉં છું. ત્રણ વર્ષ પર એક રાત્રે અહીં એક નર્સ શોભના બાલ્કનીમાંથી પડી ગઇ હતી. નીચે પડયા બાદ એ બે કલાક સુધી બેહોશ રહીને મરી ગઈ હતી. સામાન્ય માન્યતા એવી હતી કે એણે કોઇ કારણસર આપઘાત કર્યો છે. અને હું પણ એમ જ માનતો.

શોભના સુધાની મોટી બહેન હતી. ત્યારે સુધા અહીં નવીસવી આવી હતી. બધા એને સાંત્વન આપતા હતા. એ વેળા અહીં એક દર્દી પણ આવ્યો હતો,—બીજા દર્દીઓ જેવો જ એ હતો; પણ એના ગયા પછી પૂછતાં ખબર પડી કે એ શોભનાનો દૂરનો ભાઈ થતો હતો. એ દર્દી હતો નરેન્દ્રનાથ. ત્રણ વર્ષ પહેલાં મારી ને એની એ પહેલી મુલાકાત હતી.

નરેન્દ્રનાથ વિષે મને બીજો કોઈ ખાસ પરિચય નથી. ધીરેધીરે મારે સુધા સાથે પરિચય થયો. રાત્રે ઑપરેશન હૉલમાં એ ઘણી વાર મારી સાથે રહેતી. મને એ છોકરી ગમી ગઈ હતી. ધીરેધીરે મારા એકાંત જીવનમાં એણે એક મહત્ત્વનું સ્થાન જમાવવા માંડ્યું.'

રૂમાલથી ચશ્માના કાચ સાફ કરતાં કરતાં ડૉ. રાવે આગળ ચલાવ્યું, 'દિવસો વીતવા માંડ્યા. એક દિવસ હું સુધાને મળવા આવ્યો ત્યારે એ પોતાનો વૉર્ડરોબ ગોઠવી રહી હતી. હું પણ એને મદદ કરવા લાગ્યો. એમાં એક પુરાણું બંડલ મને મળ્યું. મેં ખોલી જોયું તો એમા નરેન્દ્રનાથે શોભનાને લખેલા કાગળો હતા. મેં સુધાને પૂછ્યું, 'આ શું?' સુધા બોલી, 'એ બંડલ માટે તો નરેન્દ્રનાથ અહીં આવીને કેટલું મથી ગયો. મને ક્યારનો તંગ કરે છે. આ વખતે આવશે ત્યારે તો આપી દઈશ.'

વાત સાંભળીને મને કુતૂહલ થયું કે નરેન્દ્રનાથનો આટલો આગ્રહ શામાટે? મેં સુધાને સમજાવીને બંડલ એક રાત માટે લઇ લીધું. ઘેર આવીને કાગળો વાંચ્યા, અને ખાસ કરીને છેલ્લા બે કાગળો,—ત્યારે મને સાફ સમજાયું કે શોભનાનું મોત એ સામાન્ય આપઘાત ન હતો; એની પાછળ નરેન્દ્રનાથનો ચોક્કસ હાથ હતો. મને તો એટલે સુધી લાગ્યું કે શોભનાને નરેન્દ્રનાથે ખુદે ધક્કો મારી ફેંકી દીધી હોવી જોઇએ.

હવે મારી ખાતરી થઇ કે નરેન્દ્રનાથે જો શોભનાનું ખૂન કર્યું હશે તો એ આ બંડલ મેળવવા કોશિશ કરવાનો જ. છેલ્લા બે પત્રો તો ગમે તે ભોગે એણે મેળવવા જ જોઇએ, જેમાં એણે શોભનાને બાલ્કનીમાં રાત્રે મળવા આવવાનો સમય આપ્યો હતો અને મોઘમ ધમકીઓ આપી હતી. પત્રમાં મળવાનો જે સમય લખ્યો હતો એ પછી થોડી જ વારે શોભનાએ "આપઘાત" કર્યો હતો. પ્રસંગો એવી રીતે બંધબેસતા હતા કે આરોપ નરેન્દ્રનાથ ઉપર ઢળતો જતો હતો. એને ખબર હતી કે બંડલ ડરાવ-દબાવથી મળે એમ ન હતું. એટલે એણે એક ભયંકર પગલું ભર્યું. એ સુધા સાથે પ્યાર કરવા માંડ્યો.

મેં જોયું કે નરેન્દ્રનાથ સુધાને મૂર્ખ બનાવીને બંડલ મેળવી લેશે, કે જેથી પછી એની સામે ખૂનનો કોઇ જ મુદ્દો ન રહે. છેવટે આ વખતે એ અહીં આવ્યો. શરૂના દિવસોમાં એણે બંડલ વિષે સુધા સાથે કંઈ જ વાત ન કરી. અંતે એક રાતે એ સુધાને મળ્યો ને બંડલ માગ્યું. સુધા તંગ થઇ ગઇ હતી. પરિણામે બન્ને વચ્ચે ટપાટપી થઈ. એ પરથી એને ડર પેઠો કે હવે કોઇ પણ ઉપાયે એ કાગળો હાથ નહિ કરવામાં આવે તો પોતાને ફાંસીએ જવાનો વખત આવશે.

એટલે એણે એક નવો તુક્કો અજમાવ્યો. એણે સુધાને કહ્યું કે કાલે રાત્રે તું મને બાલ્કનીમાં એ કાગળો લઇને મળજે. હું તને શોભનાના મોત વિશે એ કાગળોનાં વાક્યો વંચાવીને જ સાચી હકીકત સમજાવી કેટલાક ખુલાસા તથા એકરાર કરવા માંગું છું. આમ સુધા પાસેથી કાગળો લાવવાનું એણે વચન મેળવી લીધું. સુધાએ મને એ વાત કરી. તરત હું પરિસ્થિતિની ગંભીરતા સમજી ગયો. હું પામી ગયો કે નરેન્દ્રનાથ અંધારી બાલ્કનીમાં એકરાર કરવા નથી આવી રહ્યો-એ કાગળનો અને બને તો સુધાનો ખુદનો નિકાલ કરવા આવી રહ્યો છે.

મેં સુધાને હિંમત આપીને સમજાવ્યું કે ખૂની પર્દાફાશ થાય એવો આ ખૂબ જ મહત્ત્વનો મોકો હતો. અને જ્યારે મેં એને ધરપત આપી કે એ વખતે હું પોતે ચૂપકીથી બાલ્કનીને પાછલે બારણેથી આવીશ ત્યારે તે જવા કબૂલ થઈ. મારે કહેવું જોઈએ બડી હિંમતવાળી છોકરી હતી.

પણ સાથે એક એવી ભયાનક ભૂલ થઇ ગઇ જેથી એની જિંદગી ખતમ થઇ જાત. હું રાત્રે પાછળના બારણેથી આવવાનો છું એ વાત નરેન્દ્રનાથ એની પાસેથી કઢાવી ગયો;-કદાચ એ ખુદ સાંભળી ગયો હોય. ગમે તેમ હોય, પણ એને ખબર પડી ગઇ હોવી જોઇએ. જ્યારે તું વચ્ચે પ્રવેશ્યો ત્યારે મને લાગી ગયું ચોક્કસ કંઇક ગરબડ થઈ...'

'ઓહો!' સતીશ બોલી ઊઠ્યો. હવે સમજાય છે કે નરેન્દ્રનાથે મને એની તરકીબ છેક સાંજે સમજાવી હતી, તમારા આવવાની વાત મેળવીને જ એણે એ પ્લાન કર્યો. સતીશ ધ્રૂજી ઊઠ્યો, 'શો ભયંકર માણસ છે! એણે મને કહ્યું હતું કે ડૉ. રાવ સુધાનું ખૂન કરવા આવશે. તારે એને રોકવાના છે-હું ટકોરો મારું ત્યાં સુધી. પછી જ અંદર આવવા દેવાના. દરમ્યાન એની છૂપી યોજના એ હતી કે એ કાગળો બાળી નાખે અને સુધાને જલાવી નાખે. સુધા જલતી હોય, તમે અંદર જાઓ, બહાર તો હું તેમ જ ધારું કે તમે ખૂની છો... એટલે પછી શોભનાના ખૂનનો દોષ પણ તમારા પર ઢોળી શકાય. એણે એવી સિફતથી મને આ વાત સમજાવી, ને તમે ઊડીને ખૂનનું કાવતરું રચ્યો છો એ વસ્તુથી હું એટલો ઉશ્કેરાઇ ગયો કે મને એટલી ગંધ ન આવી કે એ ટકોરો મારે ત્યાં સુધી મારે રાહ શા માટે જોવાની?'

એવામાં એકાએક પોલીસઈન્સ્પેક્ટર દાખલ થઈ વિનયથી બોલ્યો, 'એક્સ્ક્યુઝ માઇ ઇન્ટરપ્શન ડૉક્ટર, પણ બાલ્કનીમાંથી કાગળના બંડલ સાથે મળેલું આ સિગારેટ લાઈટર આપ ઓળખી શકશો?'

ડૉ. રાવની નજર લાઈટર પર પડતાં લાગલો જ તે બોલ્યો, 'એ તો મારું લાઈટર છે. એના પર ભેટ રૂપે મારું નામ પણ કોતરાએલું છે. હું તો ધારતો હતો કે એ બપોરે હૉસ્પિટલમાં ગુમ થઇ ગયું છે.'

'તો આપની રજાથી અમારે તે હાલ કબજામાં રાખવું પડશે.'

'બા ખુશી ઈન્સ્પેક્ટર!' ડૉક્ટરે સંમતિ આપી અને ઇન્સ્પેક્ટરે વિદાય લીધી: 'બડો ઉસ્તાદ નીકળ્યો! મારા જ લાઇટરથી સુધાનું સ્કર્ટ સળગાવતો હતો!'

'ખરેખર ઉસ્તાદ,' સતીશ બોલ્યો, 'પણ એક વાત છે: એને ટકોરો મારવામાં મોડું કેમ થયું હશે?'

'મને લાગે છે કે એણે પહેલાં સુધાને બેહોશ કરીને પેટ્રોલ છાંટ્યું હશે ને કાગળો ફફાળ્યા હશે. એમા વાર થતાં પેટ્રોલ ઊડી ગયું હશે એટલે પેટ્રોલ એને ફરી છાંટવું પડ્યું હશે.-શી ખબર પડે?' કહેતા ડૉ. રાવે કૉફીના છેલ્લા ઘૂંટડો પૂરો કરી ખાલી કપ રકાબીમાં મૂક્યો અને ઊભા થતાં બોલ્યો, 'અચ્છા ચાલો જરા સુધાની ખબર લઇએ.'

'એક મિનિટ ડૉક્ટર!' સતીશે તૂટેલો હાથ દબાવતાં કહ્યું, 'હવે હું ખરેખર સાચું કહું છું. મારા હાથમાં દર્દ થઇ રહ્યું છે-કંઈક ઈલાજ બતાવો.' અને ધીરેથી ઉમેર્યું, 'ચક્કો મારતા નહિ, મહેરબાની કરીને!'

ડૉક્ટરનો ફીકો રંગનો ચહેરો હસી ઊઠ્યો.

નિંદા કદી સજ્જનનો ઊંબરો ઓળંગી શકતી નથી.
તલવારે જેટલાને જખ્મી કર્યા હશે તે કરતાં જબાને વધુને કર્યા હશે.



અર્ઘ્યકણી

બીજું ના કંઈ તો બસ આટલું દે,
જગપાપ શું કે લડવાનું જ દે,
લડી પાર અને પડવાનું જ દે,
ધસી મૃત્યુમુખે હસવાનું જ દે,
જીવવા નહિ તો
મરવા કોઈ ભવ્ય પ્રસંગ તું દે.

'શેષ'

ઉદ્યોગવીર સ્વ. શ્રી લક્ષ્મણરાવ કાશીનાથ કિર્લોસ્કર

ભારતના ઔદ્યોગિક વિકાસની રૂપરેખામાં જેનું નામ પહેલી હરોળમાં છે તે 'કિર્લોસ્કર' કારખાનાંના સંસ્થાપક શ્રી લક્ષ્મણરાવ કાશીનાથ કિર્લોસ્કરનું ગઈ ૨૬મી સપ્ટેમ્બરના રોજ દોઢેક માસથી તેમને પીડતા હૃદયરોગના વ્યાધિમાં પૂના મુકામે અવસાન થતાં દેશે એક આગેવાન અને સહૃદય ઉદ્યોગનિર્માતા ગુમાવ્યો છે.

તેમનો જન્મ મહારાષ્ટ્રના બેળગાંવ જિલ્લાના ગુર્લહોસૂર ગામમાં ઈ. ૧૮૬૯ની ૨૦મી જૂને મધ્યમ સ્થિતિના કુટુંબમાં થયો હતો. ત્રણ ભાઈઓમાં તેઓ સૌથી નાના. મોટા ભાઈ શ્રી રામુ અણ્ણા અને વચેટ શ્રી વાસુદેવરાવ આજે હયાત છે. લક્ષ્મણરાવ નાના હતા ત્યારે જ પિતાનું અવસાન થએલું. શાળાની ધોરેડિયા કેળવણીમાં ચિત્ત ચોંટતું નહિ, આથી યંત્રવિષયક રેખાંકનનું શિક્ષણ મેળવવાના ધ્યેયથી તેઓ પંદર વરસની કાચી વયે ધારવાડથી મુંબાઈની જે. જે. સ્કૂલ ઑવ આર્ટમાં આવ્યા. પરંતુ નબળી આંખોને કારણે તેઓ ચિત્રકામ કરી શકતા નહિ. ભવાનીશંકર નામના એક દોસ્તના ઘરમાંનું કારખાનું જોઈને તેમને પણ ઓચિંતી યંત્રોત્પાદનની પ્રેરણા જાગી. દરમ્યાન ઈ. ૧૮૮૭માં તાજા જ શરૂ કરવામાં આવેલા 'વિક્ટોરિયા જ્યૂબિલી ટેકનિકલ ઇન્સ્ટિટ્યૂટ'માં ૩૦ રૂપિયાના પગારની મિકૅનિકલ ડ્રૉઈંગ-માસ્તર તરીકેની નોકરી મળી. હવે તેમણે યંત્રશાસ્ત્રવિષયક અનેક પ્રકારની વાચન-સામગ્રીનું અધ્યયન શરૂ કર્યું. તેને આધારે અને જુદીજુદી યંત્ર-કંપનીઓ સાથે પત્રવ્યવહાર કરીને નાનીનાની યંત્રસામગ્રીઓ તેઓ જાતે પોતાને ઘેર તૈયાર કરવા માંડયા. ઇન્સ્ટિટ્યૂટના અધિકારીઓએ તેમનો આ નવો રસ જોઈને તેમને 'સ્ટીમ-એન્જિન'નો વિષય શીખવવાનું સોંપ્યું. પરંતુ નોકરીના દરજ્જામાં પોતાને અન્યાય થાય છે એમ કહીને તેમણે રાજીનામું આપ્યું અને પોતાનું જ ઘરગથ્થુ ઉદ્યોગાલય શરૂ કરી ગ્રાહકોને માટે પરદેશથી યંત્રો મંગાવીને જોડી આપવાનું કામ ઉપાડયું. સાથેસાથે એ સમયે નવા વાહન તરીકે પ્રચારમાં આવેલી સાઇકલો ગ્રાહકોને પૂરી પાડવાનો ને તેના પર બેસતાં શીખવવાનો વ્યવસાય પણ તે કરતા.



તેમનો ધંધો ધમધોકાર ચાલતો હતો, એવામાં ઈ. ૧૮૯૬માં મુંબાઈમાં પ્લેગ ફાટી નીકળતાં તેઓ પોતાના સાથીઓ સાથે બેળગાંવ આવ્યા. અહીં તેમણે સાથીઓ વચ્ચે ધંધાની ભાગીદારી વહેંચી લીધી, અને ઈ. ૧૯૧૦ સુધી શ્રી રામુ અણ્ણાની સહાયથી 'કિર્લોસ્કર' કારખાનું અને સાઇકલની દુકાન તેમણે ચલાવી. તેમાં ઘાસ કાપવાનાં યંત્ર, લોખંડનાં હળ અને ખેતીનાં ઇતર ઓજારો તૈયાર કરવાનો તેમનો ધંધો યશસ્વી નીવડયો. એવામાં તેમને ઔંધના રાજા શ્રીમંત બાળાસાહેબનો પરિચય થયો. તેમણે ઔંધનું લોકસભાગૃહ બાંધવાનું કામ તેમને સોંપ્યું. આવું કામ પૂર્વે ક્યારે ય કર્યું ન હોવા છતાં ઉત્તમ પ્રકારે પાર પાડયું અને તેમાં



આપણાં પંખી
૧૯૭
પરાસ

ચાલુ ઉડ્ડયને લાંબી ડોક ને અણીદાર પૂંછડી પરથી ઓળખાઈ જતો, પાતળો ને દેખાવડો પરાસ આપણો શિયાળુ અતિથિ છે. ઑક્ટોબરના અંતમાં એ આવે ને માર્ચમાં પાછો ફરે.

ઉત્તર યુરોપ, ઉત્તર તથા મધ્ય-રશિયા ને ઉત્તર એશિયામાં પુષ્કળ નજરે પડતા આ જળચર પક્ષીનું અંગ્રેજી નામ Pintail ને શાસ્ત્રીય નામ Dafila Acuta છે. શિયાળો બેસતાં એ મધ્ય તથા દક્ષિણ યુરોપ, ઉત્તર આફ્રિકા ને દક્ષિણ એશિયા ભણી જાય છે.

કદ ૨૨થી ૨૯ ઇંચનું; તેમાં પૂંછડી ૫થી ૮ ઇંચની. નરને માથું ને ડોકનો આગલો ભાગ ભૂરાં-બદામી, જ્યારે ડોકનો પાછલો ભાગ કાળો. વળી ડોકની બંને બાજુએ, બોચીથી નીકળીને હેઠળના સફેદ ભાગને જઈ મળતા બે શ્વેત પટ્ટા. પીછાંના ગુચ્છનો ઉપલો ભાગ ને શરીરનાં પડખાં કાળાધોળા પટ્ટાથી સુશોભિત. પૂંછડી બદામી ને વચ્ચેનાં લાંબાં પીછાં કાળાં. છાતી ને પેટ સફેદ, પણ પૂંછડી બાજુએ રાખોડી ટપકાંભર્યાં. માદા ઉપરથી રાખોડી-બદામી; પીઠ પર એકકેન્દ્રી ને આછા પટ્ટા. બંનેને ફીક્કા ફરતું ચેરુ બદામી કૂંડાળું. ચાંચ નીલાશપડતી, ઝીણીઝીણી રુવાંટીવાળી, ટોચે જતાં કાળી. પગ-ઝીણી રુવાંટીવાળા રાખોડી.

આકૃતિએ, તરવે ને ઉડ્ડયને રૂપાળું આ પક્ષી ખાવામાં સ્વાદિષ્ટ હોઈ ભારતીય બતકોમાં શ્રેષ્ઠ ગણાય છે. તે ઓછામાં ઓછા વીસેક (ને ક્યારેક સો-સો)ના જૂથમાં દેખાય છે; પુખ્ત વયના નર, નાના નર તથા માદાઓથી અળગા ને વધુ ઊંચે ઊડે. પાણીમાં ડૂબકી મારવામાં તેની ખૂબી નહિ, તરવામાં ખાસ. ઊડવામાં પૂરવેગી. ચાલતાં યે સારું આવડે. દિવસે કમળ ને છોડવાથી આછા ઢંકાએલા ખુલ્લા પાણીમાં રહે. રાતે સૂની પડેલી નહેરો, ખાડી વગેરે સ્થળે ખોરાક માટે જાય. સ્વભાવે શાંત; ભય વેળા ધીરો અવાજ કરે.

એપ્રિલથી ઑગસ્ટ એ તેનો પ્રજનનકાળ. કોઈ ટાપુ કે પાણી સાથેની ભેજવાળી ભોંય પર ઘાસ-પીછાં સાથે રૂંવાંનો માળો બનાવી, તેમાં આછી લીલાશપડતાં ૬ થી ૮ ઈંડાં મૂકે છે.

મળેલા પૈસાથી ઠળકવાડીમાં મોટું કારખાનું ઉઘાડીને તેમણે લોખંડનાં હળ તૈયાર કરવાનું શરૂ કર્યું. પરંતુ લોખંડનાં હળ ચલાવવાથી ધરતીમાનાં અંગ ફાટે ને વરસાદ ન થાય એવી વહેમી લોકમાન્યતાને કારણે તેમના માલનો પૂરો ઉપાડ થઈ શકતો નહિ.

બેળગાંવમાં તેમનું કારખાનું સ્થિર થઈ શક્યું નહિ. વળી ત્યાંની મ્યુનિસિપાલિટીએ કારખાનું શહેરની હદ બહાર લઇ જવાની તેમને નોટિસ આપી. આ કટોકટીને પ્રસંગે શ્રીમંત બાળાસાહેબે પોતાના ઔંધ સંસ્થાનમાં કુંડલરોડ સ્ટેશન પર તેમના કારખાના માટે જગ્યા અને દસ હજાર રૂપિયાની લોન આપીને અમૂલ્ય સહાય કરી. અને ઈ. ૧૯૧૦થી '૨૦ સુધીના માત્ર ટૂંકા ગાળામાં જ તેમના પ્રયાસોએ તેમને પ્રતિષ્ઠા અપાવી. ૧૯૨૦માં તો વધુ વિકાસ માટે કારખાનું કંપની લિમિટેડમાં ફેરવાયું. એ પછીનાં છેલ્લાં ૩૫ વર્ષોમાં તો કિર્લોસ્કર કારખાનાએ લોખંડનાં હળ, ચિચોડા, પંપ વગેરે અદ્યતન સુધારાવાળાં ખેતીનાં ઓજારો મોટા પ્રમાણમાં તૈયાર કરીને દેશભરમાં તેનો વાપર સતત પ્રયત્ને કરાવ્યો છે. સાથોસાથ ઘરગથ્થુ સજાવટના પોલાદી સામાન, હૉસ્પિટલનું ફરનિચર ને વિધવિધ પ્રકારનાં યંત્રો, એન્જિનો, ઇલેક્ટ્રિક મોટર વગેરે એના માલની માગ હિંદુસ્તાન ઉપરાંત પૂર્વ આફ્રિકા, મધ્ય પૂર્વ, બ્રહ્મદેશ, હિંદીચીન વગેરે દેશોમાં પણ રહે છે.

કિર્લોસ્કરના માલની આ વ્યાપકતા ઉત્તરોત્તર એટલી તો વધતી ચાલી કે ઈ. ૧૯૪૧માં તેમને હરિહરમાં 'મ્હૈસૂર કિર્લોસ્કર લિમિટેડ' નામનું નવું કારખાનું શરૂ કરવું પડ્યું. ઉપરાંત ઈ. ૧૯૪૬માં પૂનામાં કિર્લોસ્કર ઑઈલ એજન્સી લિમિટેડ ને બેંગલોરમાં કિર્લોસ્કર ઇલેક્ટ્રિક કંપની લિમિટેડની સ્થાપના પણ કરવામાં આવી. વળી રંગ ને એનેમલ્સ વગેરે તૈયાર કરવાનું 'લકાકી વર્ક્સ લિમિટેડ' નામનું કિર્લોસ્કર શાખાનું કારખાનું પણ લોણાવલામાં સાતઆઠ વર્ષથી મોટા પાયા પર ચાલે છે. ખેતીનો તેમને પ્રથમથી રસ હતો. તુંગભદ્રાના કિનારાથી માંડીને મૂળામૂઠાના કાંઠા સુધી તેમણે તન્મયતાપૂર્વક ખેતીના વિધવિધ પ્રત્યક્ષ પ્રયોગો કરાવ્યા હતા. કિર્લોસ્કરનાં નાનાંમોટાં મળીને કુલ ૧૫થી ૨૦ જેટલાં કારખાનાં દ્વારા આજે દક્ષિણ મહારાષ્ટ્રમાં ૫,૦૦૦ થી પણ વધારે કામગારો રોજગારી મેળવે છે. આ કારખાનાંનું વાર્ષિક ઔદ્યોગિક ઉત્પાદન પાંચ અબજ રૂપિયાનું છે.

ઔદ્યોગિક ઉપરાંત મહારાષ્ટ્રના બૌદ્ધિક ને સાહિત્યિક વિકાસની યે તેમની અભિલાષાનો ખયાલ તેમણે ઈ. ૧૯૨૦માં શરૂ કરેલું, કારખાનાનું મહારાષ્ટ્રીય ભાષામાં બહાર પડતું મુખપત્ર 'કિર્લોસ્કર' પછી તો ખીલતુંફાલતું જઈ મહારાષ્ટ્રનું અગ્રણી માસિક બની રહ્યું છે, તે પરથી આવી શકશે. કારખાનાંના કામગારોની સગવડ-સુખાકારીનું તેઓ જાતે જ ચીવટભર્યું ધ્યાન રાખતા. ભારતના અગ્રણી ઉદ્યોગવીર હોવા ઉપરાંત અસ્પૃશ્યતાનિવારણ, સ્ત્રી-ઉન્નતિ, કામગારોનું હિતવર્ધન આદિ અનેકવિધ સામાજિક-નાગરિક પ્રવૃત્તિઓમાં તેઓ સક્રિય રસ લેતા. તેઓ પોશાકમાં ખાદી જ વાપરતા. તેમની રહેણીકરણી અત્યંત શિસ્તબદ્ધ અને નિયમિત હતી અને પોતે તદ્દન નિર્વ્યસની હતા.

તેમના ૮૮ વર્ષના સ્પૃહણીય ને કાર્યસમૃદ્ધ દીર્ઘજીવનનો દેશના ઉદ્યોગ-વિકાસમાં મહત્ત્વનો ને પ્રમુખ ફાળો સદા સ્મરણીય રહેશે.

ધુમાડા વગરનો ચૂલો

એક જર્મન કહેવત છે કે માણસો ધીંગાણા કરતાં ધુમાડાથી વધારે મરે છે. આંકડાશાસ્ત્રીઓના કહેવા પ્રમાણે ભારતના ૭ા કરોડ કુટુંબોની લગભગ ૧૦ કરોડ બહેનો ત્રાસ આપે તેવી ધુમાડા ને મેશથી કાળી પડેલી અંધારી દીવાલો વચ્ચે પોતાના જીવનનો ચોથો ભાગ ગાળે છે; અને રસોડાનો અસહ્ય ધુમાડો તથા તાપ ખમી અનેક જાતનાં આંખ


અને ફેફસાંનાં દર્દોનો ભોગ બની રિબાતી હોય છે.

હૈદરાબાદ એન્જિનીઅરિંગ રીસર્ચ લૅબોરેટરીના અસાધારણ શક્તિવાળા ઇજનેર ડૉ. રાજુએ વર્ષો સુધી પ્રયોગો કર્યા બાદ 'ધુમાડા વગરના ચૂલા'ની જે શોધ કરી છે તેનાં પ્લાન તથા આલેખન સાથેની આકૃતિમાં છે. એમાં એકંદર ૩ફૂટ × ૨ફૂટ-૨ઇંચની જગ્યા રોકાય છે.

ચૂલાની બનાવટ સાદી હોઈ બહેનો પોતાની મેળે ચૂલો બનાવી શકે છે. તેમાં નીચે પ્રમાણેની વસ્તુઓની જરૂર પડે છે: ત્રણ ઘનફૂટ ખૂંદેલી માટી (બે ગધેડાંભાર ચીકણી માટી, એક તગારું ઘોડાની લાદ અને બે તગારાં રાખ); બે પાકી માટીની પ્લેટો; બે પતરાના કૉલર (૭ ઇંચ વ્યાસના); એક ગરમ પાણીનું માટલું કે દેગડો ૧૨ ઇંચ વ્યાસનો; દસ-બાર ફૂટ લંબાઈ થાય તેટલાં આખાં નળિયાં-ચીમની માટે.

પાકી માટીની પ્લેટો (સાત ઇંચ વ્યાસના બાકોરા સાથે) કાગળનો 'ફરમો' આપવાથી ત્રણચાર આને ગામડાનો કુંભાર બનાવી શકે છે. પતરાના કૉલર ૧૮ ગેજના પતરામાંથી ગામડાનો લુહાર પોતાની કાતરથી કાપી (આઠ આને) બનાવી શકે છે. ચૂલાનાં બાકોરાંને રક્ષણ મળે તથા તેનો આકાર બગડે નહિ તે માટે આ કૉલર જરૂરી છે.


આખાં નળિયાંની ચીમની માટે ૪ ઇંચ વ્યાસના આખા નળિયાને એક છેડે બીજા નળિયાનો થોડોક છેડો એક બીજાની અંદર સમાઈ શકે તેવી ગોઠવણ રાખવામાં આવે છે (ચીનાઈ માટીના તથા સિમેન્ટના પાઈપમાં હોય છે તે મુજબ). આમ કરવાથી ચીમનીની પહોળાઈ ૪ ઇંચની સળંગ રહે છે. અને તેને સાફ કરવાનું (ચાર કે છ મહિને, જ્યારે જરૂર પડે ત્યારે) સહેલું પડે છે. આ ચીમની રસોડાની ભીંતની કે છાપરાની બહાર એકાદ ફૂટ નીકળે તેવી રચવી અને તેને વચ્ચે બે કે ત્રણ સ્થળે દીવાલ



પથારી નકશો



ધુમાડા વિનાનો ચુલો – આડ છેદ



સરસી જડી રાખવા માટે પતરાના ચાપડા મારવા.

બાર ઈંચના દેગડાને બદલે પિત્તળનું વાસણ પણ રાખી શકાય. માત્ર વાસણની નીચેનો ભાગ ગોળાકારમાં હોય તે ખાસ જરૂરી છે, ચપટો તો નહિ જ. આ વાસણમાં ગરમ પાણી ઉપરાંત ઢોકળા-મૂઠિયાં જેવી વરાળથી પાકતી વસ્તુઓ પણ થઈ શકે છે. ગરમ પાણીના આ વાસણ કે માટલા માટે બાકોરા પર બેત્રણ ઇંચની બેઠક રચીને પછી માટલું બેસાડવું. ત્યાંથી ધુમાડો બહાર ન નીકળી શકે એ રીતે લીંપી લેવું.

આકૃતિમાં એક સામાન્ય કુટુંબ માટેની રસોઈના ચૂલાની તથા એક ગરમ પાણી માટે ભઠ્ઠીની સોઈ રાખેલી છે. ચૂલો બનાવતી વખતે બળતણ માટેનું મોઢું, ધુમાડો જવા માટેની નીક તથા તેનો ઢોળાવ અને ગરમ પાણીના વાસણ પાસેનું ધુમાડો તથા ગરમ ગૅસ દાખલ થાય તે માટેનું દ્વાર-એ બધાના માપમાં ચોકસાઈ રાખવી. આખી બનાવટ માટીની હોઈ, માપમાં ફેરફાર કરવાનું અઘરું નહિ લાગે. ચૂલો સુકાયા પછી તિરાડો પડે તો માટીથી છાંદીને પછી છાણથી લીંપી નાખવો.

આ પ્રકારના ચૂલાથી થતા કેટલાક મહત્વના ફાયદા જોઇએ: (૧) આવા ચૂલામાં ધુમાડો તથા મેશ થતાં નથી, રસોડાની દીવાલો આ કારણે કાળી પડતી નથી તથા રસોઈનાં વાસણો માત્ર નીચેના થોડા જ ભાગમાં કાળાં થતાં હોઈ માંજવાનું ઘણું સહેલું પડે છે. (૨) ચૂલો ઢંકાએલો હોઈ તેની ગરમીનો જરાય વ્યય નથી થતો, અને તેથી બળતણની ઘણી આશરે ૨૫ ટકા જેટલી બચત થાય છે. (૩) એકીસાથે એક તરફ રોટલા કે રોટલી અને બીજી તરફ દાળભાત કે શાક થઈ શકે છે, તેથી સમયનો ઘણો બચાવ થઈ શકે છે. (૪) વધારાના બળતણનો વપરાશ કર્યા સિવાય સાથે ગરમ પાણી પણ મળે છે. (૫) કુદરતી હવા માટેની ગોઠવણ-'ડ્રાફ્ટ' હોવાથી સતત ફૂંકવાની જરૂર રહેતી નથી. તાજી હવાનો 'ડ્રાફ્ટ' ચાલુ થવાને કારણે બહેનો બીજું ગૃહકાર્ય ચૂલા પાસે બેસી કરી શકે છે. (૬) આ ચૂલો ઘરની બહેનો પોતાની મેળે બનાવી શકે છે અને દુરસ્ત કરી શકે છે. ઘરની સગવડ પ્રમાણે લંબચોરસ અથવા કાટખૂણાની આકૃતિમાં તેને સહેલાઈથી ગોઠવી શકાય

છે. (૭) અંધારી ઓરડી જેવું અળખામણું ને ત્રાસદાયક રસોડું સુંદર આકર્ષક ને આનંદદાયી બની શકશે. (૮) રાંધનાર બહેનો ધુમાડાથી થતાં આંખનાં અને ફેફસાંનાં દર્દોથી બચી શકશે. ધુમાડા અને ગરમીથી લાગતાં થાક અને કંટાળાથી બચી તેમનું ચીડિયાપણું દૂર થશે. આ રીતે વિચારતાં ચૂલાની સુધારણા એ સામાન્ય માણસ ને ઘરની બહેનો સુધી નવો ઉમંગ ને નવી હવા ઊભી કરશે.

આ ચૂલામાં છાણાં કરતાં લાકડાં, ટીટિયાં વગેરે વાપરવાં સારાં. છાણાંથી વધારે પડતી રાખ ચૂલામાં ભેગી થાય છે અને તે ધુમાડાનો માર્ગ રોકી રાખે છે.

ચૂલો પેટાવ્યા પછી એક કે બે મિનિટ કાગળના સામાન્ય પૂંઠાથી ચૂલાના મુખ આગળ પંખો નાખવો કે જેથી ધુમાડો શરૂઆતમાં ચીમની બહાર પહોંચે. એકવાર ધુમાડો બહાર નીકળતાંની સાથે જ ચીમની ધુમાડો ખેંચવાનું પોતાનું કામ શરૂ કરી દેશે અને પછી ફૂંકવાની કે પંખો નાખવાની જરૂર નહિ પડે.

પાણીનું માટલું દરરોજ કાઢી શકાશે નહિ, કારણ કે તેની જગ્યાએ તેને છાંદીને રાખવું જરૂરનું છે. તેને સાફ કરવા માટે ભીનું કપડું વાપરી શકાય. આવા માટીના વાસણને બદલે ગેલ્વેનાઈઝ પતરાનું કે પિત્તળનું વાસણ પણ વાપરી શકાય. આમ કરવાથી પાણી વહેલું ગરમ થાય છે.

ચૂલામાં રાખનો ભરાવો થવા ન દેવો. મુખમાં બળતણ પણ ઠાંસીને ભરવું નહિ. તેથી બળવાની ક્રિયામાં જરૂરી હવાના ડ્રાફ્ટ ખેંચવાનું મુશ્કેલ બને છે. વધારે બળતણ ભરી દેવાથી રસોઈ વહેલી થશે તે ખયાલ ભૂલભરેલો છે. વળી ચૂલાનાં બંને રાંધવાનાં સ્થળો ચૂલો ચાલુ હોય ત્યારે કોઇ ને કોઇ રીતે ઢાંકેલાં જ હોવાં જોઇએ. સંજોગવશાત એક જ બાકોરે રાંધવાનું હોય તો પણ બીજા ઉપર તાવડી ઢાંકી રાખવી.

રાંધવાનાં વાસણ કે તાવડી પતરાના કૉલર પર બરાબર ફિટ થાય તેવાં જ વાપરવાં. નાનાંમોટાં છિદ્રોવાળી એક બે વધારાની કૉલર-પ્લેટો રાખવી કે જેથી નાની તપેલીઓ વાપરતી વખતે મુશ્કેલી ન પડે.

આ ચૂલા ઉપર માટીનાં કે ધાતુનાં પણ નીચેથી ગોળાઈવાળાં વાસણોથી રાંધવામાં વધારે મજા પડશે, કારણકે તે બધી બાજુથી સરખા પ્રમાણમાં તાપ મેળવી શકે છે.

છથી આઠ માસ બાદ જો ધુમાડો બરોબર જતો ન હોય તેમ લાગે તો ચીમની સાફ કરવાની જરૂર છે તેમ સમજવું. આને માટે ચીમનીના ઉપરના ભાગ પરથી એક દોરી, નાનો પથરો બાંધીને ચૂલાના નીચેના ભાગમાં ઉતારવી. નીચે આવે ત્યારે પથરો કાઢી નાખી તે જગ્યાએ કપડાનો ડૂચો બાંધવો તથા દોરી ઉપર ખેંચી લેવી. આમ કરવાથી ચીમની સાફ થઈ જશે.

સાગરપેટાળની છબીઓ લેતો વળી નવો કૅમેરા


સાગરના વધુ ઊંડાણમાંની છબીઓ લેવા માટે દર ચોરસ ઇંચ દીઠ ૧૭,૦૦૦ રતલ જેટલું વજન ખમી શકે એવો કૅમેરા અમેરિકાની નૅશનલ જ્યોગ્રાફિક સોસાએટીએ તૈયાર કર્યો છે. સમુદ્રની વધુમાં વધુ ઊંડાઇ પૅસિફિક મહાસાગરમાં ગ્વામ નજીક ૩૫,૬૪૦ ફૂટ છે. એ ઊંડાઇના પાણીના દબાણ કરતાં આ ભૂમધ્ય, લાલ તથા હિન્દી સાગરમાં એની કસોટી કરી જોવાઈ એને પરિણામે સાગરપેટાળની છબીકલાને ક્ષેત્રે ક્રાંતિ સરજાઈ ગઈ છે. એને લીધે ઘણાં પ્રાચીન જહાજો હાથ લાગ્યાં છે અને એમને બહાર કાઢી એમનાં રહસ્યો ઉકેલાયાં છે.

ભૂમધ્યમાં છેક ત્રણ માઈલની ઊંડાઇએ માછલીઓની છબીઓ લેવામાં આવી છે. અને છીછરા પાણીમાં તો એનાથી ટેલિવિઝનનો પણ સફળ ઉપયોગ થઈ શક્યો છે.

ટિકિટસંગ્રહ એ સંસારવ્યાપી શોખ વિષે માહિતી આપતો વિભાગ



વિષયની પસંદગી, ડિઝાઈનની અભિનવતા અને ઉઠાવ તથા મુદ્રણની સ્વચ્છતા અને આકર્ષકતા,—ટિકિટ-સર્જનના એ ત્રણે મુદ્દામાં યુરોપનો નાનોસરખો દેશ પોર્ટુગલ હંમેશાં ધ્યાન ખેંચતો રહ્યો છે. ૧૯૪૫માં એણે પોતાના ઐતિહાસિક મહત્ત્વના નાના મોટા કિલ્લાઓની સુંદર ટિકિટો બહાર પાડી હતી તે બધી (શ્રી અજિતકુમાર સંઘવીના સંગ્રહમાંથી) અહીં આપી છે. ઉપલી પહેલી હારમાં ડાબી બાજુથી અનુક્રમે આલ્મોરોલ, લિસ્બન, બ્રાગાન્ઝા અને આઉરેનના કિલ્લા છે, જ્યારે નીચલી હારમાં અનુક્રમે સિલ્વેસ, લાઇએરિયા, ફેઇરા અને ગિમારીસના કિલ્લા છે. ભારતમાં પણ મહાન અને સુંદર કિલ્લાની ખોટ નથી અને એ દરેકની પાછળ એકેએક ઐતિહાસિક સીમાચિહ્નો પણ છે. ભારત સરકાર પણ કોઈ વાર આવા ટિકિટોની હારમાળા કાઢે એમ આપણે ઈચ્છીએ.



પેપર-સ્ટેન્સિલ

રંગોળી પૂરવાનાં કાગળનાં ઓઠાંની કલા

ચાર વર્ષ પહેલાંના દિવાળી-અંકમાં રંગોળીનાં ઓઠાં બનાવવાની આ કલા પર નાની નોંધ સાથે અમે થોડા નમૂના આપેલા. તે પછી મુંબઈથી ભાઈ હંસરાજે અમને એવા થોડા નવા નમૂના મોકલી રાખેલા તે આ અંકના પાછલા પૃષ્ઠામાં આપીએ છીએ; તે સાથે આજે એ અંક જેમને હાથવગો ન હોય અથવા જે નવા ગ્રાહકો હોય તેમના માર્ગદર્શન માટે એ નોંધના જરૂરી ભાગ આ નીચે ઉતારીએ છીએ.

આપણી જે ઘણી પ્રાચીન અને પરંપરાગત લોકકલાઓ પશ્ચિમની કેળવણીના જડ અનુકરણમાં મરી ગએલી રસવૃત્તિને કારણે આજે લગભગ લુપ્ત થઈ ગઈ છે તેમાં એક આ પણ છે. દિવાળી, દુર્ગાપૂજા કે નવરાત્રી, કૃષ્ણ-જન્માષ્ટમી વગેરે જેવા ઉત્સવો વખતે આપણાં ઘરો તેમજ મંદિરોનાં આંગણાં જે વિવિધ રંગોળીથી ભભકી ઊઠતાં તે બનાવવાનાં સાધનોમાં કાગળમાંથી કોરી કાઢેલાં ઓઠાં—'પેપર-સ્ટેન્સિલ' મુખ્ય હતાં, જેની સોંસરા રંગો ભભરાવી કે પાથરીને નાનાવિધ શોભનઆકૃતિઓ, પ્રાણીઓ, મકાનો, વૃક્ષો અને કૃષ્ણજીવનના પ્રસંગો આલેખાતા. જમીન પર કે સ્થિર પાણીની સપાટી પર પૂરેલી એ રંગોળીઓ દિવસો સુધી ટકતી ને લોકો તે ઘેરઘેર જોવા નીકળતા.

જરા કડક કાગળ પર ચિત્રાકૃતિ આલેખીને પછી નરેણી જેવા તીક્ષ્ણ સાધન વડે એ આકૃતિઓ પાડવાનો ગાળા એવી ખૂબીથી કોરી કાઢવામાં આવતા, કે રેખાઓનું સાતત્ય જળવાઈ રહેવા છતાં કાગળ તદ્દન કપાઈ ન જાય. આ મર્યાદાને કારણે એમાં ખૂબ સંયમ ને શક્તિ દાખવવાં પડતાં. છતાં એમાં જે આવેગ ને શોભનલાલિત્ય પ્રકટતાં તે આ અંકમાં છાપેલાં ચિત્રો પરથી પ્રતીત થશે. એ ચિત્રોમાં ઝાડની વ્યક્તિતા જુઓ કે ગાયનું સૌષ્ઠવ જુઓ.–બધાંમાં રાજપુત ચિત્રકલાનું રેખાલાલિત્ય જણાશે. રાજપુત કલમબાજીની જ એ એક શાખા હતી.

મંદિરો તથા શ્રીમંતો દ્વારા આવા કલાકારોનાં કુટુંબો પોષાતાં. તેનો આજે અંત આવી ગયો છે તે પર બળાપો કરતાં વિખ્યાત કલાવિવેચક આનંદ કુમારસ્વામીએ લખેલું કે આપણી કેળવણીના બડેખાંઓને શાળાઓમાં આવી ઘરઘરની કલાઓને ખીલવવાનું સૂઝવાનું નથી. અને પછી એક અપેક્ષા વ્યક્ત કરી છે કે 'વૂડ-કટ'(કાષ્ઠકોતરકલા)ના જેવી આ જોરદાર કલાની ઘાટી પર તો આપણા ગ્રંથોનાં ચિત્રો ચીતરવાની એક સૈલી વિકસાવી શકાય.



મુંબાઈથી ૧૯ માઈલ પર થાણા જિલ્લામાં 'માનપાડા' પાસે શરૂ થએલી 'તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ'નું મકાન

તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ

આજે ધર્મની ગ્લાનિ કેવી રીતે અને કેટલી થએલી છે તેનું ચિત્ર દોરવાની જરૂર નથી. બહુજનસમાજ ધર્મ શબ્દનો અર્થ સંકુચિત સાંપ્રદાયિક ચમત્કારોથી ભરેલો કરતા રહેલા છે. માટે માનવસમાજ આગળ ધર્મની સ્પષ્ટ અને જીવનોપયોગી કલ્પના આપી તેની મહત્તા જીવનવ્યવહારમાં સુખ, શાંતિ ને સમૃદ્ધિ અર્થે પુરવાર કરવાની જરૂર છે.

આ માટે 'તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ' નામની સંસ્થા મુંબાઈથી ૧૯ માઈલ દૂર થાણા જિલ્લામાં 'માનપાડા' પાસે શરૂ થઈ છે. તેમાં સમાજશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર, સંસ્કૃતિ અને ધર્મના વિચારોનો ઊંડો અને તલસ્પર્શી અભ્યાસ તથા તુલનાત્મક ને વિવેચનાત્મક દૃષ્ટિએ વિશ્વના સર્વ વિચાર-પ્રવાહોનો અભ્યાસ કરવામાં આવશે. આ ક્ષેત્રોમાં ભારતીય વિચાર-પ્રવાહોની શી વિશિષ્ટતા છે; તેની કેટલી વૈજ્ઞાનિક દૃષ્ટિ છે, તેની સમાજને કેવી ઉપયોગિતા છે વગેરે બહુ સ્પષ્ટરીતે સમજાવવામાં આવશે.

શિક્ષણપદ્ધતિ પ્રાચીન આર્ય તપોવનોની કલ્પના પ્રમાણેની હશે કે જેમાં વિદ્યાર્થી પાસેથી શિક્ષણ, રહેવાના કે જમવાના પૈસા લેવામાં નહિ આવે. વિદ્યાર્થીને સંપૂર્ણ સ્વાવલંબી અને સ્વાશ્રયી બનાવવામાં આવશે. પ્રાચીન આશ્રમજીવન જીવંત કરવાના પ્રયત્નો થશે.

આ શિક્ષણપદ્ધતિ અને અભ્યાસક્રમનું ધ્યેય માણસને જીવનમાં નિષ્ઠાવાન, આત્મશ્રદ્ધાથી સભર, ઈશ્વરી સત્તામાં અધિષ્ઠિત જીવન-વૃત્તિવાળો બનાવી તેના દ્વારા સંસ્થાના વિચારોનો (તે વિશ્વના ગમે તે ખૂણામાં જાય, ગમે ત્યાં રહે કે ગમે તે વ્યવસાય કરે પણ ત્યાં) પ્રચાર કરવાનું તથા આજુબાજુની પરિસ્થિતિમાં સંસ્કારી, પ્રેમાળ, પવિત્ર વાતાવરણ નિર્માણ કરે એવી એકનિષ્ઠ ભાવના જન્માવવાનું છે.

અભ્યાસક્રમ ઓછામાં ઓછો છ વર્ષનો રહેશે. આ સમય દરમિયાન અહીં અભ્યાસ કરતો વિદ્યાર્થી બી. એ.ની વિશેષ ઉપાધિ પણ પ્રાપ્ત કરી શકશે. વિદ્યાપીઠમાં પ્રવેશ જેઓએ એસ. એસ. સી.ની પરીક્ષા પ્રથમ શ્રેણીમાં પસાર કરી હોય તેવાઓને આપવામાં આવશે. ૨૫ વિદ્યાર્થીઓ પ્રતિવર્ષ દાખલ કરાશે.

સ્વામી વિવેકાનંદ કહેતા હતા કે 'મને સો નચિકેતા આપો, અને હું જગતને પલટાવી દઈશ.' તો આ વિદ્યાપીઠમાંથી આવા થોડા નચિકેતા ઉત્પન્ન થાય એ જ પ્રયત્નો રહેશે. (મળેલું)



આ વર્ષે મેલબોર્ન (ઑસ્ટ્રેલિયા)માં રમાનારી 'ઑલિમ્પિક રમતો'ના સ્મરણમાં એ દેશમાં ગંજીપાનાં પત્તાં પણ નીકળ્યાં છે, જેની પાછળની બાજુઓ પર એ રમતોનો નિર્દેશ કરતાં વિવિધ ચિત્રો રજૂ થયાં છે. એવા ચાર પ્રકારો આ ઉપર શ્રી રાજેન્દ્ર ઇનામદારના સંગ્રહમાંથી આપ્યાં છે.

આ પત્ર મેળવનાર : શ્રી રમેશ એ. માળિયાવાળા, દીવાનપરા, રાજકોટ

પ્રિય રમેશ, ગૉસ્ફર્ડ, આસ્ટ્રેલિયા

તમે મારું નામ અને સરનામું જોઈ વિચારમાં પડી જશો, કારણ કે તમે જેને પત્ર લખ્યો હતો તે હું નથી. હકીકત એમ છે કે બાર્બારા કૅમ્પ મારી બહેનપણી છે, અને તેનું સરનામું પ્રગટ થયા પછી તેના ઉપર એટલા બધા પત્રો આવી પડ્યા કે તે બધા સાથે તેને પત્રવ્યવહાર કરવાનું મુશ્કેલ લાગ્યું. તેથી તેણે મને તમારું સરનામું આપેલું છે. હું માનું છું કે તેને બદલે હું પત્ર લખું છું તેમાં તમને કશો વાંધો નહિ હોય, કેમકે હું અને બાર્બારા લગભગ સરખી જ ઉંમરનાં છીએ અને અમારા શૉખ પણ સરખા છે. એકાદ વર્ષથી હું દરિયાપારના દોસ્તો સાથે પત્રવ્યવહાર કરું છું, જેમાંના ઘણાંખરાં મેં 'રોટેરિયન' પત્રમાંથી મેળવ્યાં છે. મારે ફિનલૅન્ડમાં એક, આઈસલૅન્ડમાં એક, ફિલિપ્પાઈન્સમાં એક અને ભારતમાં એક (તમારા સિવાય) પત્રમિત્રો છે.

મારી વય સત્તર વર્ષની છે, ૩૦મી ઑક્ટોબરે ('૫૪) હું અઢારની થઈશ. મારી ઊંચાઈ લગભગ ૫'-૪'' છે. વાળ આછા તપખીરિયા ને આંખો નીલી ભૂરી છે. તમારા નામનો અર્થ જાણવામાં મને ખૂબ રસ પડ્યો. મને શંકા છે કે મારા નામ–હેલન પૅટ્રિશિયા ફ્રુવૅાડલિગના અર્થ વિષે હું કંઈ કહી શકીશ નહિ, સિવાય કે હેલન એ ખૂબ જૂનું નામ છે ને તેનો અર્થ 'પ્રકાશ' થાય છે. ફ્રુવૅાડલિંગ વિષે મને ખાસ ખબર નથી, પરંતુ કોઇકે એક વખત કહેલું કે તે શબ્દ ફ્રેન્ચ ભાષામાંથી આવે છે (ફ્રુરદલીઓં), અને તેનો અર્થ 'શેરનું હૃદય' એવો થાય છે. અંગ્રેજરાજા શેરહૃદયી રિચાર્ડ સાથે અમારે કશો સંબંધ હોય તો હું તે જાણતી નથી.

મારા પિતા (એ રોટેરિયન છે) અહીં ન્યૂ સાઉથ વેલ્સની ગ્રામ-બૅંક શાખામાં હોદ્દો ધરાવે છે. મારાં માતા ઘરકામમાં જ પરોવાએલાં રહે છે. મારા મોટા ભાઈ બિલ વીસ વર્ષના છે અને સેન્ટેસફીલ્ડની ગ્રામ બૅંકમાં કામ કરે છે. એ શહેર ગૉસ્ફર્ડની ઉત્તરે ૪૦૦ માઈલ દૂર આવેલું છે. મારો નાનો ભાઇ કૅન દસ વર્ષનો છે અને હજી પ્રાથમિક શાળામાં છે. હું ગ્રંથપાલ થવા માટેની તૈયારી કરું છું અને પ્રાથમિક પરીક્ષા આપી દીધી હોવાથી અહીંના તાલુકા-પુસ્તકાલયમાં કામ કરું છું. મને એ ખૂબ ગમે છે. મને વાચનનો ખૂબ જ શૉખ છે. તમને પણ વાચનનો શૉખ છે ખરો? મારા બીજા અલ્લાહાબાદનિવાસી હિંદી પત્રમિત્રને કાવ્યોમાં ખૂબ જ રસ છે. તેમણે કોઇ ઑસ્ટ્રેલિયન કવિ વાંચ્યો હોયતેમ લાગતું નથી, મારો વિચાર તેમને અહીંનો એક કાવ્યગ્રંથ મોકલવાનો છે.

મારું શહેર ગૉસ્ફર્ડ ન્યૂ સાઉથ વેલ્સના મુખ્ય શહેર સિડનીથી ૫૦ માઈલ દૂર આવેલું રેલવે-સ્ટેશન છે. દક્ષિણમાં દૂર સુધી ફેલાએલા વિશાળ સરોવર જેવાં બ્રિસ્બેન વૉટરના ઉત્તર કિનારે તે આવેલું છે. રેલવે લાઈન સરોવરને કિનારેકિનારે દક્ષિણમાં દૂર સુધી જાય છે અને પછી એક ખૂબ મોટા બુગદામાંથી પસાર થઇને પાછી કિનારા ઉપર આવી જાય છે. પરંતુ હવે 'બ્રિસ્બેન વૉટર' તો પાછળ રહી ગયું છે; આ તો હૉક્સબરી નદીનો કિનારો છે. ગૉસ્ફર્ડથી સિડનીની રેલવે-મુસાફરી ખરેખર સુંદર છે. ત્રણ માસથી રોજ આ રસ્તે આવજા કરવા છતાં સૌંદર્યપાન કરતાં હું ધરાતી નથી. આ પ્રદેશ ખાટાં ફળો માટે ખૂબ જાણીતો હોવા ઉપરાંત ઉનાળામાં આવતાં હજારો પ્રવાસીઓનો માનીતો છે. અહીં સમુદ્ર અને પહાડોનાં ઘણાં સૌંદર્ય ધામો છે.

ગૉસ્ફર્ડમાં બે ખૂબ સરસ શાળાઓ છે: એક માધ્યમિક (૧,૦૦૦ વિદ્યાર્થીઓ) અને બીજી ખૂબ સરસ પ્રાથમિક શાળા (૧,૦૦૦ વિદ્યાર્થીઓ). પ્રાથમિક શાળા તો તદ્દન નવી જ છે—લગભગ ચારેક માસ પહેલાં જ બંધાએલી, અને એની રચના તથા સાધનસામગ્રી તદ્દન અદ્યતન છે. આવું સરસ મકાન હોવા માટે બાળકો ખૂબ ભાગ્યશાળી છે.

ગૉસ્ફર્ડ વેપારનું સારું કેન્દ્ર છે. ઉનાળામાં જ્યારે પ્રવાસીઓનો મેળો ભરાય છે ત્યારે વેપાર પૂરજોસમાં ચાલે છે.

ભારતની રેલવે-શતાબ્દી વિષેનું તમારું લખાણ મને ખૂબ ગમ્યું. એ માહિતી તમે સ્ટૅમ્પ કૅટલગમાંથી મેળવો છો? મને અદેખાઇ આવે છે–કેમકે હું જે ટિકિટ જોઉં એ બધી ખરીદવાની મને ઇચ્છા થાય છે!

તમારી વિશ્વબંધુત્વની ભાવના ખરેખર પ્રશંસનીય છે. આપણી આજની દુનિયામાં આંતરરાષ્ટ્રીય મૈત્રીને ફેલાવવામાં અને વેગ આપવામાં આપણે આપણાથી શક્ય તેટલું બધું કરી છૂટવું જોઇએ.

મને ખાતરી છે કે બાર્બારાને બદલે મેં પત્ર લખ્યો છે એ માટે તમને કશો વાંધો નહિ હોય. તમારો પત્ર મેળવવાની આશા રાખું છું.

ઘણી શુભેચ્છાઓ સહ, સહૃદયતાપૂર્વક તમારી હેલન ફ્રુવૅાડલિગ.

ડચ પત્રમિત્રો

(દરેક સરનામાને છેડે Netherland ઉમેરવું. વય: ૧૮ થી ૨૨)


(1) W. J. Harts, Parkweg 235, Voorburg Z-H, Economics, Geography; (2) Miss H. Sluyter, Bergsingel 204 A, Rotterdam, Social Sciences Concentrated on Latin America; (3) H. Konning, Plataanstraat 37, Haarlem (N), General Correspondence; (4) Wm. Conijn, Frederiklaan 33, Rijswijk (ZH), Geography, Biology; (5) J. L. Kattestaart, Noorddijkervig U 78, Ursem (NH), Literature, World Affairs; (6) G. C. van der Does, Vissersdijk 73, Gorinchem, Sports, General Correspondence; (7) O. Vander Veen, Crocusstraat 6, Wassenaar, Literature, Art, World Affairs; (8) Charles N. S., Reammarstraat 14, Schiedam, Technology, Mechanics.

(ઉલ્લેખ : A. J. Mehta, 153 Jain Society, Bombay-22)

હિંદી પત્રમિત્રો


(521) J. D. Damani-15, C/o D. B. Damani, Plot No. 143 B, Sion (West), Bombay-22, Stamps, Coins; (522) Valji Tokarshi Galia-22, 60/62 A, Parel Road, 1st Floor, Room No. 10, Bombay-12, Cricket, Swimming, Reading, Music; (523) Manmohan J. Mehta-19, Pannalal Terras, Grant Road, Bombay-7, Reading, Cane-work, Coins; (524) Shantikumar Motani-18, 15 F (149) Burrows Lane, Thakorduwar, Bombay-2, Photography, Sports, Music; (525) Amritkumar K. Patel-19, C/o Ishvarbhai & Co., Azad Street, Sports, Reading, Swimming, Photography; (526) Ishvarlal K. Shukla-22, C/o Vaghela Bros. Office, Near Court, Manavadar (Saur.), Reading, Writing, Literature, Teaching; (527) Chhotam M. Kovid-18, Add. as above, Nature, Poetry, Letter & Story Writing, Literature; (528) Khanmohmed Alimohmed Mamdani-20, Khojawad, Peer-Choke, Four Pipe, Jamnagar (Saur.), Stamps, View-Cards, General Reading, Travelling.







ઉપર: આજે લેનિનગ્રાડના કલાગારનું અમૂલ આભૂષણ ગણાતું રેમ્બ્રાનું જગવિખ્યાત ચિત્ર 'અબ્રાહમનું બલિદાન'. યહૂદીઓના આદિ પુરુષ અબ્રાહમને વૃદ્ધાવસ્થાએ દેવે કૃપા કરીને એક પુત્ર દીધો, જે અમુક વયે પહોંચતાં તેનું બલિદાન દેવાની શરત હતી. તદનુસાર અબ્રાહમ પોતાના પુત્રનો વધ કરવા જાય છે, એવામાં ઉપરથી દેવદૂત આવીને તેનો છરાવાળો હાથ પકડી તેને બચાવી લે છે. આ જ પ્રસંગનું રેમ્બ્રાંએ કરેલું એચિંગ પણ આ અંકમાં અન્યત્ર આપ્યું છે. જમણી બાજુ મથાળે: 'શરીરરચનાશાસ્ત્રનો પાઠ' નામનું રેમ્બ્રાંનું બીજું જાણીતું ચિત્ર (જેનું વર્ણન એના લેખ સાથે આપેલું છે). જમણી બાજુ નીચે: 'વૃદ્ધ જૅકબની પોતરાઓને આશિષ'. પિતામહ અને પૌત્રાની ઊર્મિઓને વ્યક્ત કરતું રેમ્બ્રાંનું એક ચિત્રરત્ન.



નગાધિરાજ હિમાલયનો રંગાલેખ

પરિચય માટે જુઓ પૃ. ૪૦૩



અર્ધનારી નટેશ્વર　　એલીફન્ટા ગુફામાંનું શિલ્પ　　ફોટો : ચન્દ્રકાન્ત ઝવેરી

મુંબાઈ પાસે ઘારાપુરીના ટાપુ ઉપર આવેલી એલીફન્ટાની ગુફામાંની વિખ્યાત 'ચતુર્મુખ મહાશિવ'ની મૂર્તિ જોઈ આવીને તેની પ્રશંસા કરનારના મોટા ભાગે તેની અડોઅડની જ પરસાળમાં આવેલા આ કલારત્નનો રસાસ્વાદ ભાગ્યે જ માણેલો જણાય છે. શિવના આ અર્ધનારીશ્વર સ્વરૂપને આ તરફ (દર્પણ ધરી રાખેલા હાથ તરફ) સન્મુખ ઊભા રહી જોતાં પાર્વતીનું મધુર સ્મિત અને નારીદેહનું લાવણ્ય મનને પ્રસન્ન કરે છે, જ્યારે નંદીવાળા પડખેથી જોતાં ધૂર્જટિનું ગંભીર વદન અને બલિષ્ઠ દેહછટા રોમાંચ કરાવે છે. વિવિધ ગણથી વીંટળાએલું, મનોહર ભંગિમાં નંદીને ટેકવીને ઊભેલા 'અર્ધનારીશ્વર'નું આ શિલ્પ, ચરમ સીમાએ પહોંચેલી ભારતીય મૂર્તિકલાનો નોંધપાત્ર નમૂનો છે.

આ માસ (ઑક્ટોબર) ઇતિહાસમાં

દિનવિશેષ

તા. ૨ 'મૉડર્ન' કલાસર્જકોના પિતામહ સમા ફ્રેન્ચ કલાકાર હ્યાંરી માતીસનું અવસાન, ૧૯૫૪.
તા. ૫ કલકત્તા, દક્ષિણ બંગાળ ને મદ્રાસ પ્રદેશોમાં ભયંકર વાવાઝોળથી ભારે ખુવારી, ૧૮૬૪.
તા. ૮ જનસામાન્યને ભારતીય ફિલસૂફી સમજાવનાર તત્ત્વજ્ઞ સ્વામી રામતીર્થનો જન્મ, ૧૮૭૩.
તા. ૧૦ દુનિયાભરના મહત્ત્વના જળમાર્ગ પનામાની નહેરનું બાંધકામ પૂરું થયું, ૧૯૧૩.
તા. ૨૧ અંગ્રેજોએ ગુજરાતમાં વેપાર કરવાને લગતા પહેલવહેલા કોલકરાર કર્યા, ૧૬૧૨.

વ્યક્તિવિશેષ: એમન દ વેલેરા

આ ઇરિશ પ્રજાસત્તાકના આ સ્વપ્નશિલ્પીનો જન્મ ન્યૂ યૉર્કમાં ઈ. ૧૮૮૨ની ૧૪મી



ઑક્ટોબરે સ્પૅનિશ પિતા અને આઇરિશ માતાને ત્યાં થયો હતો. બે વર્ષની નાની વયે નબાપો બનતાં તે મોસાળ આયર્લૅંડના શાર્લેવિલે ગામમાં ઊછર્યો, અને ડબ્લિનની રૉયલ યુનિવર્સિટીમાં ભણી ઈ. ૧૯૦૪માં ગણિત લઇને ગ્રૅજ્યુએટ બન્યો. ઈ. ૧૯૧૬ના ઈસ્ટર સપ્તાહમાં આયર્લૅંડના શિક્ષકોએ ઉપાડેલી સ્વદેશ-મુક્તિની ચળવળ (જેમાં ગણિત-શિક્ષક દ વેલેરા પણ હતો) નિષ્ફળ નીવડતાં ઈ. ૧૯૧૬ની ૩૦મી એપ્રિલે દ વેલેરાને જન્મકેદ મળી. ૧૯૧૭ની ૧૫મી જૂને સૌ રાજદ્વારી કેદીઓ સાથે મુક્ત થઈ તેણે 'સીનફીન' નામે રીપબ્લિકન પક્ષ ઊભો કર્યો, ને ડબ્લિનમાં સ્થપાએલી ડેલ (પાર્લમેન્ટ)નો પ્રમુખ ચૂંટાયો. ફરી તે કેદ પકડાયો, જ્યાંથી ઈ. ૧૯૧૯ની ૩જી ફેબ્રુઆરીએ ભાગી છૂટ્યો. ૧૯૧૯ના મે માસમાં અમેરિકા જઇ નાણાંની પુષ્કળ સહાય તેણે મેળવી. ૧૯૨૦ના ડિસેમ્બરમાં તે પાછો આવ્યો કે દક્ષિણના 'સીનફીન' ડેપ્યુટીઓની 'ડેલ આયરિયને' તેને પ્રમુખ ચૂંટ્યો, જેને રાષ્ટ્રીય સભાનું સ્વરૂપ આપી તેણે આઇરિશ સ્વતંત્રતાની જાહેરાત કરી. ફરી આંતરવિગ્રહ શરૂ થયો, પણ ૧૯૨૧માં સંધિ થઈ, સ્થાનિક સ્વરાજ મળ્યું, પણ અલ્સ્ટર પ્રાંત જુદો થયો.

દ વેલેરાએ એ સંધિ નામંજૂર કરી, જેને પરિણામે ફૂટ પડી. ૧૯૨૩ના ઑગસ્ટમાં તે ફરી કેદ પકડાયો અને ૧૯૨૪ના જુલાઇમાં છૂટો થઈ અલગતાવાદની નીતિ સાથે 'સીનફીન'ની નેતાગીરી ફરી આરંભી. પરંતુ ૧૯૨૭ના જૂનમાં કૉસગ્રેવની સરકારના દબાણકારી બિલને કારણે અલ્પસંખ્ય બનેલા ૪૩ સાથીઓ સાથે દ વેલેરાને બેઠક લેવી પડી. પણ તરત ઑગસ્ટમાં 'ફિયાના ફેલ' નામનો નવો પક્ષ ઊભો કરી તેણે તરુણોને પક્ષમાં લીધા. હવે તેના સાથીદારોની સંખ્યા ૫૭ની થઈ. ધીરેધીરે ડેલના વિરોધી તરીકે પરિબળ કેળવી ૧૯૩૨માં મજૂર પક્ષ સાથેની તડજોડથી બહુમતી મેળવી, કૉસગ્રેવને પદભ્રષ્ટ કરી તે આઇરિશ ફ્રી સ્ટેટનો પ્રમુખ થયો. એ જ વર્ષે લીગ ઑવ નેશન્સનો પણ તે પ્રમુખ ચૂંટાયો. હવે તેણે અલ્સ્ટર સિવાયના આયર્લૅંડને આયર(ખરો ઉચ્ચાર 'એરા')નું નવું નામ આપ્યું, તેનું નવું બંધારણ ઘડ્યું અને ૧૯૩૨થી '૪૮ સુધી તેનો વડો પ્રધાન રહ્યો.

ધર્મે કૅથલિક હોઈ તેનું જીવન ખૂબ સાદું, નિર્વ્યસની ને નિઃસ્પૃહ છે. આઇરિશ જનતાને પોતાના આ 'ડેવ' પર દેવ જેટલી શ્રદ્ધા છે.

પ્રસંગવિશેષ: હેસ્ટિંગ્સ હિંદનો પહેલો ગવર્નર જનરલ બન્યો. ૨૦ ઑક્ટો. ૧૭૭૪

ક્લાઇવે હિંદમાં સ્થાપેલી અંગ્રેજ સત્તાને સ્થિર કરવાની તેની મહત્ત્વાકાંક્ષાએ ઈસ્ટ ઇંડિયા કંપનીને આર્થિક દેવાદાર બનાવી મૂકી. આથી ચેતેલી બ્રિટિશ પાર્લામેન્ટે ઈ. ૧૭૭૩માં 'રેગ્યુલેટિંગ ઍક્ટ' દ્વારા કંપનીની સત્તા નાબૂદ કરી, અને ઈ. ૧૭૭૪ની ૨૦મી ઑક્ટોબરે હિંદના સર્વસત્તાધીશ ગવર્નર જનરલના હોદ્દા પર વૉરન હેસ્ટિંગ્સ આવ્યો. આ કાયદા દ્વારા સત્તાવાહકોને વેપાર કરવાની કે દેશી રાજા સામંતોની ભેટ સ્વીકારવાની મના ફરમાવાઈ. આમ, પોતાનું વ્યાપારનું લક્ષ્ય અદશ્ય પશ્ચાદ્ભૂમિમાં રાખી અંગ્રેજો હિંદના કાયદેસરના શાસક બન્યા.

લવીંગિયાની લૂમ



એક ઠીંગણો, દૂબળો, અને મોં ઉપરથી માખ ન ઊડે એવો માણસ રાત્રિ-પહેરાની નોકરી લેવા ગયો.

શેઠે તેને નખશિખ નીરખી લીધા પછી છાસિયું કરીને કહ્યું કે 'અમારે તો કોઈ તરવરાટવાળી અને ખાસ કરીને રાતને વખતે સચેત રહે તેવી વ્યક્તિની જરૂર છે, જે સતત કાન ચકોર રાખીને ચોમેર શંકાથી જોયા કરે, જે શરીરે અડીખમ, નીડર, હુમલાખોર અને ભયંકર હોય, ને સ્વભાવે ક્રોધી અને કિન્નાખોર હોય. ટૂંકામાં એવી વ્યક્તિ, કે લેશમાત્ર છંછેડાતાં શયતાન જેવી બની રહે.'

'તો તો—' પેલા માણસે જતાંજતાં કહ્યું 'હું મારી બૈરીને જ મોકલીશ.'

દવાવાળાની દુકાને જઈ એક છોકરાએ કહ્યું 'જરા પણ બદસ્વાદ ન લાગે એવો એરંડિયાનો ડોઝ તમે બનાવી આપો ખરા?'

દવાવાળાએ ગંભીરપણે કહ્યું 'ભલે; પણ તારે જરા બેસવું પડશે. એટલી વારમાં હું તને થોડું શરબત બનાવી આપું તે પી.' અને પછી તેણે બનાવી આપેલું શરબત છોકરો પી રહ્યો એટલે પેલાએ પૂછ્યું, 'કેમ તને કાંઈ સ્વાદ જણાયો?'

'ઓ બાપરે!' છોકરો બોલી ઊઠ્યો 'તે-તમે મને એરંડિયું પાઈ દીધું? મારે તો એ મારી મા માટે જોઇતું હતું!'

'બાપા, એક માણસ એક જ પત્ની રાખી શકે એવો કાયદો કેમ ઘડાયો હશે?'

'બેટા, જ્યારે તું મોટો થઇશ ત્યારે તને ખબર પડશે કે જેઓ પોતાનું રક્ષણ નથી કરી શકતા તેમના રક્ષણ માટે એ ઘડાયો છે.'

મંદાક્રાંતા

જીવે જે કો સ્વપન વિણ તે જિંદગી જિંદગી ના;
પ્રેરે કાર્યે નહિ, ન બલ દે સોણલાં સોણલાં ના.

—ગિરિન ઝવેરી


રાજા ફ્રેડરિક વિલિયમે એક વાર ખર્ચમાં કાપકૂપ કરવા મહેલના ચાકરોને મફત મળતું બળતણ બંધ કરાવ્યું. આ સાંભળી રાજાનો માનીતો અને હાસ્યરસિક વિદ્વાન ફ્રૅાન ગુન્ડલિંગ ખૂબ વીલું મોં કરી તેની પાસે ગયો. રાજાએ તેનું પડી ગએલું મોં જોઈ કારણ પૂછતાં તેણે કહ્યું : "શું કહું, મહારાજ? મારે ત્યાં કચરો વાળનારી બાઈએ તો મને આજ હેરાનહેરાન કરી મૂકયો. દાદરાના નીચલા પગથિયેથી વાળતી વાળતી ઉપર જાય, ને પગથિયાં પર કચરો પડયા જ કરે તે સાફ થાય જ નહિ. મેં એને ખૂબ ધમકાવી. તો કહે 'રાજા જેવા રાજા પણ રાજ્યનો ખર્ચ નીચેથી સાફ કરાવે છે, તો શું આપણે એમનાથી ઊંધાં ચાલવું?'"

અનેકાર્થી શબ્દ: કેદાર=એક જાતનો રાગ; ખાડો કે ક્યારો; ચોમાસુ પાક; જાતિસ્વભાવ; પર્વત; પાણીને રોકવા માટેની ચોમેર પાજવાળું ખેતર; વીડી; એક તીર્થક્ષેત્ર.


સમાનાર્થી વિવિધવાણીવિલાસ: 'મોઢે સાકર પેટમાં કાતર'–ગુજરાતી; मुख में राम बगल में छुरी–હિંદી; गोगलगाय पोटांत पाय (ગોકળગાય ને પેટમાં પગ)—મરાઠી; मधु तिष्ठति जिह्वाग्रे हृदये तु हलाहलम् (રહેતું મધ જિહ્વાગ્રે, હૃદયે તો હળાહળ)—સંસ્કૃત; God on his tongue, but devil in his heart (જીભ પર ભગવાન, પણ હૈયામાં શેતાન)–અંગ્રેજી. —રાજારામ પં. કાટદરે



પૃથ્વી ઉપર જીવતા દરેક દસ જીવમાં નવ તો જંતુઓ જ હોય છે; અને છતાં નવાઈની વાત એ છે કે માણસ એ બધાંની સામે ટકી રહે છે.



રંગની પીંછીઓ વાપર્યા પછી રખડતી મૂકવાથી કચરાવાળી થાય છે ને સુકાઇને નિરુપયોગી બની જાય છે. ચિત્રમાં બતાવ્યા પ્રમાણે તેમાં વેહ પાડી લિન્સીડ ઑઈલ ભરેલા ખાલી ડબામાં લટકાવી રાખી હોય તો કૂણી, સ્વચ્છ ને જ્યારે જોઇએ ત્યારે તૈયાર રહે છે.



અભ્યાસી ગૃહસ્થ કે વિદ્યાર્થી **સૌને** એકસરખું કામનું આ (૩ ફૂટ ૮ ઇંચ ઊંચું અને ૨ ફૂટ ૮ ઇંચ પહોળું) સુંદર ટેબલ અનેક સગવડોથી ભરેલું છતાં બહુ જ ઓછી જગ્યા રોકે તેવું અને દેખાવડું છે. એના ઉપરના ભાગનાં વિધવિધ નાનાંમોટાં ખાનાંઓમાં લેખનનાં પ્રકારપ્રકારનાં સાહિત્યો, ઉપયોગી કાગળો વગેરે ઘણું સમાવી શકાય, અને ન લખવું હોય ત્યારે વાસીને ચાવી દઈ શકાય; તેની નીચેની અભરાઈમાં ચાલુ વાચન તથા અધ્યયનના ગ્રંથો, છાપાં વગેરે રહે. અને નીચેનો કબાટ જેવો ભાગ એક માણસ પૂરતાં કપડાં અને ખાનગી ચીજો સહેલાઇથી સમાવી શકે; વળી બે પડખાંનાં બુકકેસની અભરાઇઓમાં પોતાનાં મનગમતાં બધાં પુસ્તકો સમાવી શકાય. કોઈ પણ હોશિયાર કારીગર આ નમૂના પરથી કરી શકે.

અન્યાયને રસ્તે મળતા લાભ કરતાં ન્યાયને રસ્તે મળતો ગેરલાભ સારો; કારણ કે તેને લીધે અમુક વખત પૂરતું દુઃખ ભોગવવું પડે છે, જ્યારે આને લીધે તો હમેશનું.

મચ્છરોને ભરાઇ રહેવાનાં ખૂણા-ખાચિયાં વગેરે ઠેકાણે કેરોસીનમાં સાબુ મેળવીને વખતોવખત છાંટતા રહેવાથી તે નાશ પામશે.

સાંજના છ તથા સવારના સાત વાગ્યે મૃત્યુનું પ્રમાણ ઓછું, અને બપોરે તથા મધરાતના સમયે વધારે હોય છે.

૧૪ થી ૧૬ વર્ષ દરમ્યાન વ્યક્તિની ઊંચાઈ ૮ ઇંચ વધે છે.

જાણો છો? ◖ પૃથ્વીની સપાટી પર સૌથી વધુ ભૂકંપ જાપાનમાં થાય છે. દર છઠ્ઠે દિવસે ત્યાં એકાદો ભૂકંપ તો થયો હોય જ. ◖ જગતની વિશાળ જલસમૃદ્ધિમાંથી માત્ર ૧ ટકાનો જ ઉપયોગ તેની ૨·૫ અબજ વસતિ માટે અનાજ તૈયાર કરવામાં થાય છે.

ફોટોગ્રાફર : આપના ચહેરાને પૂરો ન્યાય આપવા હું બધો પ્રયત્ન કરીશ.

ગ્રાહક : પણ મારે ન્યાય નથી જોઇતો. મારે તો દયા જોઇએ છે.



કલાશિલ્પ : ભૂમધ્ય સમુદ્રમાં આવેલા ક્રીટ ટાપુમાંથી મળી આવેલું આજથી ૩૫૦૦ વર્ષ પહેલાંનું આ સુશોભિત પાત્ર તે કાળની પ્રજાની સંસ્કૃતિની ઉચ્ચ કક્ષા દર્શાવે છે.





પેપર સ્ટેન્સિલ
રંગોળી પૂરવાનાં કાગળનાં ચોઠાં
કાપવાની કળા
આને લગતી વિગતવાર નોંધ
આ અંકમાં અન્યત્ર આપી છે.